દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 94 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ચૈત્ર સુદ - ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 20 April 2024, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૨૦ એપ્રિલ ૨૦૨૪ (૧૪ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ વીકએન્ડ પૂર્તિ ૬ ૭ ૮ ૯ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# પ્રથમ તબક્કામાં સરેરાશ ૬૦ ટકા મતદાન

## નાગાલૅન્ડ

### ‘ઝીરો વૉટિંગ’

### છ જિલ્લામાં કોઇ મતદાન કરવા ન આવ્યું

કોહિમા: નાગાલૅન્ડના છ જિલ્લામાં ચૂંટણી કર્મચારીઓ મતદાન કેન્દ્રો પર મતદાર આવવાની નવ કલાક સુધી રાહ જોઇને બેઠા રહ્યા હતા, પરંતુ આ વિસ્તારના અંદાજે ચાર લાખ મતદારમાંથી કોઇ મતદાર મત આપવા નહોતું આવ્યું.

નાગાલૅન્ડના આ છ જિલ્લામાં વિધાનસભાની ૨૦ બેઠક છે અને તેના ૨૦ વિધાનસભ્ય પણ મતદાન કરવા નહોતા ગયા.

ઇસ્ટર્ન નાગાલૅન્ડ પીપલ્સ ઓર્ગેનાઇઝેશને ‘ફ્રન્ટિયર નાગાલૅન્ડ ટેરિટરી’ માટેની માગને લઇને બંધની

(જુઓ પાનું ૨) ▸▸

## મતદાન કરનારા મહાનુભાવો


નવી દિલ્હી: દેશના ૨૧ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં શુક્રવારે લોકસભાની ૧૦૨ બેઠક માટે સરેરાશ ૬૦ ટકા મતદાન થયું હતું. સૌથી વધુ મતદાન પશ્ચિમ બંગાળમાં સરેરાશ ૭૮ ટકા થયું હતું, જ્યારે સૌથી ઓછું મતદાન બિહારમાં એકંદર ૪૭ ટકા થયું હતું. મતદાન દરમિયાન છૂટી છવાઇ હિંસાની ઘટનાને બાદ કરતા કોઇ મોટો અનિચ્છનીય બનાવ નહોતો બન્યો.

પુડુચેરીમાં ૭૩ ટકા, ત્રિપુરામાં ૭૨ ટકા, આસામમાં ૭૧ ટકા, મેઘાલયમાં ૭૦ ટકા અને મણિપુરમાં ૬૮ ટકા એકંદર મતદાન થયું હતું.

ઉનાળાની કાળઝાળ ગરમીને અવગણીને ઘણી જગ્યાએ મતદારો મોટી સંખ્યામાં મતદાન કરવા ગયા હતા.

આંદામાન નિકોબારમાં ૫૭ ટકા, અરુણાચલ પ્રદેશમાં ૬૪ ટકા, છત્તીસગઢમાં ૬૪ ટકા, જમ્મુ અને કાશ્મીરમાં ૬૬ ટકા, લક્ષદ્વીપમાં ૬૦ ટકા, મધ્ય પ્રદેશમાં ૬૪ ટકા, મહારાષ્ટ્રમાં ૫૫ ટકા, મણિપુરમાં ૬૮ ટકા, મિઝોરમમાં ૫૩ ટકા, નાગાલૅન્ડમાં ૫૬ ટકા, રાજસ્થાનમાં ૫૧ ટકા, તમિળનાડુમાં ૬૩ ટકા, ઉત્તરાખંડમાં ૫૮ ટકા અને ઉત્તર પ્રદેશમાં ૫૪ ટકા મતદાન થયું હતું.


(જુઓ પાનું ૨) ▸▸


મોહન ભાગવત


કિરણ રીજીજુ


એમ. કે સ્ટાલિન


કમલનાથ


અર્જુનરામ મેઘવાલ


કોનરાડ સંગમા



મુખ્તાર અબ્બાસ નકવી


માણીક શાહ


રજનીકાંત


કમલ હસન


કાર્તિક


બાબા રામદેવ


પુષ્કરસિંહ ધામી


ભજનલાલ શર્મા


બિપ્લવકુમાર દેબ


રંગાસ્વામી

## આસામ

### ૧૫૦ ખરાબ ઈવીએમ બદલવામાં આવ્યા

ગુવાહાટી: આસામમાં પાંચ બેઠક પર લોકસભાની ચૂંટણી ચાલી રહી હોવા વચ્ચે શુક્રવારે ૧૫૦ ખરાબ ઈવીએમ સૅટ બદલવામાં આવ્યાં હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

આ ઉપરાંત અન્ય ખામીઓને કારણે જુદાં જુદાં ઈવીએમના વીવીપીએટી અને બૅલટ યુનિટ સહિત ૪૦૦ કરતાં પણ વધુ કમ્પોનન્ટ પણ બદલવામાં આવ્યા હતા.

ચૂંટણી વિભાગના અધિકારીએ પત્રકારોને આપેલી મુલાકાતમાં જણાવ્યું હતું કે વાસ્તવિક મતદાનની ૯૦ મિનિટ અગાઉ હાથ ધરવામાં આવેલા મૉક પૉલિંગ દરમિયાન મોટાભાગની ખામીઓ ધ્યાન પર આવી હતી અને તે (જુઓ પાનું ૨) ▸▸

## ડોડા

### મહિલાઓને પિન્ક બૂથનું આકર્ષણ

ડોડા / જમ્મુ : ઉધમપુર લોકસભા મતદારક્ષેત્રના ડોડા જિલ્લામાં જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા મધ્યે બધા જ મહિલા કર્મચારીઓ ધરાવતા પિંક બૂથમાં ‘નારીશક્તિ’નું પ્રદર્શન જોવા મળ્યું હતું. પિંક બૂથ મહિલા મતદારો અને ખાસ કરીને મુસ્લિમ કોમની મહિલાને મત આપવા આકર્ષિત કરી હતી. ચૂંટણીના અધિકારીના જણાવ્યા પ્રમાણે મુશળધાર વરસાદ છતાં જમ્મુ અને કાશ્મીરમાં લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં ઉધમપુર બેઠક પર પ્રથમ ચાર કલાકમાં ૨૨ ટકા મતદાન થયું હતું. જેવું મતદાન શરૂ થયું કે ડોડાની ગવર્નમેન્ટ (જુઓ પાનું ૨) ▸▸

## મણિપુર

### હિંસા : ચાર ઈવીએમને નુકસાન કરાયું

ઈમ્ફાલ : અશાંત મણિપુરમાં શુક્રવારે લોકસભાના પ્રથમ તબક્કાના મતદાન દરમિયાન વિવિધ મતદારમથકોમાં ઓછામાં ઓછા ચાર ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ)ને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું, એવી માહિતી સૂત્રોએ આપી હતી. સૂત્રોએ વધુમાં કહ્યું હતું કે ઈમ્ફાલ ઈસ્ટ અને વેસ્ટમાં ચાર સ્થળોમાં ઈવીએમને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. એક પોલિંગ બૂથમાં વણઓળખાયેલા તોફાનીઓએ ઈવીએમને આગ ચાંપી હતી. વાંશિક હિંસાના ઓછાયા હેઠળ મણિપુરમાં શુક્રવારે બે મતદારક્ષેત્ર ઈનર અને આઉટર મણિપુરમાં આજે મતદાન થયું હતું. આઉટર મણિપુર મતદારક્ષેત્રના અમુક વિસ્તારોમાં ચૂંટણી બીજા તબક્કામાં ૨૬ એપ્રિલે થશે. સૂત્રોના જણાવ્યા (જુઓ પાનું ૨) ▸▸

## ઉધમપુર

### નવપરિણીત યુગલ મતદાન કરવા પહોંચ્યું

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : ઉધમપુર લોકસભા બેઠક પર બપોરે ત્રણ વાગ્યે ૫૭.૦૯ ટકા મતદાન થયું. ત્રણ વાગ્યા સુધી સોળ લાખ મતદાતાઓએ મતદાન કર્યું હતું. અલબત્ત આ મતદારક્ષેત્રમાં ઘણાં નઝરાણાં જોવા મળ્યાં હતાં. ક્યાંક સૌથી પહેલાં મતદાન કરવા નવવિવાહિત દંપતી લાઈનમાં ઊભું હતું, ક્યાંક આગલી રાત્રે લગ્નના બંધનમાં બંધાયેલા દંપતી તો ક્યાંક આજે જ મેરેજ કરનારા દંપતી મતદાન કરવા આવ્યાં હતાં. નવોદિત મતદાતાઓએ પણ મતદાન કરવામાં રસ દાખવ્યો હતો. સૌથી વધારે મતદાન એટલે કે ૬૨.૦૩ ટકા જિલ્લા કથુઆની જસરોટી વિસ સીટ પર નોંધાયું હતું.

પહેલી વાર મતદાન કરી રહેલા યુવાનોમાં ગજબનો ઉત્સાહ જોવા મળ્યો (જુઓ પાનું ૨) ▸▸

## ઈટાનગર

### માત્ર એક મહિલાએ મતદાન કરતાં ૧૦૦ ટકા મતદાન નોંધાયું

ઈટાનગર: અરુણાચલ પ્રદેશના અન્જાવ જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં શુક્રવારે માત્ર એક જ મહિલાએ મતદાન કરતાં ૧૦૦ ટકા મતદાન નોંધાયું હતું. ૪૪ વર્ષની સોલેકા તયાન્ગે શુક્રવારે બપોરે લગભગ એક વાગ્યે મતદાન કર્યું હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. માત્ર એક જ મહિલા તેનાં મતદાનના અધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ચૂંટણી અધિકારીઓની ટુકડીએ ૪૦ કિ.મી. પગપાળા પ્રવાસ કરી મતદાન મથક ઊભું કર્યું હતું. મહિલાએ મતદાન કરવાના અધિકારનો ઉપયોગ કરવા દેવા બદલ ચૂંટણી અધિકારીઓનો આભાર માન્યો હતો. (એજન્સી) ■

## અમેરિકાએ ૫૦ જેટલા હૈતીયનોને કર્યા દેશનિકાલ

મિયામી: અમેરિકન સરકારે ગુરુવારે લગભગ ૫૦ હૈતીયનોને તેમના દેશમાં પાછા મોકલ્યા હોવાનું સત્તાવાળાઓએ જણાવ્યું હતું. વધતી ગૅંગ હિંસા સાથે સંઘર્ષ કરી રહેલા કેરેબિયન રાષ્ટ્રમાં કેટલાક મહિનાઓમાં પ્રથમ દેશનિકાલ ફ્લાઇટ છે. હોમલેન્ડ સિક્યુરિટી ડિપાર્ટમેન્ટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તે સમગ્ર ફ્લોરિડા સ્ટ્રેટ્સ અને કેરેબિયન પ્રદેશ તેમ જ દક્ષિણ-પશ્ચિમ સરહદ પર યુએસ કાયદા અને નીતિનો અમલ કરવાનું ચાલુ રાખશે. યુ.એસ.ની નીતિ એવા બિન-નાગરિકોને પરત કરવાની છે જેઓ યુનાઇટેડ સ્ટેટ્સમાં રહેવા માટે કાનૂની આધાર સ્થાપિત કરતા નથી. સત્તાવાળાઓએ ફ્લાઇટની વિગતો આપી ન હતી કે કેટલા દેશનિકાલ કરાયેલા હૈતીયનો વિમાનમાં સવાર હતા. ફ્લાઇટ ડેટાને ટ્રૅક કરનારા વકીલ જૂથના થોમસ કાર્ટરાઇટ ઑફ વિટનેસ એટ બોર્ડરે જણાવ્યું હતું કે એક વિમાન એલેક્ઝાન્ડ્રિયા, લ્યુઇસિયાના, દેશનિકાલ કામગીરી માટેનું કેન્દ્ર હતું.■

## સુપ્રીમે રામદેવને એલોપથી પર ટિપ્પણી મામલે ફોજદારી તપાસ પર સ્ટે મૂકવાની તેની અરજીમાં ફરિયાદીઓને દાખલ કરવા કહ્યું

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટે શુક્રવારે યોગ ગુરુ રામદેવને કોવિડ રોગચાળા દરમિયાન એલોપથિક દવાઓના ઉપયોગ સામેની તેમની કથિત ટિપ્પણી અંગે તેમના વિરુદ્ધ કેસ કરનારા ફરિયાદીઓને ફોજદારી કાર્યવાહી પર સ્ટે મૂકવાની તેની અરજીમાં પક્ષકાર તરીકે દાખલ કરવા જણાવ્યું હતું.

ઇન્ડિયન મેડિકલ એસોસિએશન(આઇએમએ)ના પટના અને રાયપુર પ્રકરણોએ ૨૦૨૧માં ફરિયાદો નોંધાવી હતી. જેમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે રામદેવની ટિપ્પણી કોવિડ નિયંત્રણ પદ્ધતિ માટે પૂર્વગ્રહનું કારણ બની શકે છે અને લોકોને યોગ્ય સારવાર મેળવવાથી દૂર કરી શકે છે. ન્યાયમૂર્તિ એમએમ સુંદરેશ અને પીબી વરાલેની ખંડપીઠે રામદેવની ફોજદારી કાર્યવાહી પર સ્ટે માગતી અરજીની સુનાવણી કરી હતી. તેણે કહ્યું કે આ મામલે રાહત મેળવવા માટે તેમણે ફરિયાદીઓને આગ્રહ કરવાની જરૂર છે.

ખંડપીઠે રામદેવને ફરિયાદીઓને કેસમાં દાખલ કરવાની સ્વતંત્રતા આપી હતી અને ૨૦મેથી શરૂ થતી સર્વોચ્ચ અદાલતની ઉનાળાની રજાઓ પછી સુનાવણી માટે મામલો મૂક્યો હતો. બિહાર સરકાર તરફથી હાજર રહેલા વકીલે કહ્યું કે તેમને આ મામલે જવાબ દાખલ કરવા માટે સમયની જરૂર છે. પોતાની અરજીમાં રામદેવે કેન્દ્ર, બિહાર, છત્તીસગઢ અને આઇએમએના પક્ષકારો તરીકે ગણાવ્યા છે. સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે ૯ ઓક્ટોબરે તેમને નોટિસ ફટકારી હતી. વચગાળાની રાહત માટે રામદેવે ફોજદારી ફરિયાદોની તપાસ પર સ્ટે માગ્યો છે. રોગચાળા દરમિયાન એલોપથિક દવાઓના ઉપયોગ સામે રામદેવની ટિપ્પણી અંગે આઇએમએએ બિહાર અને છત્તીસગઢમાં ફરિયાદો નોંધાવી છે. ■

## ઈરાનના લશ્કરી મથકની નજીક મોટા ધડાકા

### અણુકાર્યક્રમ સામે જોખમની ભીતિ

દુબઈ: ઇરાનના શહેર ઇસફાહનની નજીક શુક્રવારે સવારે મોટા ધડાકા સંભળાયા હતા. આ શહેરમાં ઇરાનના લશ્કરનું મોટું મથક અને અણુકાર્યક્રમનું કેન્દ્ર છે.

ઇરાનના મુલકી ઉડ્ડયન વિભાગના પ્રવક્તા હુસેન દાલીરિયને દાવો કર્યો હતો કે દેશની ઍર ડિફેન્સ સિસ્ટમે અનેક ડ્રોન તોડી પાડ્યાં હતાં.

ઇરાનની ઍર ડિફેન્સ બેટરીઝ શુક્રવારે ધણધણી ઊઠી હતી. ડ્રોન દ્વારા ઇરાનના આ શહેર પર હુમલા કરાયા હોવાનું અને તેના જવાબમાં ઇરાને ઍર ડિફેન્સ બેટરીઝ કાર્યરત કરી હોવાનું મનાય છે. દુબઈની (જુઓ પાનું ૨) ▸▸

## આટા માટે તરસી રહ્યા છે આતંકના સપ્લાયર: વડા પ્રધાન મોદી

દમોહ (મપ્ર): પાકિસ્તાનનું નામ લીધા વગર તેના પર કટાક્ષ કરતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે કહ્યું હતું કે જે દેશ આતંકનો સપ્લાયર હતો તે આજે આટા માટે તરસી રહ્યો છે.

મધ્ય પ્રદેશના દમોહમાં એક ચૂંટણી રેલીને સંબોધતાં તેમણે કહ્યું હતું કે એક સમયે જે ભારત મોટા ભાગનાં શસ્ત્રો વિદેશથી આયાત કરતો હતો તે આજની તારીખે અન્ય દેશોને હાઈ-ટેક શસ્ત્રોની નિકાસ કરી રહ્યો છે અને તેમણે આને માટે ફિલિપાઈન્સને બ્રહ્મોસ સુપર સોનિક ક્રૂઝ મિસાઈલ વેચવાનો ઉલ્લેખ કર્યો હતો.

દુનિયામાં પ્રવર્તમાન સ્થિતિનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે કેન્દ્રમાં સ્થિર અને મજબૂત સરકારની આવશ્યકતા છે.

શુક્રવારે જ્યારે દેશમાં ૧૦૦થી વધુ બેઠકો પર મતદાન થઈ રહ્યું હતું ત્યારે મધ્ય પ્રદેશમાં ચૂંટણી રેલીને સંબોધતાં તેમમે કહ્યું હતું કે દુનિયામાં એવા અનેક દેશ છે, જેમની સ્થિતિ બગડી છે. અનેક દેશો દેવાળું ફૂંકવાની આરે પહોંચી ગયા છે. આપણો એક પડોશી જે આતંકનો સપ્લાયર હતો તે આજની તારીખે આટાનો પુરવઠો મેળવવા માટે તરસી રહ્યો છે, એમ મોદીએ પાકિસ્તાનનું નામ લીધા વગર તેમની ટીકા કરતાં કહ્યું હતું.

વડા પ્રધાને ભારપૂર્વક કહ્યું હતું કે તેમની સરકાર ‘રાષ્ટ્ર પ્રથમ’ના સિદ્ધાંત પર કામ કરી રહી છે. આ સરકાર કોઈપણ પ્રકારના દબાણ હેઠળ આવતી નથી કે કોઈની સામે ઘૂંટણિયે પડતી નથી.

ફેબ્રુઆરી-૨૦૨૨માં યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધને પગલે આંતરરાષ્ટ્રીય દબાણ હતું એવા સમયે રશિયા પાસેથી ઓઈલની ખરીદી કરવા માટેના નિર્ણયનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે દેશના લોકોને સસ્તું પેટ્રોલ મળે અને ખેડૂતોને પૂરતા ખાતર

(જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાતમાં ગરમીમાં આંશિક ઘટાડો: તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેર સહિત ગુજરાતમાં ગરમીનો પ્રકોપ આંશિક રીતે ઘટ્યો હતો, સરેરાશ તાપામાનમાં એક થી બે ડિગ્રીનો ઘટાડો થયો હતો. શુક્રવારે ૧૦ શહેરમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર નોંધાયો હતો. રાજ્યમાં અમરેલી શહેર સૌથી વધુ મહત્તમ તાપમાન ૪૨.૨ ડિગ્રી રહ્યું હતું. હવામાન વિભાગ દ્વારા પોરબંદર અને જૂનાગઢ જિલ્લામાં હિટવેવની આગાહી કરવામાં આવી છે. બીજીતરફ રાજ્યમાં સંભિવત હિટવેવની અસરને પગલે રાજ્ય સરકાર પણ એક્શનમાં આવી છે. આગોતરા આયોજન માટે મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં હિટવેવની સ્થિતિને પહોંચી વળવા એક્શન પ્લાન તૈયાર કરાયો છે.

અમદાવાદ સહિત રાજ્યના ૧૦ શહેરમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર નોંધાયો હતો. શુક્રવારે અમરેલી બાદ સુરેન્દ્રનગરમાં ૪૨, રાજકોટમાં ૪૧.૫, કેશોદ-ભાવનગર અને મહુવામાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીને પાર રહ્યું હતું. મધ્ય અને ઉત્તર ગુજરાતના વલ્લભવિદ્યાનગર, વડોદરામાં મહત્તમ તાપમાન ૪૧.૪ ડિગ્રી, ડીસા, ગાંધીનગરમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર થયો હતો. બીજી તરફ રાજ્યમાં સંભિવત હિટવેવની અસરને લઈને પગલે મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. જિલ્લા વિકાસ અધિકારી અને તમામ જિલ્લા પંચાયતના તાબા હેઠળની તમામ ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતોમાં મુલાકાત લેતાં અરજદારો, લાભાર્થીઓ અને જાહેર જનતા માટે છાંયડામાં બેઠક વ્યવસ્થાની સુવિધા ઉપલબ્ધ કરવા જણાવ્યું હતું. આ સાથે જ શક્ય બને ત્યા સુધી બપોરના સમયે ઘરની બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી હતી. ખાસ બાળકો, વૃદ્ધો અને સગર્ભાઓને તકેદારી રાખવા સૂચના અપાઈ હતી. ■

## ક્ષત્રિય સમાજનો હવે ભાજપ સામે મોરચો

### તમામ બેઠકો પર વિરોધ કરવાનું એલાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ બેઠક પરથી ચૂંટણી લડી રહેલા ભાજપના નેતા પરષોત્તમ રૂપાલાના નિવેદનથી નારાજ થયેલા ક્ષત્રિય સમાજે રૂપાલાને હજુ સુધી રાજકોટમાંથી હટાવવામાં ન આવતા આખરે હવે ક્ષત્રિય સમાજે ભાજપ સામે જ રાજ્યભરમાં વિરોધ કરવાની સાથે ભાજપના ઉમેદવારને મત નહીં આપવાની જાહેરાત કરીને આંદોલન પાર્ટસ ટુ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

અમદાવાદના ગોતા વિસ્તારમાં આવેલા રાજપુત ભવન ખાતે યોજાયેલી ક્ષત્રિય સમાજની સંકલની સમિતિની બેઠકમાં ભાજપ સામે જ હવે મોરચો ખોલવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

ક્ષત્રિય સમાજની માગણી મુજબ રૂપાલાની ઉમેદવારી રદ્દ ન થતા હવે રાજકોટ લોકસભા બેઠક જ નહીં, પરંતુ ગુજરાતની તમામ ૨૬ લોકસભાની બેઠક પર ભાજપનો વિરોધ કરવામાં આવશે. રાજપૂત સમાજ હવે આરપારની લડાઈ લડવા તૈયાર થઈ ગયો છે. ક્ષત્રિય સમાજ દ્વારા જિલ્લા લેવલે અને તાલુકા લેવલે વિરોધના કાર્યક્રમો આપવાની રણનીતિ નક્કી કરવામાં આવી છે.

આ અંગે રાજપૂત સમાજ સંકલન સમિતિના પ્રવક્તા કરણસિંહ ચાવડાએ જણાવ્યું હતુ કે, રાજપૂત સમાજની ૫૫૦ સંસ્થાઓની બેઠક મળશે. અમે જિલ્લા કક્ષા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ શું કરવું તેની રણનીતિ ઘડીશું. હવે ભાજપનો ૨૬ બેઠક પર વિરોધ થશે, તેવો તમામ આગેવાનોનો મત છે. રાજકોટમાં પહેલાં સમાજની ૨૦૦ મહિલાઓ ફોર્મ ભરવાની હતી, તે નહીં ભરવા પાછળ રણનીતિ સ્પષ્ટ છે કે, બેલેટથી ચૂંટણી કરી અમે ખોટા ખર્ચા અને રૂપાલાને ફાયદો થાય તે મતમાં નથી, તેનીથી અલગ રૂપાલા સામે જે ઉમેદવાર છે, તેને ફાયદો થવો જોઈએ. હવે ગુજરાતની ૨૬ બેઠકો પર ભાજપનો વિરોધ કરીશું. અમારી માગ રૂપાલાને દૂર કરવાની હતી, તે દૂર નહિ કરીને તેનાથી એ વાત સ્પષ્ટ છે કે, રૂપાલા ભાજપના કોઈ એવા રાઝ જાણતા હશે, એટલે હવે અમારો સીધો વિરોધ ભાજપ સામે છે. તેનાથી જે કોઈ પણ ઉમેદવારને ફાયદો થાય તો થાય. ■

LIKE & FOLLOW: f /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ગુજરાતમાં ભાજપે ક્ષત્રિયોને કેમ ગણકાર્યા જ નહીં ?

ગુજરાતમાં ક્ષત્રિયોએ ભાજપને આપેલા અલ્ટિમેટમની મુદત પૂરી થઈ ગઈ ને ભાજપ આ અલ્ટિમેટમને ઘરાર ઘોળીને પી ગયો પછી હવે ક્ષત્રિય સમાજ શું કરશે એ સવાલ પુછાઈ રહ્યો છે. રાજકોટના રતનપરમાં મળેલા ક્ષત્રિય મહાસંમેલનમાં ક્ષત્રિય આગેવાનોએ ભાજપને પરસોત્તમ રૂપાલાની રાજકોટ લોકસભા બેઠક પરથી ટિકિટ રદ કરવા ૧૯ એપ્રિલની સાંજ સુધીનું અલ્ટિમેટમ આપ્યું હતું. સાથે સાથે રૂપાલાને નહીં બદલાય તો લોકસભાની ચૂંટણીમાં ગુજરાતમાં ભાજપના તમામ ૨૬ લોકસભા બેઠકોની વિરૂદ્ધ મતદાન કરવાની ધમકી પણ ક્ષત્રિય સમાજે આપી હતી.

ભાજપે ક્ષત્રિય સમાજની ધમકીને એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખી. બલ્કે એ હદે ક્ષત્રિય સમાજની ઉપેક્ષા કરી કે, ક્ષત્રિય સમાજનું અલ્ટિમેટમ પતે તેની રાહ જોવાની તસદી પણ ના લીધી. ક્ષત્રિય સમાજે આપેલા અલ્ટિમેટમના એક દિવસ પહેલાં જ રૂપાલા પાસે રાજકોટમાંથી ફોર્મ ભરાવીને ક્ષત્રિય સમાજને સાફ શબ્દોમાં કહી પણ દીધું કે, તમારાથી થાય એ કરી લો ને ઉખાડવું હોય એ ઉખાડી લો પણ અમે તો રૂપાલાને ચાલુ રાખવાના જ. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે તો ક્ષત્રિય સમાજ કંઈ ગણતરીમાં જ ના હોય ને તેના અલ્ટિમેટમને કારણે કોઈ ફરક જ ના પડતો હોય એ રીતે કહી દીધું કે, ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં જીત્યા હતા તેના કરતાં વધારે લીડથી રૂપાલા જીતવાના છે.

ભાજપના આ વલણ પછી ક્ષત્રિય સમાજ પાસે બે જ વિકલ્પ બચે છે. કાં કશું બોલ્યા વિના ચૂપચાપ બેસી જવું કાં આરપારની લડાઈ લડી નાખવી. ક્ષત્રિય સમાજે ભાજપ સામે જે હોંકારાપડકારા કર્યા છે એ જોતાં ચપૂચાપ ઘરે બેસીને જોઈ રહેવાનું પરવડે એમ નથી કેમ કે તેના કારણ હાંસીને પાત્ર ઠરાય. આ સંજોગોમાં ખરેખર તો હવે લડી લેવાનો જ વિકલ્પ બચે છે. આ વિકલ્પ અજમાવીને પણ કશા કાંદા કાઢવાના નથી એ ક્ષત્રિય સમાજના આગેવાનો પણ જાણતા જ હશે પણ હવે વટને ખાતર પણ લડવું પડે એમ છે.

આ લડાઈમાં આખા ગુજરાતમાં ક્ષત્રિય સમાજ ભાજપનું કશું બગાડી શકે તેમ નથી. તેનું કારણ એ કે, ક્ષત્રિયો પાસે એવી મોટી મતબેંક જ નથી. ગુજરાતની વસતીની રીતે સૌથી મોટી પાંચ મતબેંકમાં પણ ક્ષત્રિયો આવતા નથી. ગુજરાતમાં ૭ કરોડથી વધુ વસ્તી છે અને તેમાં ક્ષત્રિય સમાજની વસતી ૩૫ લાખની આસપાસ છે. ગુજરાતમાં ભાજપના કાર્યકરોની સંખ્યા ૧ કરોડથી વધારે છે એ જોતાં ૩૫ લાખની વસતી ધરાવતો સમાજ ભાજપને હરાવી શકે એવી વાત કરવી જ હાસ્યાસ્પદ છે.

બીજું એ કે, ક્ષત્રિયોની વસતી ગમે તેટલી હોય પણ તેમનો રાજકીય પ્રભાવ બહુ નથી. ગુજરાતમાં પાટીદારોની વસતી બહુ વધારે નથી પણ તેમનો રાજકીય પ્રભાવ જોરદાર છે. ગુજરાતની વસતીમાં પાટીદારોનું પ્રમાણ ૧૬ ટકાની આસપાસ છે પણ વિધાનસભામાં ને લોકસભા બંનેમાં તેમના પચીસ ટકા કરતાં વધારે ધારાસભ્યો ને સાંસદ ચૂંટાય છે. તેનું કારણ એ છે કે, પાટીદારો સવર્ણ સમાજના સર્વસંમત આગેવાન તરીકે ઊભર્યા છે.

ગુજરાતમાં સવર્ણોમાં પાટીદારો અને ક્ષત્રિયો બે મુખ્ય સમાજ છે પણ બ્રાહ્મણ, વાણિયા, લોહાણા, સોની સહિતના સવર્ણો પાટીદારો સાથે રહે છે, ક્ષત્રિયો સાથે નથી રહેતા. બીજી સવર્ણ જ્ઞાતિઓમાંથી બહુમતી પાટીદારોની છત્રછાયામાં રહેવાનું પસંદ કરે છે પણ ક્ષત્રિય સમાજની સાથે રહેવાનું પસંદ નથી કરતી. તેના કારણે ગુજરાતમાં પાટીદારોના મોટા નેતા પેદા થયા એવા મોટા ક્ષત્રિય નેતા પેદા ના થયા. શંકરસિંહ વાઘેલા જેવા અપવાદને બાદ કરતાં ક્ષત્રિય સમાજે એવો કોઈ નેતા જ નથી આપ્યો કે જે તમામ સમાજને માન્ય હોય. જેની વાત તમામ સમાજના લોકો સ્વીકારતા હોય. આ વાસ્તવિકતા છે ને ભાજપ આ વાસ્તવિકતાને સારી રીતે જાણે છે તેથી ક્ષત્રિય સમાજને ગણકારતો નથી.

ક્ષત્રિય સમાજ આ કારણે રાજકીય વર્ચસ્વ જ નહીં પણ રાજકીય પ્રતિનિધિત્વ પણ ખોઈ રહ્યો છે. ગુજરાતમાં લીમડી. ગોંડલ, અબડાસા, રાપર વગેરે ક્ષત્રિયોની બહુમતી ધરાવતા વિધાનસભા મતવિસ્તારોમાં ક્ષત્રિય ઉમેદવાર જ જીતે છે તેથી કૉંગ્રેસ અને ભાજપ બંને આ બેઠકો પર ક્ષત્રિય ઉમેદવારોને ટિકિટ આપે છે પણ આવા મતવિસ્તારોની સંખ્યા બહુ ઓછી છે. ગુજરાતમાં ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ૮ ક્ષત્રિય રાજપૂત ધારાસભ્ય જ ચૂંટાયા હતા તેના પરથી જ ક્ષત્રિયોનું રાજકીય પ્રતિનિધિત્વ ઘટી રહ્યું છે એ સ્પષ્ટ છે. ભાજપે આ સંકેતને પારખીને કેબિનેટની રચના કરી તેમાં ક્ષત્રિય રાજપૂતોને કોરાણે મૂકી દીધેલા.

ગુજરાત સરકારમાં વરસો સુધી પ્રદીપસિંહ જાડેજા અને ભૂપેન્દ્રસિંહ ચુડાસમા એ બે ક્ષત્રિય નેતાઓને મહત્ત્વનાં ખાતાં અપાયાં. આ બંને નેતા સિવાયના ક્ષત્રિય નેતા પણ મંત્રી બનતા પણ પહેલી વાર એવું બન્યું છે કે, ગુજરાત કેબિનેટમાં ક્ષત્રિય સમુદાયના માત્ર એક જ મંત્રી છે. પહેલાં ક્ષત્રિય સમુદાયના ત્રણ-ચાર મંત્રી રહેતા જ્યારે અત્યારે બળવંતસિંહ રાજપૂત એકમાત્ર ક્ષત્રિય મંત્રી છે.

ગુજરાત સરકારમાં તો સમ ખાવા પૂરતું પણ પ્રતિનિધિત્વ છે પણ લોકસભામાં તો એ પણ નથી. ગુજરાતમાં ભાજપ અને કૉંગ્રેસે આ લોકસભા ચૂંટણીમાં એક પણ ક્ષત્રિયને ટિકિટ નથી આપી તેના પરથી પણ ક્ષત્રિયોના ઘટતા રાજકીય પ્રભાવનો અંદાજ લગાવી શકાય. ગુજરાતમાં છેલ્લી બે લોકસભા ચૂંટણીમાં એક પણ ક્ષત્રિય ઉમેદવાર ચૂંટાયો નથી. ભાજપે ૨૦૧૪ અને ૨૦૧૯માં તમામ લોકસભા બેઠકો જીતી હતી ને બંને ચૂંટણીમાં કોઈ ક્ષત્રિય રાજપૂતને ટિકિટ નહોતી આપી.

આ પહેલાં આવી સ્થિતિ નહોતી. બલ્કે ગુજરાતમાંથી બે-ત્રણ ક્ષત્રિય લોકસભામાં ચૂંટાઈને જતા. ગુજરાતમાં ૨૦૦૯માં ભાજપમાંથી ભાવનગર બેઠક પરથી ચૂંટાયેલા રાજેન્દ્રસિંહ રાણા છેલ્લા ક્ષત્રિય રાજપૂત સાંસદ હતા. ૨૦૦૪ની લોકસભા ચૂંટણીમાં કૉંગ્રેસના શંકરસિંહ વાઘેલા કપડવંજ બેઠક પરથી અને ભાજપના ભૂપેન્દ્રસિંહ પ્રભાતસિંહ સોલંકી ગોધરા બેઠક પરથી ચૂંટાયા હતા. ૧૯૯૯ની લોકસભા ચૂંટણીમાં પણ રાજેન્દ્રસિંહ રાણા, શંકરસિંહ વાઘેલા અને ભૂપેન્દ્રસિંહ સોલંકી એમ ત્રણ ક્ષત્રિય રાજપૂત ચૂંટાયા હતા. અત્યારે સ્થિતિ એ છે કે, ભાજપ અને કૉંગ્રેસ બંને કોઈ ક્ષત્રિય ઉમેદવારને ટિકિટ પણ નથી આપતાં.

ક્ષત્રિયોએ આ સ્થિતિ બદલવી હોય તો તાકાત બતાવવી પડે. બીજા કોઈને નહીં તો કમ સે કમ રૂપાલાને તો હરાવીને બતાવી આપવું જ પડે. બાકી સંમેલનો ભરો, હાકલા પડકારા કરો તેનાથી કશું ના વળે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર ગ્રીષ્મઋતુ), શનિવાર, તા. ૨૦-૪-૨૦૨૪ વામન દ્વાદશી,

- ભારતીય દિનાંક ૩૧, માહે ચૈત્ર, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ચૈત્ર સુદ-૧૨
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ચૈત્ર, તિથિ સુદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૯મો આદર, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૯મો આદર, માહે ૧૦મો દએ સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૧લો હોરમજદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૦મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- મીસરી રોજ ૧૨મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની બપોરે ક. ૧૪-૦૩ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની.
- ચંદ્ર સિંહમાં રાત્રે ક. ૨૦-૫૦ સુધી, પછી કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ), કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૫, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૨, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : સવારે ક. ૧૦-૧૯, રાત્રે ક. ૨૨-૨૯
- ઓટઃ બપોરે ક. ૧૫-૫૬, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૩૩ (તા. ૨૧)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર,ચૈત્ર શુક્લ - દ્વાદશી. વામન દ્વાદશી, મદન દ્વાદશી વિષ્ણુ દમનોત્સવ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃલગ્ન મુહૂર્ત, વાસ્તુ -કળશ,શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા,વિનાયક પૂજા,સૂર્ય, શિવ, મહાલક્ષ્મી પૂજન, પરગામ પ્રયાણ મધ્યમ,ખાખરાનું વૃક્ષ વાવવું.શનિ ગ્રહ દેવતાનું પૂજન, હનુમાનજીનું પૂજન, માલ વેચવો, ધાન્ય ઘરે લાવવું. પશુ લેવડદેવડ, ઘર, ખેતર, જમીન મકાન લેવડદેવડ. અર્યમા પુજન, ધ્રુવ દેવતાનું પૂજન,સૂર્ય પૂજા, પીપળાનું પૂજન, હનુમાન ચાલિસા પાઠ વાંચન, નવાં વસ્ત્રો,આભૂષણ,મિત્રતા,વેપાર, સર્વશાંતિ -શાંતિ પૌષ્ટિક,પાટ અભિષેક,ધજા કળશ પતાકા ચઢાવવી, બગીચો બનાવવો,રોપા વાવવાં,બી વાવવું,ખેતીવાડીનાં કામકાજ,આચમનઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ આવકારદાયક સ્વભાવના, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ સ્વતંત્ર પ્રકૃતિના, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ માથાફરેલ, ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ અવ્યવહારુ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ, ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ (તા. ૨૧).
- ગોચરગ્રહોઃગ્રહગોચરઃ સૂર્ય-મેષ , મંગળ-કુંભ,વક્રી બુધ-મીન, ગુરુ-મેષ(કૃત્તિકા-૧ ચરણ), શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચ્યુન-મીન, પ્લુટો-મકર. ■

# તમારો મત સુરક્ષિત છે, મોટે પાયે મતદાન કરો : રાજીવ કુમાર

નવી દિલ્હીઃ મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે શુક્રવારે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઇવીએમ) અંગેની આશંકાઓને ફગાવી દીધી હતી અને લોકોને ખાતરી આપી હતી કે તેમનો મત સુરક્ષિત છે અને લોકોને મોટે પાયે મતદાન કરવાની અપીલ કરી હતી.

કુમારે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઇવીએમ સો ટકા સલામત છે. આ વાત માનનીય કોર્ટમાં પણ ઉઠાવવામાં આવી છે. મશીનો સાથે કંઈ થઈ શકે નહીં. દરેક તબક્કે રાજકીય પક્ષો અને તેમના ઉમેદવારો સામેલ છે. મોક પોલ કરવામાં આવે છે.

તેમણે ઇવીએમ પર ઉઠેલી શંકાઓ પરના પ્રશ્નોના જવાબમાં કહ્યું કે ત્યાં મોટી સંખ્યામાં તકનીકી, વહીવટી અને પ્રક્રિયાલક્ષી સુરક્ષા છે. તમારો મત સલામત, સુરક્ષિત છે. ફક્ત મતદાનનો આનંદ માણો. આ મતદાનનો આનંદ માણવાનો સમય છે, કોઈ પણ બાબત પર શંકા ન કરવી.

લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાનું શુક્રવારથી ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૧૦૨ બેઠક પર મતદાન ચાલી રહ્યું છે.

''અમને એવા અહેવાલો મળી રહ્યા છે કે જ્યાં વરસાદ પડી રહ્યો છે, ત્યાં પણ લોકો ખરેખર મોટી સંખ્યામાં બહાર આવી રહ્યા છે. મહિલાઓ, યુવાનો, વૃદ્ધો સહિત દરેક જણ મતદાન મથકો તરફ દોડી રહ્યા છે. તે જોવું ખરેખર આનંદદાયક સ્થિતિ છે. લોકશાહીની ધૂન પર લોકો નાચી રહ્યા છે,'' એમ કુમારે કહ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે જ્યાં પરંપરાગત રીતે ઓછું મતદાન થયું છે તેવા સંસદીય મતવિસ્તારોના યુવા અને મહિલા મતદારો સુધી પહોંચીને વધુ સારા મતદાનને સુનિશ્ચિત કરવા ચૂંટણી પંચે ટેક્નોલોજીનો મોટા પ્રમાણમાં ઉપયોગ કર્યો છે. ■

# સ્કોટલેન્ડમાં રમણીય ધોધ પર બે ભારતીય વિદ્યાર્થીનાં મોત

લંડનઃ સ્કોટલેન્ડના એક ધોધમાં ડૂબી જવાની દુ:ખદ ઘટનામાં યુકેની યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહેલા ભારતના બે વિદ્યાર્થીનાં મોત થયાં છે.

સ્કોટલેન્ડ પોલીસે પોસ્ટમોર્ટમ બાકી હોવાથી આંધ્ર પ્રદેશના બે વિદ્યાર્થીનું નામ જાહેર કર્યું નથી.

આ ઘટના બુધવારે રાત્રે પર્થશાયરમાં બ્લેયર ઓફ એથોલ નજીક તુમેલના લિન ખાતે બની હતી. ત્યાં ફરવા ગયેલા મિત્રોના જૂથમાંથી બે જણ પાણીમાં પડ્યા હતા.

સ્કોટિશ ફાયર એન્ડ રેસ્ક્યુ સર્વિસે બચાવ પ્રયાસોમાં મદદ કરવા માટે બોટ ટીમો અને જહાજો મોકલ્યા હતા.

સ્કોટલેન્ડના પોલીસ પ્રવક્તાએ જણાવ્યું હતું કે, બુધવાર, ૧૭ એપ્રિલના રોજ સાંજે લગભગ ૭ વાગ્યાની આસપાસ અમને બ્લેયર એથોલ નજીકના લિન ઓફ તુમેલ વોટરફોલ ખાતે ૨૨ અને ૨૬ વર્ષની વયના બે પુરુષો પાણીમાં પડ્યા હોવાનો અહેવાલ મળ્યો હતો.

ઇમરજન્સી સેવાઓએ આ વિસ્તારમાં શોધખોળ કર્યા પછી, પાણીમાંથી બે માણસોના મૃતદેહ કાઢ્યા હતા. આ અંગે પૂછપરછ ચાલુ છે.

પોલીસે જણાવ્યું હતું કે ઘટનાનો અહેવાલ પ્રોક્યુરેટર ફિસ્કલ, સ્કોટલેન્ડની પ્રોસિક્યુશન સર્વિસ અને મૃત્યુ તપાસ સંસ્થાને સુપરત કરવામાં આવશે.

લંડનમાં ભારતીય હાઈ કમિશને જણાવ્યું હતું કે આંધ્ર પ્રદેશના બે વિદ્યાર્થીઓ એક કમનસીબ ઘટનામાં ડૂબી ગયા હતા અને તેમના મૃતદેહ પાણીમાંથી મળી આવ્યા હતા.

એડિનબર્ગમાં ભારતના કોન્સ્યુલેટ જનરલ તેમના પરિવારો સાથે સંપર્કમાં છે અને કોન્સ્યુલર અધિકારી એક વિદ્યાર્થીના યુકે સ્થિત સંબંધીને પણ મળ્યા છે.

યુનિવર્સિટી ઓફ ડંડીએ તમામ મદદની ખાતરી આપી છે. પોસ્ટમોર્ટમ એપ્રિલ ૧૯ના રોજ થવાની અપેક્ષા છે અને ત્યારબાદ મૃતદેહોને ભારત પરત મોકલવાની પ્રક્રિયા કરવામાં આવશે, હાઈ કમિશનના નિવેદનમાં જણાવાયું છે.

ડંડી યુનિવર્સિટીના પ્રવક્તાએ કહ્યું: આ એક દુઃખદ અકસ્માત છે જેણે અમને બધાને આંચકો આપ્યો છે અને અમારા વિચારો વિદ્યાર્થીઓના પરિવારો અને મિત્રો સાથે છે. અમે આ અત્યંત મુશ્કેલ સમયે તે પરિવારો અને મિત્રોને ટેકો આપી રહ્યા છીએ. ■

# પશ્ચિમ આફ્રિકન દેશ માલીમાં ભીષણ હિટવેવથી મૃત્યુઆંક વધ્યો

બમાકોઃ માલીની રાજધાની બમાકોમાં ફેરિયાઓ શેરીઓમાં પાણીના પાઉચ વેચી રહ્યા છે. પશ્ચિમ આફ્રિકાના આ દેશમાં સૌથી ગરમ મહિનાઓ દરમિયાન આ સર્વવ્યાપક છે. આ વર્ષે ભયંકર હીટવેવથી મૃત્યુમાં વધારો થયો છે. હવામાન પરિવર્તનની અસરો ખંડને અસર કરતી હોવાથી આગળ વધુ સળગતા હવામાનની નિષ્ણાતો ચેતવણી આપે છે.

માર્ચના અંતમાં ગરમીની લહેર શરૂ થઇ હતી. આ મુસ્લિમ બહુમતી દેશમાં ઘણા લોકોએ પવિત્ર ઇસ્લામિક માસ રમઝાનને સવારથી સાંજના ઉપવાસ સાથે મનાવ્યો હતો. બમાકોમાં ગુરુવારે તાપમાન ૪૪ ડિગ્રી સેલ્સિયસ(૧૧૧ ફેરનહિટ) પર પહોંચ્યું હતું. હવામાનની આગાહી અનુસાર ગરમીનો પારો ઘટવાના કોઇ એંધાણ વર્તાતા નથી. શહેરની ગેબ્રિયલ-ટૂરે હોસ્પિટલમાં મહિનાના પ્રથમ ચાર દિવસમાં ૧૦૨ મૃત્યુ નોંધાયા હતા, જ્યારે ગયા વર્ષે એપ્રિલમાં ૧૩૦ મૃત્યુ નોંધાયા હતા. ભયંકર ગરમીના લીધે કેટલી જાનહાનિ થઇ છે તે કહેવું મુશ્કેલ છે. કારણ કે લશ્કરી શાસકો દ્વારા લાદવામાં આવેલા નિયમો હેઠળ આવા ડેટાને જાહેર કરવામાં આવતા નથી.

માલીના જનરલ ડિરેક્ટર ફોર હેલ્થ ચેખ એ ટ્રૌરેએ જણાવ્યું હતું કે આ સમયગાળા દરમિયાન નોંધપાત્ર રીતે વધુ વૃદ્ધ લોકો મૃત્યુ પામ્યાં છે. જોકે નિયમોને કારણે કોઇ આંકડા ઉપલબ્ધ નથી. રેડ ક્રોસ રેડ ક્રેસન્ટ ક્લાઇમેન્ટ સેન્ટરનું કહેવું છે કે આ મહિનાની ગરમીના મોજાથી પ્રભાવિત માલી અને પશ્ચિમ આફ્રિકાના અન્ય દેશોમાં ડેટાના અભાવે ગરમીથી સંબંધિત કેટલાં મૃત્યુ થયાં છે તે જાણવું અશક્ય છે, પરંતુ એક અંદાજ મુજબ મૃત્યુઆંક સેંકડોમાં હોઇ શકે છે. ■

# ઈન્ડોનેશિયામાં જવાળામુખી ફાટ્યા બાદ લોકોને સુરક્ષિત જગ્યાએ ખસેડાયા

મનાડોઃ ઇન્ડોનેશિયાના સુલાવેસી ટાપુ પર વિસ્ફોટ થયેલા જ્વાળામુખીની નજીક રહેતા વધુ લોકોને શુક્રવારે રાખ, ખરતા ખડકો, ગરમ જ્વાળામુખીનાં વાદળો અને સુનામીની સંભાવનાના જોખમને કારણે સુરક્ષિત જગ્યાએ ખસેડવામાં આવ્યા હતા.

જ્વાળામુખી ઓકતા માઉન્ટ રુઆંગથી ૧૦૦ કિલોમીટર કરતાં ઓછા અંતરે આવેલું મનાડો શહેરનું એક આંતરરાષ્ટ્રીય એરપોર્ટ હજુ પણ અસ્થાયી રૂપે બંધ છે.

૧૧૦૦૦થી વધુ લોકોને તેમના ઘર છોડવાનું કહેવામાં આવ્યું હતું અને ઓછામાં ઓછા ૧૦૦૦ લોકોએ આમ કર્યું છે. સ્થાનિક સત્તાવાળાઓની એક સંયુક્ત ટીમ હજુ પણ જ્વાળામુખીની આસપાસનાં ગામડાઓનાં રહેવાસીઓને બોટ દ્વારા સુરક્ષિત વિસ્તારોમાં ખસેડી રહી છે.

અધિકારીઓને ચિંતા છે કે જ્વાળામુખીનો એક ભાગ સમુદ્રમાં પડી શકે છે અને સુનામીનું કારણ બની શકે છે, જેમ કે ૧૮૭૧માં ફાટી નીકળેલા વિસ્ફોટમાં થયું હતું.

અસરગ્રસ્ત વિસ્તારોમાં ઘરો, રસ્તાઓ અને અન્ય ઇમારતો જ્વાળામુખીની રાખથી ઢંકાયેલી હતી. વિસ્ફોટમાંથી નીકળેલી સામગ્રીથી ઘણા ઘરોની છત પણ તૂટી ગઈ હતી.

માઉન્ટ રુઆંગે બુધવારે ઓછામાં ઓછા પાંચ મોટા વિસ્ફોટ થયા હતા, જેના કારણે સેન્ટર ફોર વોલ્કેનોલોજી એન્ડ જીઓલોજિકલ ડિઝાસ્ટર મિટિગેશનએ તેની ઉચ્ચતમ સ્તરની ચેતવણી જારી કરી હતી. લોકોને પર્વતથી ઓછામાં ઓછા ૬ કિલોમીટર દૂર રહેવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

ઇન્ડોનેશિયા દ્વીપસમૂહમાં ૧૨૦ સક્રિય જ્વાળામુખી છે. તે જ્વાળામુખીની પ્રવૃત્તિ માટે સંવેદનશીલ છે કારણ કે તે પેસિફિક મહાસાગરની આસપાસ સિસ્મિક ફોલ્ટ લાઇનની ઘોડાના નાળના આકારની શ્રેણી ''રીંગ ઓફ ફાયર'' ઉપર આવે છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### પ્રથમ તબક્કામાં

સવારે સાત વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી મતદાન કરાયું હતું. ૨૧ રાજ્યમાં અંદાજે ૧૬.૬૩ કરોડ મતદારમાંથી સરેરાશ ૬૦ ટકા મતદારે સાંજે છ વાગ્યા સુધીમાં મતદાન કર્યું હતું. મતદાન કેન્દ્રમાં પ્રવેશ્યા બાદ મતદાન કરવાનું બાકી હોય એવા કેટલાક મતદાર હોવાથી આ ટકાવારીમાં મામૂલી વધારો થવાની આશા છે. કેન્દ્રીય પ્રધાનો - નીતિન ગડકરી, સર્વાનંદ સોનોવાલ, ભૂપેન્દ્ર યાદવ, રાજ્યના પ્રધાન સુધીર મુનગંટીવાર, કૉંગ્રેસના ગૌરવ ગોગોઇ, દ્રમુકનાં કનિમોઝી, ભાજપના કે. અન્નામલાઇ જેવા અગ્રણી નેતાઓનું રાજકીય ભાવિ પ્રથમ તબક્કાનું મતદાન નક્કી કરવાનું છે.

દરમિયાન, અપવાદરૂપ નાગાલૅન્ડના છ જિલ્લામાં ચૂંટણી કર્મચારીઓ મતદાન કેન્દ્રો પર મતદાર આવવાની નવ કલાક સુધી રાહ જોઇને બેઠા રહ્યા હતા, પરંતુ આ વિસ્તારના અંદાજે ચાર લાખ મતદારમાંથી કોઇ મતદાર મત આપવા નહોતું આવ્યું એટલે કે 'શૂન્ય વૉટિંગ' થયું હતું. નાગાલૅન્ડના આ છ જિલ્લામાં વિધાનસભાની ૨૦ બેઠક છે અને તેના ૨૦ વિધાનસભ્ય પણ મતદાન કરવા નહોતા ગયા. મહારાષ્ટ્રની પાંચ, અરુણાચલ પ્રદેશની બે, આસામની પાંચ, બિહારની ચાર, છત્તીસગઢની એક, મધ્ય પ્રદેશની છ, તમિળનાડુની ૩૯, પશ્ચિમ બંગાળની ત્રણ, રાજસ્થાનની ૧૨, સિક્કિમની એક, ઉત્તર પ્રદેશની આઠ, ઉત્તરાખંડની પાંચ, જમ્મુ અને કાશ્મીરની એક, લક્ષદ્વીપની એક, પુડુચેરીની એક, નાગાલૅન્ડની એક બેઠક પર શુક્રવારે મતદાન થયું હતું. આ ઉપરાંત, અરુણાચલ પ્રદેશ વિધાનસભાની ૬૦ બેઠક અને સિક્કિમ વિધાનસભાની ૩૨ બેઠક પર પણ શુક્રવારે જ મતદાન યોજાયું હતું.

કોહિમાથી મળેલા સંદેશામાં જણાવાયું હતું કે ઇસ્ટર્ન નાગાલૅન્ડ પીપલ્સ ઓર્ગેનાઇઝેશને 'ફ્રન્ટિયર નાગાલૅન્ડ ટેરિટરી' માટેની માગને લઇને બંધની કરેલી હાકલને લીધે કોઇ મતદાર મતદાન માટે નહોતું ગયું. નાગાલૅન્ડમાં કુલ આશરે ૧૩.૨૫ લાખ મતદાર છે અને તેમાંના અંદાજે ૪,૦૦,૬૩૨ મતદાર આ છ જિલ્લામાં જ છે. (એજન્સી) ■

### આસામ

મુજબ મશીનો બદલવામાં આવ્યાં હતાં.

વાસ્તવિક મતદાન શરૂ થયા બાદ જુદા જુદા મતદાનમથકે ઈવીએમના છ સૅટ ઉપરાંત વીવીપીએટી અને બૅલટ યુનિટ સહિત ૪૦૦ કરતા પણ વધુ કમ્પોનન્ટ પણ બદલવામાં આવ્યા હતા, એમ તેમણે કહ્યું હતું.

ઈવીએમમાં કંટ્રોલ યુનિટ (સીયુ), વૉટર વેરિફિયેબલ પેપર ઑડિટ ટ્રેલ (વીવીપીએટી) અને બૅલેટ યુનિય (બીયુ) એમ ત્રણ મુખ્ય કમ્પોનન્ટ હોય છે. ઈવીએમના છ સંપૂર્ણ સૅટ ઉપરાંત ૧૪૦ સીયુ, ૨૩૦ વીવીપીએટી અને ૮૧ બીયુ બદલવામાં આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

### ડોડા

ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલમાં ઊભા કરાયેલા પિન્ક બૂથમાં મહિલા મતદારો ઉમટ્યાં હતાં. લાઈનમાં ઊભી રહેલા મહિલાઓએ કહ્યું હતું કે અમને પિન્ક બૂથમાં મતદાન કરવાની મજા પડે છે. ડોડાના પિન્ક બૂથમાં મતદાન કરનાર આરીફ બેગમે કહ્યું હતું કે પ્રથમ વાર બધી જ મહિલા કર્મચારીઓ ધરાવતા પિન્ક બૂથમાં મતદાન કરવાથી મને આનદ થયો,. બૂથમાં સારી સુવિધા હતી. આ પહેલને લીધે મતદારમથકમાં આવનારી મહિલાઓની સંખ્યા વધી હતી. અને અમે ચૂંટણી પંચની આ પહેલને આવકારીએ છીએ।

અધિકારીઓએ કહ્યું હતું કે ઉધમપુર લોકસભા મતદારક્ષેત્રમાં ૧૯ પિન્ક બૂથ ઊભાં કરાયાં છે અને આ ઓલ-વિમેન મૉડેલ પોલિંગ સ્ટેશનમાં પોલીસ અને સુરક્ષા ચોકિયાતો સહિત બધા કર્મચારીઓ મહિલા છે.

પ્રથમ વાર મતદાન કરી રહેલી સુનીતા દેવીએ કહ્યું હતું કે મેં પિન્ક બુથમાં મતદાન કર્યું હતું. આ બૂથને શણગારવામાં આવ્યો હતો અને મને લાગ્યું કે હું કોઈ ઉત્સવના સ્થળે આવી છું. આ પહેલથી વધુ મહિલાઓ મતદાન કરવા પ્રેરાશે. (એજન્સી) ■

### ઉધમપુર

હતો. ૨૦૧૯ લોકસભા ચૂંટણીમાં ઉધમપુર બેઠક પર ૭૦.૨ ટકા મતદાન થયું હતું. અધિકારીઓએ કહ્યું કે કુલ ૮૪,૪૬૮ પ્રથમ વાર મતદાન કરનારા યુવાનો હોઈ શકે જેમની વય ૧૬-૧૮ વર્ષની વચ્ચે છે. આમાં ૪૫,૮૨૫ યુવાન અને ૩૮,૬૪૧ યુવતી છે.

આ મતદારક્ષેત્રમાં વૃદ્ધોની સંખ્યા પણ ઘણી મોટી છે. જેમાં ૮૦ વર્ષ કે તેનાથી વધારે વયના ૧૨,૦૨૦ પુરુષ અને ૧૩,૬૧૨ મહિલા મતદાતા છે. કુલ ૨૫,૬૩૨ અનુભવી મતદાતાએ મતદાન કર્યું હતું.

ઉધમપુરમાં એક નવપરીણિત દંપતી લગ્ન પછી સીધું મતદારમથક પહોંચ્યું હતું અને ત્યાં મત નાખ્યો હતો. મતદાન પછી નવોઢાએ કહ્યું હતું કે મને આનંદ છે કે મારા પતિએ દેશ અને સમાજ વિશે વિચાર્યું. કઠુઆ પોલિંગ બુથ માં પણ એક નવું પરણેલું યુગલ પહોંચ્યું હતું અને મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

કઠુઆના પારલીબંડ મતદાર મથકે લોકતંત્રના સૌથી મોટા ઉત્સવની ભવ્ય તસવીર જોવા મળી. અહીં ગુરુવારે લગ્નના બંધનમાં બંધાયેલા અસીમ મગોત્રા અને વૈશાલીએ સાત ફેરા ફર્યા બાદ લગ્નના મંડપથી મતદાર કેન્દ્ર પહોંચ્યાં હતાં. તેમને દુલ્હા અને દુલ્હનના લિબાસમાં જ મત આપ્યા હતા.

ઉધમપુર લોકસભા મતદારક્ષેત્ર કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં છ સંસદીય મતદારક્ષેત્રમાંનું એક છે. આ મતદારક્ષેત્ર ૨૦,૨૩૦ ચોરસ કિલોમીટર પર્વતીય હિમાલય ક્ષેત્રને કવર કરે છે. આ ઈઝરાયલ જેટલા કદનું આ પ્રદેશનું સૌથી મોટું મતદારક્ષેત્ર છે. કિશ્તવાડ, ડોડા, ઉધમપુર અને કથુઆ એમ ચાર જિલ્લામાં ૧૭ વિધાનસભા ક્ષેત્ર છે. ઉધમપુરમાં લોકસભાના પ્રથમ ચરણમાં આજે મતદાન થયું.

૨૦૧૯ના લોકસભા ચૂંટણીમાં ડૉક્ટર જિતેન્દ્રસિંહે ચોંકાવનારા ૭.૨૪ લાખ વોટ એટલે કે ૬૧.૩૮ ટકા મત મેળવીને બીજી વાર લોકસભાની ચૂંટણી જીતી હતી. તેઓ ફરી આજ બેઠક પર ઊભા છે. કૉંગ્રેસે આ બેઠક પર ચૌધરી લાલ સિંહને મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે ગુલામ નબી આઝાદની પાર્ટી ડીપીએપીએ જી. એમ. સરુરીને મેદાનમાં ઉતાર્યા છે. કુલ ૧૨ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે. ■

### મણિપુર

પ્રમાણે આજે ઈનર મણિપુર મતદારક્ષેત્રમાં અનેક સ્થળોએ ડર ફેલાવાના અને આગ ચાંપવાના બનાવો બન્યા હતા.

ગયા વર્ષની ત્રીજી મેથી મણિપુરમાં વાંશિક હિંસાના બનાવો નોંધાયા છે. બહુમતી મેઈતી અને લઘુમતી કુકી વચ્ચેની અથડામણને લીધે ૨૦૦થી વધારે જણે જાન ગૂમાવ્યા છે. મેઈતી ઈમ્ફાલ શહેરમાં રહે છે, જ્યારે કૂકી પહાડી વિસ્તારમાં રહે છે. રાહત શિબિરમાં રહેતા ૨૪,૦૦૦ વિસ્થાપિત લોકોને ચૂંટણી પંચે શોધી કાઢ્યા છે અને તેમને માટે ૯૪ ખાસ મતદારમથકો ઊભાં કરાયાં છે. જોકે મણિપુર રાજ્યમાંથી હિજરત કરનાર લોકો માટે મતદાની કોઈ વ્યવસ્થા કરાઈ નથી. (એજન્સી) ■

### ઈરાનના લશ્કરી

ઍરલાઇન્સ અમીરેટ્સ અને ફ્લાયદુબઇએ સ્થાનિક સમય પરોઢિયે ૪.૩૦ વાગ્યે પોતાની ફ્લાઇટ્સ બીજી દિશામાં વાળવાનું શરૂ કર્યું હતું.

ઇરાને પણ તહેરાન અને પશ્ચિમ તેમ જ મધ્ય ઇરાનમાંની કૉમર્શિયલ ફ્લાઇટ્સના ઉડ્ડયન બંધ કરવાની જાહેરાત કરી હતી. ઇરાનના સરકારી ટેલિવિઝને માત્ર એટલું જ જણાવ્યું હતું કે ઇસફાહન શહેરની નજીક મોટા ધડાકા સંભળાયા હતા. (એજન્સી) ■

### નાગાલૅન્ડ

કરેલી હાકલને લીધે કોઇ મતદાર મતદાન માટે નહોતો ગયો. નાગાલૅન્ડના મુખ્ય પ્રધાન નેઇફિઉ રિયોએ જણાવ્યું હતું કે પૂર્વ નાગાલૅન્ડના આદિવાસીઓના સાત સંગઠનની 'ફ્રન્ટિયર નાગાલૅન્ડ ટેરિટરી'ની માગણી સામે કોઇ વિરોધ નથી. સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે પૂર્વ નાગાલૅન્ડના છ જિલ્લાના રસ્તા પર દિવસ દરમિયાન લોકોની ખાસ અવરજવર નહોતી. માત્ર જીવનાવશ્યક ચીજોની હેરફેર થતી હતી.

નાગાલૅન્ડમાં કુલ આશરે ૧૩.૨૫ લાખ મતદાર છે અને તેમાંના અંદાજે ૪,૦૦,૬૩૨ મતદાર આ છ જિલ્લામાં જ છે. (એજન્સી) ■

### આટા માટે તરસી

મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે દેશના હિતમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

છેલ્લા ૧૦ વર્ષમાં આપણે જોયું છે કે કેવી રીતે સ્થિર સરકાર દેશના હિતમાં કામ કરે છે. કોરોના કાળમાં આખી દુનિયામાં હાહાકાર હતો ત્યારે ભાજપના નેતૃત્વ હેઠળની મજબૂત સરકાર આખી દુનિયામાં પોતાના નાગરિકોને સ્વદેશ પાછા લાવી હતી. આગામી પાંચ વર્ષ ભારત દેશને વૈશ્વિક શક્તિ બનાવવા માટે અત્યંત મહત્ત્વના છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આખી દુનિયામાં બધે યુદ્ધના વાદળો ઘેરાયાં છે ત્યારે દેશમાં એક સ્થિર અને મજબૂત સરકાર બને એ અત્યંત આવશ્યક છે. ઈરાન ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા તણાવનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે ભારત સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભર બની ગયું છે અને રૂ. ૨૧,૦૦૦ કરોડના શસ્ત્રોની અન્ય દેશોને નિકાસ કરવાની પ્રક્રિયામાં છે.

તેમણે કૉંગ્રેસ પર ભારતને સંરક્ષણ ક્ષેત્રમાં નબળા બનાવવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે ઉત્તર પ્રદેશના અમરોહામાં એક રેલીને સંબોધતાં રાહુલ ગાંધી અને સમાજવાદી પાર્ટીની ટીકા કરતાં કહ્યું હતું કે 'દો શહેજાદો કી શાદી' ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યું છે, પરંતુ તેને લોકોએ પહેલાં જ નકારી કાઢ્યા છે. જ્યારે આ લોકો ઉત્તર પ્રદેશના લોકો પાસેથી મતો માગે ત્યારે તેઓ વંશવાદ, ભ્રષ્ટાચાર અને તુષ્ટીકરણનો ટોપલો લઈને ફરે છે. તેઓએ આપણા ધર્મની ટીકા કરવાની કોઈ તક છોડી નથી. અમરોહાના કૉંગ્રેસના ઉમેદવાર દાનિશ અલીની ઝાટકણી કાઢતાં તેમણે કહ્યું હતું કે તેને ભારત માતા કી જય બોલવામાં વાંધો છે. જે વ્યક્તિ ભારત માતા કી જય બોલી નથી શકતો તે ભારતીય સંસદમાં સારો દેખાશે? શું આવા વ્યક્તિને સંસદમાં પ્રવેશ આપવો જોઈએ? એમ તેમણે ઉપસ્થિતોને પૂછ્યું હતું. ■

# પુરુષોત્તમ રૂપાલા સામે ઉમેદવારીને બદલે ક્ષત્રિયાણીઓએ ધાનાણીને ટેકો જાહેર કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાના નિવેદન બાદ ક્ષત્રિયોનો ગુસ્સો શાંત નથી થઇ રહ્યો. રૂપાલા સામે ક્ષત્રિય સમાજની મહિલાઓ હવે લોકસભા ચૂંટણી ઉમેદવારી ફોર્મ નહીં ભરે તેવી જાહેરાત કરવામાં આવી છે. આ અંગે ક્ષત્રિય સમાજના આગેવાન હેતલબા વાઘેલાએ સ્પષ્ટીકરણ કર્યુ હતું. જો કે, ક્ષત્રિય સમાજની એક જ માંગ છે કે, ભાજપ રાજકોટના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા પોતાનું ફોર્મ પાછું ખેંચે અને અન્ય કોઇને ત્યાંથી ટિકિટ આપે.

ક્ષત્રિય સમાજના આગેવાન, હેતલબા વાઘેલાએ જણાવ્યું હતું કે,અમે લોકસભા ચૂંટણી માટે ભરવા માટે ૨૦૦ ફોર્મ ઉપાડેલા હતા. મહાસંમેલન થયુ ત્યાં સુધીમાં ૫૦ ટકાનું ડોક્યુમેન્ટેશન, ફંડ અમે ક્લિયર કરી નાંખ્યુ હતું. અમે નામાંકન ભરવા માટે તૈયારીઓ કરી લીધી હતી. કોંગ્રેસના રાજકોટના ઉમેદવાર પરેશ ધાનાણી અમારું પીઠબળ બની ગયા છે. ત્યારે અમે અપક્ષ તરીકે પણ લડવા નથી માંગતા. કારણ કે, આ વસ્તુ ક્યાંક ને ક્યાંક છે કે, તે લોકો સમાજમાં વિગ્રહ કરવા માંગે છે, પરંતુ અમારા ક્ષત્રિય સમાજનો કિંમતી મત ભાજપ સરકાર નથી સમજી રહી પરંતુ જે સમજી રહ્યુ છે તેમને આપવા માગીએ છીએ.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટ બેઠક પરથી એક સાથે ૧૦૦ ક્ષત્રિય સમાજની મહિલા લોકસભા ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવશે તેવું રાજપૂત સમાજની સંકલન સમિતિના મહિલા અધ્યક્ષ તૃપ્તિબા રાઓલએ આ જાહેરાત કરી હતી. તૃપ્તિબા રાઓલે જણાવ્યું હતુ કે, આ રીતે ચૂંટણીમાં નામાંકન ભરી ઇતિહાસ રચીશું. રૂપાલાની ટિપ્પણીનો વિવાદ સૌરાષ્ટ્રના અનેક ગામડાઓમાં એવા પોસ્ટરો લાગ્યાં છે કે, જ્યાં સુધી રૂપાલાની ટિકિટ રદ નહીં થાય ત્યાં સુધી ભાજપના નેતાઓએ ગામમાં પ્રચાર કરવા માટે આવવું નહીં. ભાજપના નેતાઓના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. ગામડાઓમાં પોસ્ટર લાગતાં ભાજપના સ્થાનિક નેતાઓ મૂંઝાયા છે. મોટાભાગના ક્ષત્રિય પ્રભુત્વ ધરાવતાં ગામડાઓમાં તો ચૂંટણી બહિષ્કાર સુધીની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. ■

# નવસારી બેઠક પરથી ભાજપના પ્રદેશ પ્રમુખ પાટીલે ઉમેદવારીપત્ર ભર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કામાં ફોર્મ ભરવાના અંતિમ દિવસે ભાજપના ત્રણ દિગ્ગજ નેતા અમિત શાહ, સી.આર. પાટીલ અને પૂનમ માડમે અને કોંગ્રેસના પરેશ ધાનાણી, આપના ચૈતર વસાવાએ શુક્રવારે ઉમેદવારીપત્ર ભર્યુ હતું. નવસારી બેઠક પરથી ભાજપ ઉમેદવાર સી.આર.પાટીલ શક્તિપ્રદર્શન કરી વિજય મુહૂર્તમાં ઉમેદવારીપત્ર ભર્યુ હતું. આ સાથે જ જામનગરથી ભાજપ ઉમેદવાર પૂનમબેન માડમ ઉમેદવારીપત્ર ભર્યુ હતું.

ભાજપ ઉપરાંત કોંગ્રેસના પાંચ ઉમેદવારો શુક્રવારે ફોર્મ ભર્યા હતા. જેમાં રાજકોટથી કોંગ્રેસ ઉમેદવાર પરેશ ધાનાણીએ પણ ૧૨.૩૯ કલાકે વિજય મુહૂર્તમાં ફોર્મ ભર્યુ હતું. આ સમયે શક્તિસિંહ ગોહિલ હાજર રહ્યા હતા. જેના માટે બહુમાળી ચોક ખાતે સ્વાભિમાન સભાનું આયોજન કરાયું હતું. મહેસાણા કોંગ્રેસના ઉમેદવાર રામજી ઠાકોર વિજય મુહૂર્તમાં કલેક્ટર કચેરીએ ફોર્મ ભર્યા હતા. નવસારી કોંગ્રેસ ઉમેદવાર નૈષદ દેસાઈએ કાર્યકરો સાથે રેલી કાઢીને કલેક્ટર કચેરીએ ફોર્મ ભર્યુ હતું. ઉમેદવારીપત્ર ભર્યા બાદ તેઓ જલાલપુરના મતવાડ ગામથી ઐતિહાસિક દાંડી સુધી યાત્રા કરી હતી. આ ઉપરાંત દમણ દીવ લોકસભા બેઠકના કોંગ્રેસ ઉમેદવાર કેતન પટેલ અને દાદરાનગર હવેલી બેઠકના કોંગ્રેસના ઉમેદવાર અજિત માહલાએ પણ શુક્રવારે ફોર્મ ભર્યુ હતું. આ ઉપરાત ભરૂચ લોકસભાના કોંગ્રેસ અને આપના ઈન્ડિયા ગઠબંધનના આમ આદમી પાર્ટીના ઉમેદવાર ચૈતર વસાવાએ તેમની બે પત્નીઓ સાથે ઉમેદવારી ફોર્મ ભરવા કલેક્ટર કચેરી ખાતે પહોંચતા કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના આગેવાનો અને કાર્યકરો હાજર રહ્યા હતા. ■

# સુરતના કોંગ્રેસના ઉમેદવાર કરતાં તેમની પત્ની અને પુત્રની આવક વધુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત સંસદીય મત વિસ્તારની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર તરીકે ઉમેદવારીપત્ર ભરનાર કોંગ્રેસના હાલના કોર્પોરેટર નીલેશ કુંભાણીએ ઉમેદવારીપત્રની સાથે ચૂંટણી પંચના નિયમ અને સૂચના મુજબનું સોગંદનામુ પણ રજૂ કર્યુ હતું.

તેમના સોગંદનામામાં દર્શાવેલી વિગતો જોતા છેલ્લા ચાર વર્ષથી નીલેશ કુંભાણીની આવકમાં સતત ઘટાડો નોંધાઇ રહ્યો હોવાનું દર્શાવાયુ છે. ૨૦૨૨-૨૦૨૩ના વર્ષમાં તેમની આવક માત્ર રૂ.૧.૭૪ લાખ જ હોવાનો નિર્દેશ ઇન્કમટેક્સ રિટર્નમાં કરવામાં આવ્યો છે. એ જ વર્ષમાં તેમના કરતા તેમના પત્ની નીતાબેન અને પુત્ર અક્ષની આવક વધુ થઇ છે. તેમણે તેમના પત્નીની આવક રૂ.૪,૧૦,૬૯૦ અને પુત્રની આવક રૂ.૪,૮૭,૩૫૦ હોવાનું એફિડેવીટમાં જણાવ્યું છે. એવી જ રીતે હાથ પર રોકડમાં નીલેશ કુંભાણીએ તેમની પાસે ફક્ત રૂ.૫૩,૭૩૪ હોવાનું જણાવ્યું છે, જ્યારે તેમના પત્ની પાસે હાથ પર રોકડમાં પેટે રૂ.૮,૬૫,૮૧૪ તેમજ તેમના પુત્ર પાસે હાથ પર રોકડમાં રૂ.૪,૭૭,૩૫૦ હોવાનો ઉલ્લેખ સોગંદનામામાં કર્યો છે. નીલેશ કુંભાણીએ પોતાની સ્વપાર્જિત અને વડીલો પાર્જિત મિલકતો પૈકી કુલ રૂ.૧.૮૨ કરોડની સંપત્તિ હોવાનું તેમજ તેમના પત્ની નીતાબેનના નામે એકેય મિલકત ન હોવાનું જણાવ્યું છે. નિલેશ કુંભાણીએ એફિડેવીટમાં જણાવ્યું છે કે તેમની સામે કુલ ૩ પોલીસ ફરિયાદ ચાલી રહી છે જેમાં આરોપનામું ઘડાઇ ચૂક્યું છે. ફરિયાદ નં.૧. ફી માફી બાબતે વરાછાની એક સ્કૂલને બદનામ કરવાના ઇરાદે અપપ્રચાર કર્યાની ફરીયાદ. નં.૨ ફેસબુક પર સ્કૂલની પ્રતિષ્ઠાને હાનિ થાય તે રીતે ટેમ્પો અપપ્રચાર કરવાની ફરિયાદ અને ૩. સરથાણા પોલીસ સ્ટેશનમાં કોરોના ગાઇડલાઇનના ભંગની ફરિયાદ હાલ ચાલી રહ્યાનું તેમણે જણાવ્યું હતું. ■

# ગાંધીનગર લોકસભા બેઠક પરથી કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે ઉમેદવારીપત્ર ભર્યું



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે ગાંધીનગર લોકસભાની બેઠક પર વિજય મુહૂર્તમાં ઉમેદવારી પત્ર ભર્યું હતું. શુક્રવારે ગુજરાત પ્રદેશ ભાજપના ટોચના નેતાઓ અને મુખ્ય પ્રધાન ઉપસ્થિતિમાં બપોરે ૧૨.૩૯ વાગ્યે વિજય મુહૂર્તમાં ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. ફોર્મ ભર્યા બાદ અમિત શાહે જણાવ્યું હતું કે ગાંધીનગર બેઠક પરથી આ ક્ષેત્રનું પ્રતિનિધિત્વ અડવાણીજી, અટલજીએ કર્યું અને જે સીટ પર સ્વયં નરેન્દ્ર મોદી મતદાતા છે એ સીટ પર પ્રતિનિધિત્વ કરવાનો મોકો મને ભાજપે આપ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, આજે ગાંધીનગર લોકસભાથી ઉમેદવારી કરી છે. આ સીટ પરથી અટલજી, બાજપાઈજી ચૂંટણી લડ્યા હતા. આ લોકસભા સીટના વડા પ્રધાન નરેન્દ્ર મોદી મતદાર છે. ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં આવતી વિધાનસભામાં હું ૨૨ વર્ષ સુધી ધારાસભ્ય રહ્યો છું. ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં અત્યાર સુધી ૨૨ હજાર કરોડના કામ કર્યા છે. આ ચૂંટણીમાં સમગ્ર દેશ વડા પ્રધાનને ત્રીજી વાર ૪૦૦ પાર સીટ સાથે વડા પ્રધાન બનાવવા ઉત્સાહી છે. ચૂંટણીની જાહેરાત પહેલા અને જાહેરાત બાદ હું લદાખ છોડીને દેશના તમામ વિસ્તારમાં ગયો છું. દરેક જગ્યાએ મોદી મોદી નારા સાથે ભાજપના કાર્યકર્તાનું સ્વાગત થાય છે. જનસેલાબનો આશીર્વાદ અને પ્રેમ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પ્રાપ્ત થયો છે

અત્રે ઉલ્લેખનીય છે કે ગુરુવારે ૧૮મી એપ્રિલના રોજ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે સાણંદ, કલોલ, સાબરમતી, ઘાટલોડિયા, નારણપુરા તથા વેજલપુરમાં જંગી જનમેદની સાથે મેરેથોન રોડ શૉ યોજ્યો હતો. તેમણે વેજલપુરમાં એક જાહેરસભાને પણ સંબોધી હતી. કાળઝાળ ગરમીમાં પણ અમિત શાહના રોડ શોમાં લોકો ઉમટી પડ્યા હતા. વેજલપુરમાં જાહેરસભા સંબોધતી વખતે અમિત શાહે જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક ગેરેન્ટી આપી છેકે ૨૦૩૬માં ભારતમાં ઓલિમ્પિક યોજાશે. ભારતમાં પણ ગુજરાતમાં અને ગુજરાતમાં ગાંધીનગર લોકસભા વિસ્તારમાં આ ઓલિમ્પિક યોજાનારી છે. ■

# અમદાવાદનો નવો ઘોડાસર બ્રિજ તૈયારઃ ચૂંટણી પછી ખુલ્લો મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : શહેરના પૂર્વ વિસ્તારના નરોડાથી નારોલ નેશનલ હાઈવે રોડ ઉપર પસાર થતા ઘોડાસર સર્કલ પર બનાવવામાં આવેલ સ્પ્લિટ ફ્લાય ઓવરબ્રિજ બનીને તૈયાર થઈ ગયો છે. આ બ્રિજ શનિવાર કે રવિવારના રોજ ખુલ્લો મૂકવામાં આવી શકે છે. એકવાર આ બ્રિજ ખુલ્લો મૂકવાથી ઘોડાસર જંકશન ઉપર થતી ટ્રાફિકની સમસ્યા હળવી થશે. સાથે જ રોજ અહીંથી પસાર થતા અઢી લાખ વાહનો કોઈ પણ સમસ્યા વગર સરળતાથી પસાર થઈ જશે.

અમદાવાદના મનપા દ્વારા અંદાજે રૂપિયા ૬૨ કરોડના ખર્ચે ઘોડાસર સ્પ્લિટ ઓવરબ્રિજ તૈયાર કરાયો છે. જે રામનવમી બાદ જાહેર જનતાના ઉપયોગ માટે ખુલ્લો મુકાશે તેવી શક્યતા હતી. ઘોડાસર બ્રિજ બનવાના કારણે ૨.૫૦ લાખ જેટલા વાહન ચાલકોને ફાયદો થશે અને ઈંધણ તેમજ સમયની બચત થશે. નરોડાથી નારોલ તરફના આ રોડ પર કેડિલા બ્રિજ ક્રોસ કરતાં જ ઘોડાસર સર્કલ પર સવારે અને સાંજે ટ્રાફિક જામ રહે છે. સર્કલ પર એક સાથે આઠ રોડ પરથી વાહનોની અવરજવર રહેતી હોય છે. જ્યારે ટ્રાફિક પોલીસની હાજરી ન હોય ત્યારે સ્થિતિ કાબૂ બહાર જતી રહે છે.

ઘોડાસર સર્કલ પર એક બાજુ સ્મૃતિમંદિર તરફ અવર જવર કરતો ટ્રાફિક તો બીજી તરફ નરોડા અને નારોલ તરફનો ટ્રાફિક અને એક તરફ મણિનગરનો ટ્રાફિક આમ ચારેય દિશામાંથી વાહનચાલકો આવતાં હોય છે. તો બીજી તરફ સર્કલ એવી જગ્યાએ છે કે ટ્રાફિકનું નિયમન કરવું ચેલેન્જિંગ છે. કેમ કે કેડિલા બ્રિજ તરફ ઢાળ અપાયો છે. નવો ઓવરબ્રિજ ખુલ્લો મુકાતા હવે આ વિસ્તારના લોકોની ટ્રાફિક સમસ્યાનો અંત આવશે. ■

# મેડિકલ કોલેજો પાસેથી વિદ્યાર્થીઓને ચૂકવાયેલા સ્ટાઇપેન્ડની વિગતો એનએમસીએ મગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નેશનલ મેડિકલ કમિશન દ્વારા દેશની જુદી જુદી મેડિકલ કોલેજો, સંસ્થાઓમાં અભ્યાસ કરતાં અંડર ગ્રેજ્યુએશન, પોસ્ટ ગ્રેજ્યુએશન, સિનિયર રેસિડેન્ટ અને પીજી ઇન સુપર સ્પેશિયાલિટી કરતા ઉમેદવારોને વર્ષ ૨૦૨૩-૨૫ દરમિયાન કેટલું સ્ટાઇપેન્ડ આપવામાં આવ્યું છે તેની આંકડાકીય વિગતો રજૂ કરવા આદેશ કરવામાં આવ્યો છે.

મેડિકલ કોલેજોમાં સ્નાતક થયા બાદ ઇન્ટર્નશિપ કરતા વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડ આપવું ફરજિયાત છે. આ મુદ્દે છેલ્લા કેટલાય સમયથી ભારે વિવાદ ચાલી રહ્યો છે. દેશની અનેક કોલેજો મેડિકલના વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડ આપતી નથી, કેટલીક કોલેજો નક્કી કરાયું હોય તે પ્રમાણે સ્ટાઇપેન્ડ આપવાની જગ્યાએ ઓછું સ્ટાઇપેન્ડ આપી રહી છે.

આ મુદ્દે વારંવાર વિવાદો અને કોર્ટ કેસો થયા પછી પણ મેડિકલ કોલેજોમાં સ્ટાઇપેન્ડના મુદ્દે એકસૂત્રતા જળવાતી નથી. અનેક ખાનગી કોલેજોએ વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડ આપવાનું જ બંધ કરી દીધું હતું. આ મુદ્દે અનેક ફરિયાદો બાદ કેટલાક વિદ્યાર્થીઓએ કોર્ટમાં કેસ કરી કર્યો હતો. હાલમાં આ મુદ્દે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. સૂત્રો કહે છે કે કોર્ટની સૂચના પ્રમાણે હાલમાં નેશનલ મેડિકલ કમિશન દ્વારા દેશની તમામ સંસ્થાઓમાં મેડિકલમાં અભ્યાસ કરતાં અને સ્ટાઇપેન્ડને લાયક હોય તેવા ઉમેદવારોને કેટલા રૂપિયા સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે તેની આંકડાકીય વિગતો રજૂ કરવા આદેશ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ઇન્ટર્ન એમબીબીએના વિદ્યાર્થીઓને કેટલું સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે, પોસ્ટ ગ્રેજ્યુએશનમાં પહેલા, બીજા અને ત્રીજા વર્ષના એમડી-એમએસના ઉમેદવારોને કેટલું સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે. આ સિવાય સિનિયર રેસિડેન્ટ અને પીજી ઇન સુપર સ્પેશિયાલિટીમાં પહેલા, બીજા અને ત્રીજા વર્ષના ઉમેદવારોને કયા મહિનામાં કેટલું સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે તેની વિગતો રજૂ કરવા તાકીદ કરવામાં આવી છે. નેશનલ મેડિકલ કમિશને દરેક મેડિકલ કોલેજને દરેક મહિના પ્રમાણે વિગતો મોકલવા પણ તાકીદ કરવામાં આવી છે. કોલેજો દ્વારા મોકલવામાં આવેલી વિગતો આગામી દિવસોમાં કોર્ટમાં રજૂ કરવામાં આવશે. રાજ્યમાં એમબીબીએસ પછી ઇન્ટર્નશિપ કરનારા વિદ્યાર્થીઓને મહિને ૧૮ હજાર રૂપિયા, પોસ્ટ ગ્રેજ્યુએશન કરનારા વિદ્યાર્થીઓને ૮૪૨૦૦ રૂપિયા અને સુપર સ્પેશિયાલિટીના ઉમેદવારોને અંદાજે ૯૨ હજાર કે વધારે સ્ટાઇપેન્ડ ચુકવવામાં આવતું હોય છે.

મહત્ત્વની વાત એ કે, કેટલીક પ્રાઇવેટ મેડિકલ કોલેજો વિદ્યાર્થીઓ પાસેથી ૭ લાખથી ૧૫ લાખ રૂપિયા સુધીની ફી લીધા પછી સ્ટાઇપેન્ડ પેટે ચારથી પાંચ હજાર રૂપિયા જેટલી રકમ આપી દેતી હોય છે. સ્ટાઇપેન્ડ ફરજિયાત હોવા છતાં કોલેજો આ રકમ ચૂકવવામાં નાટક કરતી હોવાથી સુપ્રીમ કોર્ટ દ્વારા વિગતો મગાવવામાં આવી હતી. ■

# અખાતી દેશોમાં પૂરની સ્થિતિને પગલે દુબઈની તમામ ફ્લાઈટ રદ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કૃત્રિમ વરસાદે દુબઇ પર આફત નોંતરી છે. અતિશય વરસાદને કારણે દુબઇ શહેરમાં અને એરપોર્ટ પર પાણી ભરાઇ ગયા છે. જેને પગલે સતત બીજા દિવસે પણ અમદાવાદથી દુબઇ જતી પાંચ ફ્લાઇટ રદ થઇ હતી. દુબઇથી અમદાવાદ આવતી તમામ ફ્લાઇટ રદ થઇ હતી. જેના કારણે સંખ્યાબંધ મુસાફરોને હાલાકી વેઠવી પડી હતી. સંખ્યાબંધ વિદેશી મહેમાનો દુબઇમાં અટવાયા હોવાનું જાણવા મળ્યું હતું. બીજી તરફ વેકેશન અને બિઝનેસ માટે દુબઇની ફ્લાઇટ બુક કરાવી એરપોર્ટ પર પહોંચી ગયેલા તમામ મુસાફરોને એરપોર્ટ પર કલાકો સુધી બેસી રહીને પરત ઘરે ફરવાની નોબત ઊભી થઇ હતી. આવી જ રીતે દુબઇથી ભારત કે કોઇ પણ દેશમાં જવા માટે મુસાફરો એરપોર્ટ પર પહોંચી ગયા બાદ ચોમેર પાણી ભરાઇ જવાથી કલાકો સુધી એરપોર્ટ પર બેસી રહ્યા છે. શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઇ જવાને પગલે વિદેશી નાગરિકો દુબઇથી પોતાના ઘરે કે હોટલ પર પણ જઇ શકતા નથી. એરપોર્ટની ક્ષમતા કરતા વધુ મુસાફરો એરપોર્ટ પર એકત્ર થઇ જવાથી અવ્યવસ્થા પણ ઊભી થઇ છે. દુબઇ ઇન્ટરનેશલન એરપોર્ટ પર મુસાફરોને હાલાકી વેઠવી પડી રહી છે. વરસાદ બંધ થાય બાદ પાણી ઓસરી રહ્યું છે. બધું જ પાણી ઊતરી ગયા બાદ એરપોર્ટની સફાઇ કરાશે અને ત્યાર બાદ એરપોર્ટને કાર્યરત કરાશે. ■

# ભુજ-દિલ્હી સરાય રોહિલ્લા વચ્ચે 30મી જૂન સુધી સમર સ્પેશિયલ ટ્રેન શરૂ કરવાની સત્તાવાર જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃઉનાળુ વેકેશન શરૂ થઇ ચૂક્યું છે ત્યારે મુસાફરોની માગણીને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા એક પછી એક જુદા જુદા રૂટ માટેની સમર સ્પેશિયલ ટ્રેનોની જાહેરાત કરવામાં આવી રહી છે તેવામાં રેલવે વિભાગ દ્વારા ભુજ અને દિલ્હી-સરાય અને રોહિલ્લા વચ્ચે દ્વિ-સાપ્તાહિક સમર સ્પેશિયલ ટ્રેનને શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રેન નંબર ૦૯૪૦૭ ભુજ-દિલ્હી સરાય રોહિલ્લા સ્પેશિયલ આગામી ૩૦મી એપ્રિલથી ૨૮ જૂન સુધી મંગળવાર અને શુક્રવારે ભુજથી સાંજના પાંચ વાગ્યે રવાના થઇને બીજા દિવસે બપોરના ૧૨ અને ૨૦ કલાકે દિલ્હી સરાય રોહિલ્લા પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૯૪૦૮ દિલ્હી સરાય રોહિલ્લા - ભુજ સ્પેશિયલ ૧લી મેથી ૨૯મી જૂન સુધી દર બુધવાર અને શનિવારે દિલ્હી સરાય રોહિલ્લાથી બપોરના ત્રણ કલાકે રવાના થઇને બીજા દિવસે સવારના સાડા અગિયાર વાગ્યે ભુજ પહોંચશે.

સેકન્ડ એસી. થર્ડ એસી, સ્લીપર તેમ જ જનરલ કલાસના કોચ ધરાવતી આ સ્પેશિયલ ટ્રેન રૂટની બંને દિશાઓમાં અંજાર, ગાંધીધામ, ભચાઉ, ભાભર, ભીલડી, પાલનપુર, આબુ રોડ, ફાલના, મારવાડ જં. બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, અલવર, રેવાડી ગુડગાંવ અને દિલ્હી કૅંટ સ્ટેશનો પર રોકાશે. રેલ યાત્રા માટેનું બુકિંગ ૧૯મી એપ્રિલથી યાત્રી આરક્ષણ કેન્દ્રો અને આઇઆરસીટીસીની ઓફિશિયલ વેબસાઇટ પર શરૂ થશે. ■

# કચ્છમાં ગરમીનો ડંખ બરકરારઃ ભુજમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ બંગાળની ખાડીમાં હળવાં દબાણો સર્જાવવાનું શરૂ થઇ ચૂક્યું છે જેની અસર હેઠળ હવામાંથી ભેજ ગાયબ થઇ જતાં હાલ ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશમાં પડી રહેલી ગરમીથી જનજીવન તોબા પુકારી ઊઠ્યું છે. હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં આપવામાં આવેલી ઓરેન્જ એલર્ટ વચ્ચે રણપ્રદેશ કચ્છના સંખ્યાબંધ મથકોએ સતત ચોથા દિવસે મહત્તમ તાપમાનનો આંક ૩૯ ડિગ્રી સે.થી ૪૧ ડિગ્રી સે. રહેવા પામ્યો હતો.

છેવાડાના વાગડથી લઈ કોટેશ્વર સુધીના મરહકોમાં ઉના વાયરા ફૂંકાતા જનજીવન મૂર્છિત થઇ ગયું છે

કંડલા(એ) કેન્દ્રમાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રીએ પહોંચતા અંજાર-ગાંધીધામના તમામ મથકોએ કાળઝાળ ગરમીનો અનુભવ કર્યો છે, જયારે જિલ્લા મથક ભુજમાં મહત્તમ તાપમાનમાં બે ડિગ્રીના ઘટાડા સાથે ૪૧ ડિગ્રીએ પહોંચતા અંગ દઝાડતા તાપમાં આંશિક રાહત થઇ છે, અલબત્ત લઘુતમ પારો ૨૮ ડિગ્રી જેટલો ઊંચો રહેવાની સાથે મોડી સાંજે ઊકળાટનો દોર યથાવત્ રહેવા પામ્યો હતો.

રણકાંધીના રાપરમાં ૪૦ જયારે સીમાવર્તી ખાવડામાં પણ ૪૦ ડિગ્રી તાપમાન સાથે અત્યારે પડી રહેલી અકળાવનારી ગરમીનું સામ્રાજ્ય સર્વત્ર છવાયેલું જોવા મળ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, પવનોની દિશા બંગાળની ખાડીમાં સર્જાયેલા હવાના દબાણને કારણે પલટાઈ છે જેને કારણે ફરી એકવાર આકરી ગરમીએ જનજીવનને બાનમાં લીધું છે અને આગામી ત્રણથી ચાર દિવસ સુધી સૌરાષ્ટ્ર-કચ્છમાં આંશિક ચઢાવ ઉતાર ધરાવતો ગરમીનો દોર યથાવત્ રહેવાની હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે. ■

# ઘરના આંગણે ખાટલામાં સૂતેલા બે ભાઇ પર પડોશીએ કાર ચડાવીઃ એકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર નજીક સિંગરવાના ભગવતીનગરમાં શ્રમજીવી પરિવારના બે દીકરા ઘર બહાર ખાટલામાં ઉંઘતા હતા ત્યારે પાડોશી પોતાની કાર બહાર કાઢતાં તેમના પર ચડાવી દીધી હતી. જેમાં મોટા ભાઇનું મોત નિપજ્યું હતું. જ્યારે નાનો ભાઇ ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પોલીસે ગુનો નોંધી કારચાલક પાડોશીની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ શહેરના છેવાટે આવેલા સિંગરવા ભગવતીનગરમાં રહેતા સવરનાથ મોહંતો અને તેની પત્ની મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેના ત્રણ સંતાનો પણ તેમની સાથે જ રહે છે. ગરમીને કારણે પરિવારનો ૧૫ વર્ષીય પુત્ર નિખિલ અને ૪ વર્ષીય રોનક ખાટલામાં ઘરની બહાર સૂતા હતા. તે દરમિયાન પાડોશી મોનુકુમાર તેલી પાર્ક કરેલી કાર હટાવી રહ્યો હતો. આ દરમિયાન બ્રેકની જગ્યાએ એક્સિલેટર પર પગ મૂકી દેતા કાર ખાટલામાં સૂઈ રહેલા નિખિલ અને રોનકને ટકરાઈ હતી. જેથી હવામાં ફંગોળાઈને જમીને પટકાઈ પડેલા બન્ને ભાઈને ગંભીર ઈજા થઈ હતી. અકસ્માત બાદ મોનુકુમાર તેની જ કારમાં બન્ને ભાઈને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયો હતો. ■

# મુંદરા ૩.૭૫ કરોડના તોડકાંડના આરોપી ઝાલાની જામીન અરજી હાઈ કોર્ટે ફગાવી

ભુજઃ કચ્છના મુંદરા ખાતેથી બહાર આવેલા પોલીસ કર્મીઓને સંડોવતા સોપારી તોડકાંડમાં મુખ્ય સૂત્રધાર ગણાવાયેલા એએસઆઇ કિરીટસિંહ બળદેવસિંહ ઝાલા (રહે. ગાંધીધામ)એ ચાર્જશીટ બાદ કરેલી નિયમિત જામીન અરજી ગુજરાતની વડી અદાલતે આરોપીની ભૂમિકાને ગંભીર ગણી અને પોલીસ અધિકારી હોવા છતાં આ પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાતો રહ્યો હોવાનું અવલોકન કરી જામીન અરજીને ફગાવી દીધી છે.

ગત ૧૦મી ઑક્ટોબર, ૨૦૨૩ના રોજ ગાંધીધામના વેપારી એવા અનિલ તરુણ પંડિતે કિરીટસિંહ સહિત સાયબર ક્રાઈમ સેલના ચાર પોલીસ કર્મચારીઓ તથા ગાંધીધામના પંકિલ મોહતા અને શૈલેન્દ્ર માધુભા સોઢા ઊર્ફે ભાણુ સામે મુંદરા પોલીસ મથકમાં સોપારી છોડાવવા પેટે ૩.૭૫ કરોડનો તોડ કર્યો હોવાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત ૧૩-૦૪-૨૦૨૩ના રોજ તેની મુંદરામાં આવેલી ફોરફોક્સ લોજિસ્ટિક પેઢીના ગોડાઉનમાંથી ૧.૫૪ કરોડની સોપારી ભરેલી ટ્રક નીકળી ત્યારે શહેરના ઝીરો પોઈન્ટ પાસે વોચમાં ઊભેલા પોલીસ કર્મચારીઓએ ટ્રકને અટકાવ્યા બાદ ગોડાઉન પર જઈને ત્યાંના મેનેજર આશિષ પટેલને બળજબરીપૂર્વક કારમાં બેસાડી તેનું અપહરણ કર્યું હતું.

આ દાણચોરીની સોપારી છે અને પતાવટ કરવા પેટે નાણાં નહીં આપો તો ગોડાઉનને સીલ મારી માલ જપ્ત કરાશે અને ફરિયાદ દાખલ કરાશે તેમ જણાવી વચેટિયા પંકિલ મોહતાએ પોલીસ કર્મચારીઓ વતી ૩.૭૫ કરોડ રૂપિયા માગ્યાં હતાં. પંડિતે રૂપિયા આપવાની તૈયારી દર્શાવ્યાં બાદ પોલીસકર્મીઓએ અપહૃત મેનેજરને છોડી દીધો હતો. ત્યારબાદ આરોપીઓને આંગડિયા તથા વચેટિયાઓ વતી ટૂકડે ટૂકડે પોણા ચાર કરોડ રૂપિયા પહોંચાડી દેવાયાં હતાં. આ મામલે પંડિતે અઢી મહિના બાદ ભુજમાં રેન્જ આઇજી મોથલિયાને મળીને લેખીત રજૂઆત કરી હોવાનું જાણીને ફફડી ગયેલા ચારે તોડબાજ પોલીસ કર્મીઓ અંડરગ્રાઉન્ડ થઈ ગયા હતા અને મામલાને રફેદફે કરવા ૩.૭૫ કરોડ રૂપિયા પરત આપી દીધા હતા.

પંડિતે કિરીટ સહિતના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૨૦-બી (ગુનાહિત કાવતરું રચવું), ૩૬૫ (અપહરણ), ૩૪૨ (ગેરકાયદે ગોંધી રાખવું), ૩૮૯ (ખંડણી વસૂલવા ગંભીર કેસમાં ફસાવી દેવાનો ડર બતાડવો), ૩૮૪ (ખંડણી માગવી), ૧૧૪ તથા ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની વિવિધ ધારા હેઠળ ફરિયાદ નોંધાવ્યા બાદ આ કેસની તપાસ થરાદના ડીવાયએસપી એસ.એમ. વારોતરીયા કરી રહ્યા છે. ■

# ગુજરાતમાં ગરમીથી રોજ ૮૦૦ લોકો બેભાન

અમદાવાદઃ ગુજરાતમાં ગરમી તમામ રેકોર્ડ તોડી રહી છે. રાજ્યમાં ગરમીને કારણે લૂ લાગવાથી ચક્કર આવવાના રોજના ૮૦૦ કેસ આવી રહ્યાં છે. તેથી આરોગ્ય વિભાગ પણ લોકોને પુષ્કળ પાણી પીવાની સલાહ આપી રહ્યું છે.

ગરમી વધવાની સાથે ગુજરાતમાં બેભાન થઈ જવાના કેસોમાં એકાએક વધારો થઈ રહ્યો છે. આ સિવાય ગરમીને લગતી અન્ય બીમારીઓ જેમ કે, ઝાડા ઊલટી, પેટમાં દુખાવો જેવા કેસ પણ આવી રહ્યાં છે. રાજ્યમાં રોજના ૮૦૦ લોકો ગરમીને કારણે બેભાન થઈને ઢળી પડે છે.

આવા લોકોને ઈમરજન્સીમાં લઈ જતા ૧૦૮ ની સેવામાં કોલનો વધારો થયો છે. રાજ્ય સરકારે હિટવેટ સામે એલર્ટ જાહેર કર્યું છે. આ માટે એક એક્શન પ્લાન તૈયાર કરાયો છે. જેમાં આરોગ્ય વિભાગ દ્વારા ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે. લોકોએ શક્ય હોય ત્યાં સુધી ઘરમાં જ રહી, ઘરગથ્થુ ઉપાય કરવા. જેવા કે કાચી કેરી સાથે ડુંગળીનું ધાણાજીરું નાખેલું કચુંબર લૂ લાગવાની શક્યતા ઘટાડી શકે છે. ભીના કપડાંનો ઉપયોગ કરવો અથવા લૂ લાગી હોય તે વ્યક્તિના માથા પર પાણી રેડવું. શરીરમાં પાણીનું પ્રમાણ જળવાઈ રહે તે માટે ઓ.આર.એસ. અથવા લીંબુ શરબત જેવું ઠંડુ પ્રવાહી આપવું. ■



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓનાં નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) પ્રકાશ કુમાર અગ્રવાલ | ૪૩ | ૨,૦૦,૦૦૦ |
| ૨) આશા જૈન | ૬૯ | ૧,૨૦,૦૦૦ |
| ૩) અબ્દુલ અજીજ | ૩૨ | ૧,૫૦,૦૦૦ |
| ૪) શાબુદ્દીન અલી | ૫૧ | ૨૧,૦૦૦ |
| ૫) દીપાલી દત્તા | ૫૮ | ૬૦,૦૦૦ |
| ૬) સુભાષચંદ્ર શાહ | ૫૫ | ૧,૦૦,૦૦૦ |
| ૭) રેખાર્નિ મંડી | ૫૧ | ૧,૫૦,૦૦૦ |
| ૮) અમ્રિતા સિંગ | ૪૦ | ૩,૨૦,૦૦૦ |
| ૯) મુમતાઝ અંસારી | ૫૦ | ૨,૦૦,૦૦૦ |
| ૧૦) સુરેન્દ્ર સૌ | ૪૮ | ૪૦,૦૦૦ |
| ૧૧) મોહમ્મદ ઈલ્યાસ | ૬૮ | ૨૫,૦૦૦ |
| ૧૨) રામ્પી બિસ્વાસ | ૨૮ | ૨,૫૦,૦૦૦ |
| ૧૩) પંપા દાસ સિંગ | ૪૫ | ૧,૦૦,૦૦૦ |
| ૧૪) એસકે રફીક અલી | ૩૮ | ૭૦,૦૦૦ |
| ૧૫) નોજી બીબી | ૫૩ | ૮૦,૦૦૦ |
| ૧૬) હિરેન પ્રધાન | ૬૩ | ૮૦,૦૦૦ |
| ૧૭) બિપુલ રાય | ૪૩ | ૧,૦૦,૦૦૦ |
| ૧૮) ગીતા જૈન આર્ય | ૪૪ | ૭૫,૦૦૦ |
| નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. | | |
| ૧૯) યુગ યાદવ | ૮ મહિના | ૨,૦૦,૦૦૦ |
| નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. | | |
| ૨૦) માર્કુ રાજૈયા ચટ્યાલા | ૫૫ | ૫૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# વિદર્ભ ભઠ્ઠીમાં શેકાયું: તાપમાનનો પારો ૪૪ ડિગ્રી: મુંબઈમાં ગરમીમાં રાહત, જોકે ઊકળાટ કાયમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં બે દિવસથી ગરમીમાં થોડી રાહત મળી છે. જોકે બફારો અને ઉકળાટ હજી જણાઈ રહ્યો છે. ત્યારે રાજ્યમાં વિદર્ભ એક તરફ ભઠ્ઠીમાં શેકાઈ રહ્યું છે. વિદર્ભના અકોલામાં ૪૪ ડિગ્રી સાથે સમગ્ર રાજ્યમાં સૌથી હોટેસ્ટ વિસ્તાર રહ્યો હતો. વિદર્ભના મોટાભાગના જિલ્લામાં તાપમાનનો પારો ૪૧થી ૪૪ ડિગ્રીની આસપાસ નોંધાયો હતો.

મુંબઈમાં છેલ્લા બે દિવસથી તાપમાનનો પારો નીચે ઉતર્યો છે. મંગળવારે ૧૬ એપ્રિલના હજી મુંબઈમાં તાપમાનનો પારો ૩૯.૭ ડિગ્રી જેટલો ઊંચો નોંધાયો હતો, જે છેલ્લા એક દાયકાનું એપ્રિલનું સૌથી ઊંચુ તાપમાન હતું. જોકે બુધવારથી તાપમાનમાં હળવો ઘટાડો થયો છે. શુક્રવારે દિવસ દરમિયાન સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૪.૮ ડિગ્રી અને કોલાબામાં ૩૩.૭ ડિગ્રી જેટલું નોંધાયું હતું. બે-ત્રણ દિવસથી તાપમાનનો પારો થોડો નીચે ઉતર્યો છે, જોકે ગરમી અને સખત બફારાને કારણે મુંબઈગરા હેરાનપરેશાન થઈ ગયા છે. પાલિકાના આરોગ્ય ખાતાના જણાવ્યા મુજબ પાલિકાના દવાખાના અને હૉસ્પિટલમાં આકરી ગરમીને કારણે લૂ લાગવાના, ચક્કર અને ઊલટી વગેરેના અનેક દર્દી સારવાર માટે આવ્યા હતા.

મુંબઈમાં થોડી રાહત મળી છે તો રાજ્યના અન્ય જિલ્લામાં હાલ વિચિત્ર વાતાવરણ જોવા મળી રહ્યું છે. અમુક જિલ્લામાં કાળઝાળ ગરમી પડી રહી છે, તો અમુક જિલ્લામાં કમોસમી વરસાદ અને કરા પડી રહ્યા છે. વિદર્ભમાં એક તરફ ગરમીનું મોજું ફરી વળ્યું છે તો બીજી તરફ કોંકણ, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડ અને વિદર્ભના જ અમુક જિલ્લામાં વીજળીના ગડગડાટ સાથે કમોસમી વરસાદ અને કરા પડી રહ્યા છે, તેથી ખેડૂતોને રડવાનો વખત આવ્યો છે.

શુક્રવારે સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચુ તાપમાન વિદર્ભના અકોલામાં ૪૪ ડિગ્રી નોંધાયું હતું. ચંદ્રપુરમાં ૪૩.૮ ડિગ્રી, વાશિમમાં ૪૩.૬ ડિગ્રી, બ્રહ્મપુરીમાં ૪૩.૧ ડિગ્રી, અમરાવતીમાં ૪૨.૮ ડિગ્રી, વર્ધામાં ૪૨.૫ ડિગ્રી, યવતમાળમાં ૪૨.૫ ડિગ્રી, નાગપૂરમાં ૪૧.૪ ડિગ્રી, ગોંદિયામા ૪૧.૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

મરાઠવાડના અમુક જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી વચ્ચે ઔરંગાબાદમાં ૪૦.૯ ડિગ્રી, પરભણીમાં ૪૨.૨ ડિગ્રી, બીડમાં ૪૧.૪ ડિગ્રી, નાંદેડમાં ૪૧.૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. મધ્ય મહારાષ્ટ્રના અમુક જિલ્લામાં પણ કમોસમી વરસાદની આગાહી વચ્ચે મોટાભાગના જિલ્લામાં તાપમાનનો પારો ઊંચો નોંધાયો હતો. જળગાંવમાં ૪૩.૨ ડિગ્રી, જેરુરમાં ૪૨.૫ ડિગ્રી, અહમદનગરમાં ૪૦.૦ ડિગ્રી, માલેગાંવમાં ૪૨.૦ ડિગ્રી, સતારામાં ૩૯.૦ ડિગ્રી, સોલાપુરમાં ૩૮.૨ ડિગ્રી, નાશિકમાં ૩૯.૪ ડિગ્રી તાપમાન તો હિલ સ્ટેશન મહાબળેશ્વરમાં ૩૧.૬ ડિગ્રી નોંધાયું હતું.

# હિટસ્ટ્રોકની અસર પશુ-પક્ષી પર પણ પડી: ૧૫૦થી વધુ પશુ-પક્ષીનાં પ્રાણપંખેરું ઊડ્યાં

મુંબઈ: છેલ્લા ચાર દિવસ દરમિયાન સૂરજદાદાએ પોતાનો પ્રકોપ દેખાડતાં શહેરીજનો પરેશાન થઇ ગયા છે. હીટસ્ટ્રોકની અસર એટલી બધી છે કે પ્રાણીઓના હાલ બેહાલ થઇ ગયા છે. આ મહિનાની શરૂઆતથી અત્યાર સુધીમાં ૧૫૦થી વધુ પશુ-પક્ષીઓ હીટસ્ટ્રોકના શિકાર થયા છે. અનેક પ્રાણીઓએ તો ડિહાઈડ્રેશનને કારણે શ્વાસ ગુમાવ્યા છે. વધતા તાપમાન અને પાણીના અભાવને કારણે પક્ષીઓ ઊડતા સમયે કે પછી વૃક્ષ પરથી પડવાને કારણે જીવ ગુમાવી રહ્યા છે. હાલમાં જ ૧૫મી એપ્રિલે રેકોર્ડ બ્રેક ગરમીનો રેકોર્ડ નોંધાયો હતો. ત્યાર પછી ઉષ્ણતામાનનો પારો થોડો હેઠે ઊતર્યો પણ અત્યારે પણ ગરમી અને ઉકળાટથી લોકો પરેશાન છે. વધી રહેલા તાપમાનની અસર રખડતાં પ્રાણીઓ અને પક્ષીઓ પર થઇ રહી છે. શહેરમાં અનેક પ્રોજેક્ટ અને ગગનચુંબી ઈમારતોનાં કામ ચાલી રહ્યાં છે. અનેક ઠેકાણે વૃક્ષોને તોડવાનાં કામ ચાલી રહ્યાં છે, જેને કારણે શહેરના તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્શિયસમાં વધારો નોંધાયો છે. બીજી બાજુ પાણીના અભાવને કારણે પશુ-પક્ષીઓએ પોતાના જીવ ગુમાવવા પડી રહ્યા છે.

વધતા જતા તાપમાનને કારણે ૧૦૦થી વધુ લોકોને લૂની અસર થઇ છે, જ્યારે ૧૫૦થી વધુ પશુ-પક્ષીઓનાં મૃત્યુ થયાં હોવાનું જાણવા મળે છે. હાલમાં શહેરમાં ૩૪થી ૩૫ ડિગ્રી તાપમાન છે અને હવામાન ખાતાએ યેલો એલર્ટ જાહેર કર્યું છે. સવારે ૧૧થી સાંજે ૪ વાગ્યા દરમિયાન જરૂરી ન હોય તો ઘરની બહાર ન નીકળવાની સલાહ આપવામાં આવી છે.

**૧૦થી ૧૫ પશુ-પક્ષી હોસ્પિટલમાં લાવવામાં આવે છે**

દરરોજ અંદાજે ૧૦થી ૧૫ પશુ-પક્ષીઓને વેટરનરી હોસ્પિટલોમાં સારવાર માટે લાવવામાં આવી રહ્યાં છે. ગરમી વધવાને કારણે પક્ષીઓનાં શરીરમાં પાણીની માત્રા ઓછી થઇ જવાને કારણે અચાનક જ વૃક્ષ પરથી પડી જવાથી પક્ષીઓ મૃત્યુ પામી રહ્યાં છે. જનાવરોમાં ગાય, શ્વાન અને બિલાડીઓ પણ હીટસ્ટ્રોકના શિકાર બની રહ્યાં છે.

પશુ-પક્ષીઓ માટે ખુલ્લામાં પાણી અને ખાવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. હાલમાં હોસ્પિટલમાં પશુપ્રેમીઓ દ્વારા પશુ-પક્ષીઓને લાવવામાં આવી રહ્યા છે એમાંના મોટા ભાગના મામલા ડિહાઈડ્રેશનના છે, એવું વેટરનરી કોલેજના ડો. એન. પવારે જણાવ્યું હતું.

મ્યુનિસિપલ કર્મચારી કામગાર સેનાની માગ

# પાલિકા કર્મચારીનાં સંતાનોને ₹ ૨૫ હજારનું શૈક્ષણિક ભથ્થું આપો

મુંબઈ: કેન્દ્ર સરકારી કર્મચારીઓનાં સંતાનોને છઠ્ઠા અને સાતમા વેતન પંચ અનુસાર રૂ. ૨૫ હજારનું શૈક્ષણિક ભથ્થું આપવામાં આવી રહ્યું છે. એ પાર્શ્વભૂમિ પર મુંબઈ મહાપાલિકામાં કામ કરતા કર્મચારીઓનાં સંતાનોને પણ રૂ. ૨૫ હજારનું ભથ્થું આપવામાં આવે, એવી માગણી મ્યુનિસિપલ કર્મચારી કામગાર સેનાએ મહાપાલિકાના કમિશનર પાસે કરી છે.

મુંબઈ મહાપાલિકાના કર્મચારીઓને વેતન અને ભથ્થું કેન્દ્ર સરકારના વેતન પંચ અનુસાર આપવામાં આવી રહ્યું છે. કેન્દ્ર સરકારે કેન્દ્રના કર્મચારીઓને વેતન પંચ લાગુ કરે કે એ વેતન પંચ રાજ્ય સરકાર રાજ્યના કર્મચારીઓને પણ લાગુ કરતા હોય છે કે પછી ત્યાર બાદ રાજ્ય સરકારની ધરતી પર મુંબઈ મહાપાલિકાના કર્મચારીઓને લાગુ કરવામાં આવતું હોય છે. આને કારણે પાલિકા કર્મચારીઓનાં સંતાનોને પણ કેન્દ્ર સરકાર અનુસાર શૈક્ષણિક ભથ્થું આપવામાં આવે, એવી માગણી કામગાર સેનાના અધ્યક્ષ બાબા કદમે અને ઉપાધ્યક્ષ ડો. સંજય કાંબળે-બાપેરકરે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીને કરી છે. છેલ્લાં અનેક વર્ષમાં મોંઘવારી વધી ગઇ છે. આ કારણે જ કેન્દ્ર સરકારે પોતાના કર્મચારીઓનાં વિવિધ ભથ્થાંમાં સુધારા કર્યા છે. પાલિકા કર્મચારીઓનાં સંતાનોને હાલમાં મળી રહેલા શૈક્ષણિક ભથ્થાની રકમ છ હજાર રૂપિયા જેટલી જ છે. એટલે જ કેન્દ્ર સરકાર છઠ્ઠા અને સાતમા વેતન પંચ અનુસાર કેન્દ્ર સરકારી કર્મચારીઓનાં સંતાનોને જેટલું શૈક્ષણિક ભથ્થું આપે છે, એટલું જ પાલિકાના કર્મચારીઓનાં સંતાનોને આપવું, એવી માગણી કર્મચારી કામગાર સેનાની છે.

# દિવ્યાંગ અને વરિષ્ઠ મતદારો માટે વાહનની સુવિધા

ચૂંટણી પંચ દ્વારા પ્રજ્ઞાચક્ષુ મતદારો માટે પણ વિશેષ વ્યવસ્થા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લોકશાહી વધુ મજબૂત બને અને તમામ મતદારો પોતાના મતદાનની ફરજ નિભાવે એ માટે જિલ્લા ચૂંટણી પંચ દ્વારા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. નસ્વીપથ કાર્યક્રમ દ્વારા આંગણવાડી તેમ જ અન્ય સરકારી કર્મચારીઓને બોલાવી લોકોમાં મતદાન અંગે જાગરૂકતા ફેલાવવા, સરકારી કર્મચારીઓ અને અધિકારીઓને મતદાન અને ચૂંટણી પ્રક્રિયાની તાલીમ આપવાના કાર્યક્રમો ઉપરાંત ખાસ કરીને દિવ્યાંગ, પ્રજ્ઞાચક્ષુ(આંખે ન જોઇ શકતા) અને વરિષ્ઠ મતદારો તરફ ચૂંટણી પંચે ધ્યાન કેન્દ્રિત કર્યું છે. વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગો અને પ્રજ્ઞાચક્ષુ વધુમાં વધુ મતદાન કરે એ માટે જિલ્લા ઉપનગર ચૂંટણી પંચ દ્વારા વિવિધ પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. દિવ્યાંગો, વૃદ્ધો અને પ્રજ્ઞાચક્ષુ મતદારો માટે તળ મજલે(ગ્રાઉન્ડ ફ્લોર) મતદાન કેન્દ્ર રાખવા, વ્હિલચેરની વ્યવસ્થા રાખવા જેવી વ્યવસ્થા રાખવામાં આવશે, તેવી માહિતી જિલ્લા ઉપનગર ચૂંટણી અધિકારી રાજેન્દ્ર ક્ષીરસાગરે આપી હતી.

**નસક્ષમથ એપ પર વાહનની સુવિધા નોંધાવો**

આ ઉપરાંત દિવ્યાંગ અને વૃદ્ધ નાગરિકોના ઘરે જઇને તેમની મુલાકાત લઇ તેમને આ બાબતની માહિતી આપી મતદાન યાદીમાં તેમના નામની નોંધણીની ખાતરી કરી હતી. આ ઉપરાંત મતદાનના દિવસે તેમની માટે વાહનની વ્યવસ્થા પણ ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવશે. જોકે જે પણ મતદારને આ વ્યવસ્થાનો ઉપયોગ કરવો હોય તેમણે આ સુવિધા માટે પહેલાથી ચૂંટણી પંચને જાણ કરવાની રહેશે. નસક્ષમથ એપ્લિકેશન દ્વારા વાહન માટેની સુવિધા માટે અરજી કરવાની રહેશે.

વિદ્યાર્થીઓનાં ભવિષ્ય સાથે ખેલ ન ખેલો

# પાંચમા ધોરણ સુધીના ક્લાસ સવારે નવ વાગ્યા પછી રાખવા માટે શિક્ષક-વાલીઓનો તીવ્ર વિરોધ

મુંબઈ: રાજકીય નેતાઓ પ્રચારના રણમેદાનમાં વ્યસ્ત છે. તેઓએ વિદ્યાર્થીઓનાં ભવિષ્યથી રમત રમવી ન જોઇએ. છોકરાઓને શાળામાં કયા સમયે મોકલવા, એ નિર્ણય સરકારના શિક્ષણ વિભાગે વાલીઓ પર લાદવા કરતાં સ્કૂલનો સમય શિક્ષક અને વાલી સંગઠનને નક્કી કરવા દો. સ્કૂલ મોડી શરૂ કરવાનો ફટકો તમામ લોકોને પડશે, શું તેની જાણ સરકારને છે, એવો રોષ ઠાલવીને વાલી સંગઠને શિક્ષણ વિભાગનો વિરોધ કર્યો હતો.

શિક્ષક અને વાલી એમ બંનેનો પાંચમા ધોરણ સુધીના ક્લાસ સવારે નવ વાગ્યા બાદ લેવામાં આવે તેનો વિરોધ છે. હાલમાં રાજ્યમાં સ્કૂલ જૂના ટાઈમટેબલ અનુસાર ચાલી રહી છે, પણ જૂનથી સવારે નવ વાગ્યા બાદ પાંચમા ધોરણ સુધીના ક્લાસ લેવામાં આવે એવો આદેશ શિક્ષણ વિભાગે બહાર પાડ્યો છે. જો જબરદસ્તી કરવામાં આવશે તો સ્કૂલ અને વાલીઓ દ્વારા તેનો જોરદાર વિરોધ કરવામાં આવશે, એવું વાલી સંગઠને જણાવ્યું હતું.

સ્કૂલની ફીથી લઇને સમય, યુનિફોર્મ અંગેનો નિર્ણય લેતા સમયે નશિક્ષક-વાલી સંઘથ (પીટીએ) એ કાયદાના અસ્તિત્વમાં રાખવામાં આવેલી વ્યવસ્થા છે. જોકે તેને નેવે મૂકવામાં આવે છે અને સ્કૂલ પર સમયની ફરજ પાડવામાં આવે છે. આને કારણે અનેક શાળા વાલી-શિક્ષકોના મત લઇ રહ્યા છે.

પ્રિ-પ્રાઈમરી અને પ્રાઈમરીથી ચોથા ધોરણ સુધીના વિદ્યાર્થી એક જ સમયે બેસી શકે એટલા ક્લાસ પૂરતી સંખ્યામાં નથી. આને કારણે નવ વાગ્યા બાદ એક જ સેશનમાં તમામ પ્રાઈમરી ક્લાસ લેવા એ શક્ય નથી, એવું પવઈની એક સ્કૂલના પ્રિન્સિપાલે જણાવ્યું હતું. મોટા ભાગના વાલીઓએ તો સમયમાં ફેરફાર કરવાનો વિરોધ કર્યો જ છે, સાથે સાથે શિક્ષકોએ પણ આ માટે વિરોધ નોંધાવ્યો છે.

**પીટીએનો અધિકાર:** ૨૦૧૧ના ફી કંટ્રોલ એક્ટે નપીટીએથને વ્યાપક અધિકાર આપ્યો છે. તેમાં ફીને નક્કી કરવાથી લઇને નાની-મોટી બાબતો અંગે નિર્ણય લેવાનો અધિકાર પીટીએને આપવામાં આવ્યો છે. સ્કૂલનો સમય નક્કી કરવાનો નિર્ણય પણ પીટીએ સાથે વિચારવિમર્શ કર્યા બાદ લેવો જોઇએ. પણ પીટીએના અધિકારને નેવે મૂકીને રાજ્ય સરકાર સમય અંગે નિર્ણય સ્કૂલના માથે ઠોકી બેસાડે છે. સ્કૂલ, શિક્ષક અને વાલીઓ પર આવાં બંધન નાખવાં યોગ્ય નથી, એવું સંગઠનના સભ્યએ જણાવ્યું હતું.

**શા માટે થઇ રહ્યો છે વિરોધ:** પ્રાઈમરીના ક્લાસ એક જ સમયે લેવામાં આવે એવી પાયાભૂત સુવિધા ન હોવાને કારણે બે સેશનમાં ચલાવનારી અનેક સ્કૂલોએ નવી નીતિ માટે વિરોધ કર્યો છે. જોકે વાલીઓને તેમની સગવડ અનુસાર સવાર કે પછી બપોરનો સમય પસંદ આવતો હોઇ તેઓને પણ બપોરના એક સેશનનો વિકલ્પ પસંદ નહીં પડે.

# શું મુંબઈમાં આયુષ્યમાન ભારત યોજના કોઈ કામની નથી?

મુંબઈ: ભાજપે હાલમાં જ તેના ચૂંટણીઢંઢેરામાં ૭૦ કે તેનાથી વધુ વય ધરાવતા લોકોને આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી - જન આરોગ્ય યોજના (એબી-પીએમજેએવાય)માં આવરી લેવાનું વચન આપ્યું છે, પણ મુંબઈમાં ૧૦થી પણ ઓછી ખાનગી હોસ્પિટલો આ યોજના સાથે જોડાયેલી છે. મુંબઈમાં મોટી અને પ્રખ્યાત હોસ્પિટલોમાં, જ્યાં ગંભીર બીમારીની સારવાર થાય છે કે પછી ઓપરેશન થતાં હોય છે, એવી માત્ર ત્રણથી ચાર હોસ્પિટલોનો જ સમાવેશ થયા છે. ગરીબોના મેડિકલ ખર્ચનો ભાર ઓછો કરવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૮માં એબી-પીએમજેએવાય યોજના શરૂ કરી હતી. આ યોજના હેઠળ આર્થિક રૂપે નબળા વર્ગના લોકોને રૂ. પાંચ લાખ સુધીનું વીમાકવચ આપવામાં આવે છે. હવે લોકસભા ચૂંટણીમાં ભાજપે તેના ચૂંટણીઢંઢેરામાં આયુષ્યમાન યોજના કા લાભ તમામ સિનિયર સિટિઝનને આપવાની વાત જણાવી છે. સરકારની આ યોજનાનો લાભ લેવા માટે દર્દી અને તેના પરિવારજનોએ ભારે મુશ્કેલી સહન કરવી પડે છે. કલાકો સુધી લાઈનમાં ઊભું રહેવું પડે છે. આનું સૌથી મોટું કારણ એ છે કે મોટા ભાગની ખાનગી હોસ્પિટલોનો આ યોજનામાં સમાવેશ થતો નથી. એબીપીએમજેએવાયની વેબસાઈટ પર પ્રાપ્ત માહિતી અનુસાર મુંબઈમાં અમુક જ હોસ્પિટલોમાં ઉક્ત વીમા હેઠળ સારવાર ઉપલબ્ધ થાય છે. આમાં એસઆરસીસી, વાડિયા, કે.જે. સોમૈયા, એપેક્સ એચસીજી કેન્સર કેયર હોસ્પિટલ અને ત્યાર પછી અન્ય નાની હોસ્પિટલોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત અંદાજે ૧૦ ડાયાલિસિસ સેન્ટર છે. ઈન્ડિયન મેડિકલ એસોસિયેશનથી જોડાયેલા એક સિનિયર મેમ્બરે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે આયુષ્યમાન ભારત એક સારી યોજના છે., પણ એકદમ જ ઓછી હોસ્પિટલો આ યોજના સાથે જોડાયેલી છે. મોટા ભાગની હોસ્પિટલ પાલિકા અને સરકારી છે, જે પહેલાંથી જ નિઃશુલ્ક અને સસ્તા ભાવે સારવાર કરી રહી છે. સમય પર અને ક્વોલિટી ટ્રીટમેન્ટ સારવાર મળી મુશ્કેલ છે, કેમ કે મુંબઈની પાલિકા અને સરકારી હોસ્પિટલોમાં પહેલાંથી જ દર્દીઓનો ભાર વધુ પ્રમાણમાં છે. અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે યોજના તો સારી છે, પણ મુંબઈમાં આ યોજના સફળ નથી થઇ, કારણ કે અહીંની ખાનગી હોસ્પિટલોનો મેડિકલ ખર્ચ, ગ્રામીણ ક્ષેત્રની ખાનગી હોસ્પિટલોથી વધુ છે. આ માટે જ ખાનગી હોસ્પિટલો આમાં સહભાગી નથી થતી. આ યોજના હેઠળ લેવામાં આવતું પ્રીમિયમ સરકારે કાં તો ઓછું કરવું જોઇએ કાં પછી પ્રીમિયમની અમુક રકમ સરકારે આપવી જોઇએ.

## હિન્દુ મરણ

**વિસા સોરઠિયા વણિક**

ગામ સીલ, હાલ વાશી, સ્વ. ધીરેન્દ્ર વ્રજલાલ શાહના ધર્મપત્ની ગં.સ્વ. પ્રજ્ઞા ધી. શાહ (ઉં. વ. ૭૨) ૧૬/૪/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે અંકુર શાહના મમ્મી. સીમાના સાસુ. ઝીલના દાદી. રામ પ્રતાપ સોમૈયાના પુત્રી. તેમની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. શીવજી રામજી ચોથાણી ગં.સ્વ. વીમળાબેન શીવજી ચૌથાણી ગામ પત્રી હાલ મુલુન્ડ ચેકનાકાના મોટા પુત્ર મહેશ (મણીલાલ) (ઉં. વ. ૬૫) અનિતાબેનના પતિ. ડોલી તથા રાજના પિતાશ્રી. જીગર રમેશ આઈયાના સસરા. સ્વ. કમલેશ, કિરીટ, દક્ષા દેવેન્દ્ર વોરાણી, નીતા ગીરીશ સેજપાલ તથા નયના ઉમેશ પવાણીના ભાઈ. સ્વ. મોહનલાલ ભવાનજી તન્ના મુરૂવાળાના મોટા જમાઈ ૧૮-૪-૨૪, ગુરુવારના રામશરણ મુલુન્ડ મધ્યે પામેલ છે. પ્રાર્થનાસભા ૨૦-૪-૨૪ કચ્છી લોહાણા મહાજન વાડી, આર.આર.ટી. રોડ, ગ્રાઉન્ડ ફ્લોર મધ્યે રાખેલ છે. ટાઈમ ૫.૩૦થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે. બૈરાઓએ તેજ દિવસે આવી જવું.

**વિશા નાગર વણિક**

સુરેન્દ્ર બાબુભાઈ શેઠ (ઉં. વ. ૯૪) તા. ૧૯.૦૪.૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. બાબુભાઈ છગનલાલ શેઠના સુપુત્ર. મધુરીબેનના પતિ. પિયુષ- રૂપલ તથા નિરીક્ષા, ઈરફાનભાઈના પિતા. અરવિંદભાઈના મોટાભાઈ. પ્રિયા - નિહારભાઈ, ઉમંગ, અમાન અને અસદના દાદા.

**પંચાલ લુહાર**

સુરતના હાલ કાંદિવલી સ્વ.કેશવલાલ અંબારામ કોન્ટ્રાક્ટર (ઉં. વ. ૯૩) તે જયશ્રીબેનના પતિ. ધીરેનભાઈ તથા પરેશભાઈના પિતા. અ.સૌ.મીનાબેન તથા અ.સૌ જયોતિબેનના સસરા. સ્વ. ભગવાનદાસ, સ્વ. હીરાબેન ઈશ્વરલાલ એન્જીનીયર, સ્વ.નિર્મળાબેન પંચાલ, સ્વ. સરસ્વતીબેન શાંતિલાલ પંચાલ, સ્વ. કંચનબેન ત્રિભોવનભાઈ પંચાલના ભાઈ. સ્વ.ભગવાનદાસ વિઠ્ઠલદાસ પંચાલના જમાઈ બુધવાર ૧૭/૪/૨૪ના શ્રીરામશરણ પામેલ છે. તેમનું બેસણું તા. ૨૧/૪/૨૪ના ૫ થી ૭. નિવાસસ્થાને બી /૫૧૨, વાઈટ સીટી, આકુર્લી રોડ, એપેક્સ હોસ્પિટલ પછી, કાંદિવલી ઈસ્ટ.

**દશા સોરઠિયા વણિક**

અ.સૌ.અનિલાબેન વખારીયા (ઉં. વ. ૭૦) હાલ મુંબઈ તે કમલેશ વખારીયાના ધર્મપત્ની. સ્વ.નાનાલાલ ધારશીભાઈ વખારીયાની પુત્રવધૂ. સ્વ.ચંદુલાલ ભાયચંદ શાહની પુત્રી. પુનીત, સુનીત, જીનીતના માતુશ્રી. મારીશા, તન્વી, જુહીના સાસુ. અનાયાના દાદી. તા. ૧૬-૪-૨૪ના મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી, એડ્રેસ- ૩૦૨, ઠક્કર ટાવર, તુલસી વાડી, આર.ટી.ઓ.ની સામે, તાડદેવ, મુંબઈ-૩૪.

**ઘોઘારી લોહાણા**

મૂળ ગામ મહુવા હાલ પૂના મહેશ મનહરલાલ કારીયા (ઉં. વ.૬૯) તા. ૧૬-૪-૨૪ના અવસાન પામેલ છે. તે વર્ષાબેનના પતિ. તે અશ્વિન અને ઝરણાના પિતાશ્રી. તે નિધી અને અનંતના સસરા. તે જીવણલાલ હંસરાજ વાલંબીઆના જમાઈ. સરોજબેન મનહરલાલ કારીયાના પુત્ર. તે રમેશ, નરેશ (રાજુ) અને શિલ્પા નવિનચંદ્રના ભાઈ, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિસા સોરઠિયા વણિક**

સ્વ. ભારતી શાહ (પોરબંદર) (ઉં. વ. ૭૧) હાલ કાંદિવલી તે સ્વ. ધીરેન્દ્ર નારણદાસ શાહના પત્ની. કવિન, જતીન અને નેહાના મમ્મી. ભૈરવી, મમતા અને ગૌરવના સાસુ. દીવીત અને વીઆના દાદી. પ્રેરિત અને દેવના નાની ગુરુવાર, ૧૮-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૦-૪-૨૪ના લોહાણા બાલાશ્રમ, મથુરાદાસ એક્સ્ટેન્શન રોડ, નિયર અતુલ ટાવર, કાંદીવલી (વે) ૫ થી ૭.

# મુંબઈ એરપોર્ટ પર ચાર દિવસમાં ₹ ૫.૭૧ કરોડનું સોનું જપ્ત

મુંબઈ: કસ્ટમ્સ વિભાગે મુંબઇના છત્રપતિ શિવાજી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર છેલ્લા ચાર દિવસમાં સોનાની દાણચોરીના ૧૨ કેસ પકડી પાડ્યા હતા. અધિકારીઓએ ૧૫થી ૧૮ એપ્રિલ દરમિયાન એરપોર્ટ પર રૂ. ૫.૭૧ કરોડની કિંમતનું સોનું જપ્ત કરીને કેટલાક પ્રવાસીની ધરપકડ કરી હતી. આ સોનું પ્રવાસીઓ શરીરમાં, સામાનમાં અને આંતરવસ્ત્રોમાં છુપાવીને લાવ્યા હતા. ચાર કિસ્સામાં વિદેશી નાગરિકો નાઇરોબી, અદિસ અબાબા અને પેરિસથી મુંબઈ આવ્યા હતા અને તેમના શરીર અને આંતરવસ્ત્રોમાંથી સોનાની લગડી, ક્રૂડ જ્વેલરી મળી આવી હતી. દુબઇથી ચાર, અબુ ધાબીથી ત્રણ, જેદ્દાહથી બે, બેહરીનથી એક, કુવૈતથી એક તેમ જ જકાર્તાથી આવેલા એક એમ કુલ ૧૨ ભારતીય નાગરિકોને એરપોર્ટ પર આંતરવામાં આવ્યા હતા. તેમની પાસેથી ૬૬૨૭ ગ્રામ સોનું જપ્ત કરાયું હતું, જે તેઓ ગુપ્તાંગ, શરીરમાં અને આંતરવસ્ત્રોમાં છુપાવીને લાવ્યા હતા. બીજી તરફ એરપોર્ટ પર કોન્ટ્રેક્ટ પરના સ્ટાફની મદદથી બે ભારતીય નાગરિકને ટ્રાન્ઝિટ એરિયામાં સોનાની દાણચોરી કરતા પકડી પાડવામાં આવ્યા હતા.

## પારસી મરણ

ભીખુ કાવસજી પીર તે મરહુમો મેહરા તથા કાવસજી પીરના દીકરી. તે મરહુમો પીલુ દાદાચાનજી, પેશોતન પીર, હોમાય કોલા ને કેરશી પીરના બહેન. તે ચેરાગ પીર, કાઉસ પીર, રૂખેશાદ ફરામજીના ફુઈજી. તે કેકી દાદાચાનજી તથા મરહુમ ફરહાદ કોલાના માસી. તે રેહાન પીર, તાયરા પીર, ઝુબીન પીર ને પ્રીયન્કા પીરના ગ્રેન્ડ ફુઈ. (ઉં. વ. ૮૮) ઠે. ૫/૮, ખાન એસ્ટટે, એમ. એમ. ચોટાની રોડ, કનોશા હાઈ સ્કૂલની સામે, માહીમ, મુંબઈ-૪૦૦૦૧૬. ઉઠમણાની ક્રિયા: તા. ૨૦-૦૪-૨૦૨૪ ને બપોરે ૦૩.૪૦ કલાકે અંધેરી મધ્યે અંધેરી સાલસેટ અગિયારીમાં.

હોશી બોમી ખોદાયજી તે મરહુમ કેટી હોશી ખોદાયજીના ધણી. તે મરહુમો રોશન તથા બોમી એમ. ખોદાયજીના દીકરા. તે મરહુમ ડેલનાઝ બેરેન નીતોના પપ્પા. તે વોરેન નીતોના સસરાજી. તે ખુરશીદ યઝદી રેડીમનીના ભાઈ. તે અરશાત ને અરઝાનના ગ્રેન્ડ ફાધર. (ઉં. વ. ૭૨) ઠે. પી-૭, શાપુરજી ભરૂચા બાગ, એસ. વી. રોડ, સોપર સ્ટોપની સામે, અંધેરી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૫૮. ઉઠમણાની ક્રિયા: તા. ૨૦-૦૪-૨૦૨૪ ને બપોરે ૩-૪૦ કલાકે મરીન લાઈન્સ મધ્યે સોડાવોટરવાલા અગિયારીમાં.

શેરૂ અરદેશર સુખેશવાલા તે મરહુમ અરદેશર ધનજીશાહ સુખેશવાલાના વિધવા. તે મરહુમો શીરીન તથા દારાબશાહ બેહરામ ભેંસાનીયાના દીકરી. તે નેવીલ અરદેશર સુખેશવાલાના મમ્મી. તે મરહુમો આઈમાય તથા ધનજીશાહ એરચશાહ સુખેશવાલાના વહુ. તે મરહુમો બેહરામ દારાબશા ભેસાન્યા ને ફરામરોઝ દારાબશા ભેસાન્યાના બહેન. તે પરવીન, આદીલ, બેરોજ, ટેમ ટન, હોમાય તથા મરહુમો વિરા ને અસ્પીના ફુઈજી.(ઉં. વ. ૯૦) ઠે. આર. જે. કોટેજ, ૨જે માળે, જહાંગીર દાજી લેન, ગ્રેન્ટ રોડ સ્ટેશનની સામે, મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાની ક્રિયા: તા. ૨૦-૦૪-૨૪ ને બપોરે ૦૩-૪૦ કલાકે ગ્રાન્ટ રોડ મધ્યે મીઠાઈવાલા અગિયારીમાં થશેજી.

રોશન એચ. જોગીના તે મરહુમો દીનામાય અને હોરમસજી દા. જોગીનાના દીકરી. તે મરહુમો કેકોબાદ, કેરસી, મીનુ, હોશંગના બહેન. તે રતી અને કેટી નરીમાન વર્કિંગ બોક્ષવાલાના બહેન. તે કેલી તેનાઝના ફુઈજી. તેમ જ ફરોખ અને પરવેઝ વર્કિંગ બોક્ષવાલાના માસીજી. (ઉં. વ. ૮૮) ઠે. પીત્રુછાયા, ફ્લેટ નં. ૫, ૨જે માળે, સ્લેટર રોડ, ગ્રાન્ટ રોડ (વે), મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાની ક્રિયા: તા. ૨૦-૦૪-૨૪ને બપોરે ૦૩-૪૦ કલાકે ગ્રાન્ટ રોડ મદયે મીઠાઈવાલા અગિયારીમાં.

ધનજીશાહ જહાંગીરજી કરંજીયા તે મરહુમ ઝરીન ધનજીશાહ કરંજીયાના ધણી. તે મરહુમ જહાંગીરજીના દીકરા. તે ફરહાદ ધનજીશાહ કરંજીયાના પપ્પા. તે પેરીન એન્જિનિયર, નોશીર કરંજીયા તથા મરહુમો જરૂ દમનીયા ને દોલત બાનાના ભાઈ. તે મીખાઈલ એન્જિનિયર, નોતરીકા એન્જિનિયર, ડેઝી, અરનવાઝ, થ્રીટી, રોહીન્ટન, મેહેર ચોથીયા, ફરામરોઝ, જીમી, ડેઝી ફરોખ હીલ્લુ તથા મરહુમ જહાંગીરના મામા. તે જરૂ નોશીર કરંજીયાના જેઠ. (ઉં. વ. ૮૭) ઠે. ૧૩/૭, રૂસ્તમ બાગ, ૩જે માળે, મુસ્તફા બજાર, સંત સાવટા માર્ગ, ભાયખલા (ઈ), મુંબઈ-૪૦૦૦૨૭. ઉઠમણાની ક્રિયા: તા. ૨૦-૦૪-૨૪ ને બપોરે ૦૩-૪૦ કલાકે ધોબીતળાવ મદયે વાડીયાજી આતશ બહેરામમાં.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાંચ ટોબરા નિવાસી હાલ સુરત-અંકલેશ્વર (સ્વ.) ચીમનલાલ નાગરચંદ જાદવજી સંઘવીના ધર્મપત્ની કાંતાબેન (ઉં. વ. ૮૭) બુધવાર તા. ૧૭-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. રજનીભાઈ, શૈલેશ, પ્રતીક્ષા, હર્ષા, નયનાના માતુશ્રી. સુરેખા, ભાવના, મહેશભાઇ, અશ્વિન, રાજેન્દ્રના સાસુ. અર્ચના મહર્ષિ, મેધા વિરલકુમાર, સાગર, ઈશાન, પલક, આયુષીના દાદી. પિયરપક્ષે પચ્છેગામવાળા જયંતિલાલ તથા ભોગીલાલભાઈના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

શેરડીના નિખીલ મહેન્દ્ર હરીયા (ઉં. વ. ૪૪) તા. ૧૮-૪-૨૪ ના અવસાન પામેલ છે. રંજનબેન મહેન્દ્રના પુત્ર. હેતલના પતિ. પિયાના પિતા. ભક્તિ, આરતીના ભાઈ. વિમળાબેન વિરચંદ ગોસરના જમાઈ. પ્રા.શ્રી ક.વિ.ઓ. સ્થા. મહાજનવાડી, ચીંચપોકલી. ટા.૩ થી ૪.૩૦. નિ : નિખીલ હરીયા. ૫૦૧, પદ્માવતી ગાર્ડન, રોડ નં.૩૩, માટુંગા, મું - ૧૯.

ગુંદાલા હાલે પત્રીના ઉમેદચંદ્ર વાલજી સતરા (ઉં. વ. ૭૭) તા. ૧૭-૪-૨૪ના દેહ પરિવર્તન કરેલ છે. રતનબેન (લધીબાઈ) વાલજીના પુત્ર. જયવંતીબેનના પતિ. વિશાલ, અંકિત, નીતા, મિત્તલના પિતા. બગડા ગંગાબેન લાલજી ખેરાજ છેડાના જમાઈ. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સ. સ. કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા.૪ થી ૫.૩૦.

**રાધનપુર તીર્થ જૈન**

હાલ મુંબઈનિવાસી સ્વ. શારદાબેન જયંતીલાલ (સાલમ)ના પુત્ર હેમેન્દ્રભાઈ તા. ૧૮-૦૪-૨૪ ને ગુરુવારના સ્વર્ગવાસ થયા છે. તે સ્વ. કુમુદબેનના પતિ. તોરલ સની પટેલ, જૈના એન્ડુપસ, હેતલજીત શાહના પપ્પા. સ્વ. દીપક, રાજેશ તથા શ્રીમતી વીણાબેનના મોટાભાઈ. સનયના નાના. જામનગરનિવાસી હાલ અંધેરી ગં. સ્વ. અશ્રુબેન વેણીલાલ શાહના જમાઈ. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**દશા શ્રીમાળી જૈન**

મહેમદપુર નિવાસી (હાલ ખાર) સ્વ. જીતેન્દ્ર અમૃતલાલ મહેતા (ઉં. વ. ૭૩) શિલ્પાબેનના પતિ તથા અંકુર, પ્રતિકના પિતા. વૈશાલી તથા હીનાના સસરા. પાર્શ્વ, આશી, નક્ષીના દાદા ૧૨-૪-૨૪ શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# લોકસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં મહારાષ્ટ્રમાં સરેરાશ ૫૪.૮૫ ટકા મતદાન

નાગપુર/મુંબઈઃ કાળઝાળ ગરમી અને ભારે તડકા વચ્ચે મહારાષ્ટ્રના વિદર્ભમાં શુક્રવારે થયેલા લોકસભાની ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાનમાં સરેરાશ ૫૪.૮૫ ટકા લોકોએ પોતાનો મતદાનનો ધર્મ બજાવ્યો હતો.

વિદર્ભમાં આવેલી નાગપુર, રામટેક (એસસી), ભંડારા-ગોંદિયા, ચંદ્રપુર અને ગઢચિરોલી-ચિમુર બેઠક પર મતદાન હાથ ધરવામાં આવ્યું હતું. વહીવટીતંત્ર દ્વારા નાગપુરમાં ૭૫ ટકા મતદાનનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું હતું, પરંતુ સાંજે પાંચ વાગ્યા સુધી ફક્ત ૫૪.૮૫ ટકા મતદાન થયું હતું. મતદાન વહેલી સવારે સાત વાગ્યે ચાલુ કરી દેવામાં આવ્યું હતું. ગરમીને ધ્યાનમાં રાખતાં મતદારો વહેલી સવારે મતદાન માટે નીકળ્યા હતા અને બપોર પછી ઘરમાં જ રહ્યા હતા.

ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર પાંચેય કેન્દ્રોનું સરેરાશ મતદાન ૫૪.૮૫ ટકા હતું. નાગપુરમાં જ્યાંથી નીતિન ગડકરી ચૂંટણી લડી રહ્યા છે ત્યાં ફક્ત ૪૭.૯૧ ટકા મતદાન થયું હતું. આ બેઠક પરથી ૨૬ ઉમેદવારો મેદાનમાં હોવાથી પરિણામ અંગે ભારે ઉત્કંઠા જોવા મળશે.

છ વખત વિધાનસભ્ય તરીકે ચૂંટાયેલા રાજ્યના પ્રધાન સુધીર મુનગંટીવાર જ્યાંથી ચૂંટણી લડી રહ્યા છે તે ચંદ્રપુરની બેઠક પર ૫૫.૧૧ ટકા મતદાન થયું હતું. નક્સલવાદ પ્રભાવી ગઢચિરોલી-ચિમુરની બેઠક પર રાજ્યમાં સૌથી વધુ ૬૪.૯૫ ટકા મતદાન સાંજે પાંચ વાગ્યા સુધી નોંધાયું હતું.

કેન્દ્રીય પ્રધાન પ્રફુલ્લ પટેલથી જાણીતી ભંડારા-ગોંદિયા બેઠક પર ૫૬.૮૭ ટકા મતદાન થયું હતું, જ્યારે રામટેકની અનામત બેઠક પર ૫૨.૩૮ ટકા મતદારોએ પોતાના અધિકારનો ઉપયોગ કર્યો હતો. ■

# મરાઠા અનામતનો મુદ્દો કુનેહપૂર્વક ઉકેલીને એકનાથ શિંદે મરાઠા વૉટ બૅન્ક મેળવશે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં જ્યારથી એકનાથ શિંદે સત્તામાં સહભાગી થયા કે તરત જ મરાઠા સમાજ દ્વારા અનામતને મુદ્દે તીવ્ર આંદોલન છેડવામાં આવ્યું હતું અને આ આંદોલનને કારણે રાજ્યની સત્તા સામે સંકટ આવી જશે એવાં ચિહ્નો જોવા મળી રહ્યા હતા, પરંતુ જે રીતે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ આ આંદોલનને કુનેહપુર્વક ઉકેલ્યું છે તેને લઈને હવે તેઓ સમકાલીન નેતાઓમાં મુઠ્ઠીઊંચેરા સિદ્ધ થયા છે, એવું રાજકીય નિરીક્ષકો માની રહ્યા છે.

મરાઠા અનામતનો મુદ્દો દાયકાઓ જૂનો છે અને આ મુદ્દે આ પહેલાં પણ અનેક આંદોલનો થયા હતા. મહારાષ્ટ્રના અત્યાર સુધીના બધા જ મુખ્ય પ્રધાનોએ મરાઠા અનામત આપવાનો પ્રયાસ કર્યો હતો. અગાઉની ભાજપ-શિવસેનાની સરકાર દ્વારા મરાઠા સમાજને અનામત આપવામાં પણ આવી હતી, પરંતુ કમનસીબે વચ્ચે આવેલી સરકારના કાર્યકાળમાં મરાઠા અનામતને કોર્ટ દ્વારા રદ કરવામાં આવી હતી. આને માટે આવશ્યક ઈમ્પિરિકલ ડેટા રાજ્ય સરકાર નિર્ધારિત ત્રણ મહિનાના સમયમાં દાખલ કરી શકી ન હોવાથી આખરે મરાઠા અનામતને રદ કરવાનો ચુકાદો આપવામાં આવ્યો હતો.

આવી સ્થિતિમાં મરાઠા સમાજ દ્વારા શિંદે સત્તામાં આવ્યા બાદ જ અનામત માટેનું આંદોલન ચાલુ કરી દીધું હતું. મનોજ જરાંગે દ્વારા જે રીતે ઉપવાસ કરવામાં આવ્યા હતા અને સરકારને વારંવાર અલ્ટિમેટમ આપ્યું હતું, તેને જોઈને એવું લાગી રહ્યું હતું કે આ આંદોલન રાજ્યની સરકારના પતન માટેનું કારણ બની શકે છે.

આખરે મુખ્ય પ્રધાન તરીકે એકનાથ શિંદેએ હસ્તક્ષેપ કર્યો અને મનોજ જરાંગેને એકથી વધુ વખત સરકારને મુદત આપવા માટે પણ મનાવી લીધા. ચાલુ વર્ષના પ્રારંભે મરાઠા સમાજને ઓબીસીમાં આરક્ષણ આપવાનો નિર્ણય લેવાઈ ગયો, પરંતુ ત્યારબાદ પણ સમાજની નારાજગી દૂર થઈ નહોતી અને મનોજ જરાંગેએ સત્તાધારી મહાયુતિના બધા ઉમેદવારો સામે મરાઠા સમાજના યુવાનોને સંખ્યાબંધ રીતે ઊભા કરીને ઝટકો આપવાની જાહેરાત કરી નાખી હતી, આ સમસ્યાનું પણ નિરાકરણ કરવામાં એકનાથ શિંદે સફળ થયા હતા અને પહેલા બે તબક્કાની ચૂંટણીમાં મનોજ જરાંગે દ્વારા કોઈ અપક્ષ ઉમેદવારો ઊભા રાખવામાં આવ્યા ન હોવાથી આ સમસ્યાનું નિરાકરણ થયું હોવાનું માનવામાં આવી રહ્યું છે.

બીજી તરફ એકનાથ શિંદેએ મરાઠા સમાજના જરાંગે સિવાયના અન્ય નેતાઓને પોતાની સાથે કરી લેવામાં પણ સફળતા મેળવી છે અને આમ હવે સત્તાધારી મહાયુતિને કોઈ સંકટ દેખાતું નથી. આ બધી બાબતનો ઉલ્લેખ કરતાં રાજ્યના એક અગ્રણી રાજકીય નીરિક્ષકે જણાવ્યું હતું કે અત્યાર સુધીના બધા જ રાજકારણીઓમાં મરાઠા સમાજની સમસ્યાનું કુનેહપુર્વક નિરાકરણ કરીને એકનાથ શિંદે શરદ પવાર, અજિત પવાર, દેવેન્દ્ર ફડણવીસ, પૃથ્વીરાજ ચવ્હાણ અને અશોક ચવ્હાણ બધા કરતાં મુઠ્ઠીઊંચેરા સિદ્ધ થયા છે. આ બધા નેતાઓએ મરાઠા સમાજને અનામત મળે તે માટે પ્રયાસો કર્યા હતા, પરંતુ એકનાથ શિંદે જેવી સફળતા કોઈને મળી નહોતી. ■

# પશ્ચિમ ઉપનગરમાં મંગળ-બુધવારે ૨૪ કલાક માટે ૧૦૦ ટકા પાણીપુરવઠો બંધ

મુંબઈઃ 'પી-દક્ષિણ' વોર્ડના ગોરેગામમાં વીરવાની ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર હાલ રહેલી ૬૦૦ મિલીમીટર વ્યાસની પાઈપલાઈનને બદલીને ૯૦૦ મિલીમીટર વ્યાસની પાઈપલાઈન નાખવામાં આવવાની છે. આ કામ મંગળવારે સવારના ૧૦ વાગે ચાલુ થશે અને બુધવારે સવારના ૧૦ વાગ્યા સુધી ૨૪ કલાક સુધી ચાલવાનું છે.

**પી-દક્ષિણ વોર્ડ :** વીરભટ્ટી, કોયના કોલોની, સ્કૉટર્સ કોલોની, કામા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, રોહિદાસ નગર અને શર્મા ઈસ્ટેટ વિસ્તારમાં મંગળવારે ૧૦૦ ટકા પાણીપુરવઠો બંધ રહેશે.**પી-પૂર્વ વોર્ડ :** દત્ત મંદિર માર્ગ, દફ્તરી માર્ગ, ખોત કૂવા માર્ગ, ખોત ડોંગરી, મકરાણી પાડા, હાજી બાપૂ માગ, તાનાજી નગર, કુરાર વિલેજ, રહેજા કૉમ્પ્લેક્સ, સાઈબાબા મંદિર, વંસત વેલી, કોયના કોલોનીમાં મંગળવારના ૧૦૦ ટકા પાણીકાપ રહેશે. **આર-દક્ષિણ વોર્ડઃ** બાણડોંગરી, કાંદિવલી (પૂર્વ)માં મંગળવારે પાણીપુરવઠો ૧૦૦ ટકા બંધ રહેશે. **પી-દક્ષિણ વોર્ડ :** પાંડુરંગવાડી, ગોકુળધામ, જયપ્રકાશ નગર, નાઈકવાડી, ગોગટેવાડી, કન્યાપાડા, કોયના કોલોની, આય.બી.પટેલ માર્ગ, યશોધામ, સંતોષ નગર, વિશ્વેશ્વર માર્ગ, પ્રવાસી ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, રાજીવ ગાંધી નગર, આરે માર્ગ, શ્રેયસ કોલોનીમાં બુધવારે ૧૦૦ ટકા પાણીપુરવઠો બંધ રહેશે. પી-પૂર્વ વોર્ડ : પિંપરી પાડા, પાલ નગર, સંજય નગર, એમ.એચ.બી. કોલોની, ઈસ્લામિયા બજાર, જાનૂ કમ્પાઉન્ડ, શાંતારામ તળાવ, ઓમકાર લેઆઉટ, પિંપરીપાડા, ચિત્રાવણી, સ્વપ્નાપૂર્તિ, ઘરકુલ, ગોકુળધામ, યશોધામ, સુચિતાધામ, દિંડોશી ડેપો એ.કે. વૈદ્ય માર્ગ, રાણી સતી માર્ગ વિસ્તારમાં બુધવારે ૧૦૦ ટકા પાણીકાપ રહેશે. ■

# યસ બેન્કના સહ સ્થાપક રાણા કપૂરને જામીન

મુંબઈઃ ૪૬૬.૫૧ કરોડ રૂપિયાના બેન્ક કૌભાંડમાં કારાવાસ ભોગવી રહેલા યસ બેન્કના સહ સ્થાપક રાણા કપૂરને શુક્રવારે મુંબઈની વિશેષ અદાલતે જામીન મંજૂર કર્યા હતા. કપૂર ચાર વર્ષ પછી જેલમાંથી બહાર આવશે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી)એ ૨૦૨૦ના માર્ચ મહિનામાં મની લોન્ડરિંગ કેસમાં રાણા કપૂરની ધરપકડ કરી હતી. બેન્ક કૌભાંડ સંબંધિત આઠ કેસમાં તેમની સામે ગુના નોંધવામાં આવ્યા છે. હવે રાણા કપૂરને બધા કેસમાં જામીન મળી ગયા છે. (પીટીઆઈ)■

## ભાજપ અને કૉંગ્રેસ વચ્ચે મોટો હોબાળો

# વોટિંગ સ્લિપ પર નીતિન ગડકરીનો ફોટો લગાવ્યો

મુંબઈઃ નાગપુર લોકસભા મતવિસ્તારમાં મતદાન વખતે શુક્રવારે અમુક મતદાન કેન્દ્રો નજીક રાજકીય પક્ષના બુથ પર ભાજપના નેતા તેમ જ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીનો ફોટો તેમ જ કમળનું ચિહ્ન ધરાવતી વોટિંગ સ્લિપ મતદારોને વહેંચવામાં આવી રહ્યા હોવાના કારણે મોટો હોબાળો થયો હતો.

નારા ખાતે પણ આ જ પ્રકારના વોટિંગ સ્લિપ મતદારોને આપવામાં આવી રહ્યા હોવાના કારણે કૉંગ્રેસ અને ભાજપના કાર્યકર્તાઓ વચ્ચે ચકમક ઝરી હતી. રોષે ભરાયેલા કૉંગ્રેસ કાર્યકર્તાઓએ જે બુથ ઉપર આ પ્રકારની વોટિંગ સ્લીપ વહેંચવામાં આવ્યા હતા તે બુથ ઉપર મૂકેલા ઇલેક્ટ્રિક ઉપકરણોની તોડફોડ કરી હતી. જેના કારણે તણાવપૂર્ણ સ્થિતિ નિર્માણ થઇ હતી.

ઉલ્લેખનીય છે કે શુક્રવારે નાગપુર લોકસભા બેઠક પર મતદાન યોજવામાં આવ્યું હતું. શહેરના નારા, જરિપટકા, મધ્ય નાગપુર, નાઇક તળાવ પરિસરમાં ભાજપના બુથ પર કાર્યકર્તાઓ મતદારોને ગડકરીના ફોટા ધરાવતા તેમ જ કમળનું ચિહ્ન ધરાવતી વોટિંગ સ્લિપ આપી રહ્યા હતા. મતપત્રમાં 'કહો દિલસે નિતીનજી ફીરસે' એવું સૂત્ર પણ લખવામાં આવ્યું હતું. આ બાબતે કૉંગ્રેસના કાર્યકર્તાઓએ વાંધો ઉઠાવ્યો હતો અને કાયદાનું અને ચૂંટણીના નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું હોવાનો આરોપ કર્યો હતો.

ત્યારબાદ પોલીસે ગડકરીનો ફોટો અને ભાજપનું ચિહ્ન ધરાવતી વોટિંગ સ્લીપ અને ઉપકરણો ત્યાંથી હટાવવાની સૂચના આપી હતી. જેને પગલે ભાજપ અને કૉંગ્રેસના કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ થયું હતું. આ વોટિંગ સ્લીપ આપતું ઉપકરણ જ કૉંગ્રેસના કાર્યકર્તાઓએ તોડી નાખ્યું હતું. પોલીસે પણ પછીથી આ ઉપકરણ પોતાના તાબામાં લીધુ હતું. ■

# સીએસએમટીના પ્લેટફૉર્મની લંબાઈ વધારવાની શરૂઆત

## મધ્ય રેલવેની ટ્રેન સર્વિસ ખોરવાશે

મુંબઈઃ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી)ની નવરચના કરવાના એક ભાગરૂપે મધ્ય રેલવે દ્વારા શુક્રવાર રાતથી લાંબા અંતરની (બહારગામ જતી) ટ્રેનના પ્લેટફોર્મની લંબાઈ વધારવાના કામની શરૂઆત કરવામાં આવવાની હોવાથી એકંદર ટ્રેન સર્વિસ ખોરવાશે એવી જાણકારી વરિષ્ઠ અધિકારીઓએ આપી હતી. ૨૪ ડબ્બાની ટ્રેનનો સમાવેશ કરવાના હેતુથી પ્લેટફોર્મની લંબાઈ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ કાર્યને કારણે ૨૪ - ૩૦ કલાકનો મેગાબ્લોક અમલમાં આવશે જેને પરિણામે શુક્રવારે મધરાતથી સવારના સાડા ચાર સુધીની કેટલીક સ્થાનિક ટ્રેન અને બહારગામની ટ્રેન રદ કરવી પડી હતી.

મધ્ય રેલવેના અધિકારીએ જણાવ્યા અનુસાર 'શનિ - રવિ દરમિયાન સીએસએમટીના પ્લેટફોર્મની લંબાઈ વધારવાના પ્રોજેક્ટ હેઠળ ઓવરહેડ ઇક્વિપમેન્ટ બેસાડવામાં આવશે. આ કાર્ય ૧૯, ૨૦ અને ૨૧ એપ્રિલે મધરાત પછી કરવામાં આવશે. બંને દિવસ કામ રાતના સાડા બારે શરૂ થશે અને સવારે સાડા ચાર સુધી ચાલુ રહેશે.' ■

## તો મુંબઈને પાણીપુરવઠો કોણ કરશે?

# 'ચાવીવાળા' કર્મચારીઓ પર ચૂંટણી કાર્યની જવાબદારી

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના જળ અભિયંતા વિભાગ સાથે સંકળાયેલા 'ચાવીવાળા' કર્મચારીઓ પાણી પુરવઠામાં મહત્ત્વની કામગીરી કરતા હોય છે. આ કર્મચારીઓને લોકસભા ચૂંટણી અંગેના કામકાજ સોંપવામાં આવી રહ્યા હોવાથી મૂંઝવણ ઊભી થઈ છે. આ 'ચાવીવાળા' એટલે કે ચકલી (નળ) ખોલતા કર્મચારીઓને જો ચૂંટણીના કામકાજની જવાબદારી સોંપવામાં આવશે તો પાણી પુરવઠો કઈ રીતે કરવો એ સવાલ ઊભો થયો છે. એટલે આ કર્મચારીઓ માટેનો આદેશ રદ કરવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવી રહ્યા છે. મુંબઈના છ મતદાર સંઘમાં ૨૦ મેના દિવસે મતદાન થવાનું છે. ચૂંટણીલક્ષી કાર્યો માટે વિવિધ વિભાગના અધિકારીઓ તેમ જ કર્મચારીઓ તહેનાત કરવામાં આવી રહ્યા છે. વિવિધ વિધાનસભા મતદાર સંઘમાં સહાયક ચૂંટણી અધિકારીઓએ ચૂંટણીલક્ષી કામકાજ માટે મહાપાલિકાના પાણી વિભાગના કર્મચારીઓ માટે આદેશ જારી કર્યા છે. એમાં 'ચાવીવાળા' કર્મચારીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો હોવાથી મૂંઝવણ ઊભી થઈ છે. અપર વૈતરણા, મધ્ય વૈતરણા, તાનસા, મોડક સાગર, ભાતસા, વિહાર, તુલસી બંધમાંથી દરરોજ ૩૯૫૦ મિલિયન લિટર પાણી છોડવામાં આવે છે. ■



**રામનવમીની ભવ્ય ઉજવણી**

ઈસ્કોન જૂહુ દ્વારા રામનવમીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. રામ કથા એચ. જી. દેવકીનંદન દાસ દ્વારા અને રામ ચરિત્ર એચ. જી. નરહરી દાસ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. આ નિમિત્તે ઈસ્કોન જૂહુના ઉપપ્રમુખ એચ. જી. ડૉ. મુકુંદ માધવ દાસ, પ્રમુખ એચ. જી. બ્રિજ હરિ દાસ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ નિમિત્તે બોલીવૂડની અભિનેત્રી શિલ્પા શેટ્ટી, પદ્મિની કોલ્હાપુરે, સામાજિક કાર્યકર સ્મિતા ઠાકરે પણ હાજર રહ્યાં હતાં.

# ભગવાન બાદ હવે સીતામાતા મુદ્દે જામ્યું ઘમસાણ

## રામ સાથે સીતામાતાની મૂર્તિ કેમ નહીં?ઃ શરદ પવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અયોધ્યા અને શ્રી રામ ભગવાનના મુદ્દે તો સત્તાધારી પક્ષ અને વિપક્ષમાં છેલ્લાં અનેક વખતથી એકબીજા પર ટીકાસ્ત્રો છોડવામાં આવતા હોય છે, પણ હવે રાજકારણની હુંસાતુંસીમાં ચૂંટણી સમયે સીતામાતાનો મુદ્દો પણ ચગ્યો છે. એનસીપી (શરદચંદ્ર પવાર)ના વડા શરદ પવારે અયોધ્યાના રામ મંદિરમાં સીતા માતાની મૂર્તિ ન હોવા બાબતે નિવેદન આપતા મોટો હોબાળો મચ્યો છે.

બારામતી ખાતે સભાને સંબોધતા વખતે સરકાર પર નિશાન સાધતા શરદ પવારે કહ્યું હતું કે તમે રામ ભગવાનનું તો બધુ જ કરો છો, પરંતુ ત્યાં સીતાની મૂર્તિ શા માટે નથી? રામ મંદિર બની ગયું અને હવે લોકો તેની ચર્ચા નથી કરતા. જોકે, મંદિરમાં સીતા માતાની મૂર્તિ શા માટે નથી તેવો સવાલ મહિલાઓ પૂછી રહી છે, એમ શરદ પવારે કહ્યું હતું. ■

### અયોધ્યામાં બાળસ્વરૂપ મૂર્તિઃ ભાજપનો જવાબ

શરદ પવારના આ સવાલનો ભાજપે પણ જવાબ આપ્યો હતો અને સીતા માતાની મૂર્તિ શા માટે અયોધ્યાના મંદિરમાં નથી તે સ્પષ્ટ કર્યું હતું. ભાજપના આધ્યાત્મિક એકમના પ્રમુખ આચાર્ય તુષાર ભોસલેએ કહ્યું હતું કે અયોધ્યા એ શ્રી રામની જન્મભૂમિ છે અને એટલે ત્યાં સ્થાપિત કરાયેલી મૂર્તિ એ બાળસ્વરૂપ છે અને આ વાત આખી દુનિયા જાણે છે. જોકે તમારા જેવા અણસમજૂ વ્યક્તિને એ વાત ન ખબર હોય એ સ્વાભાવિક છે. ધર્મની જે બાબતમાં તમારું જ્ઞાન ન હોય તેમાં માથું ન મારવું. તમારું જાતિ ભેદભાવનું અને હિંદુ ધર્મ વિરુદ્ધનું રાજકારણ આખું મહારાષ્ટ્ર જાણે છે, એવા શબ્દોમાં ભોસલેએ શરદ પવારને વળતો જવાબ આપ્યો હતો.

### પોતાની વહુ સાથે ગેરવર્તન કરનારા ન બોલેઃ બાવનકુળે

ભાજપના મહારાષ્ટ્ર પ્રદેશાધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેએ પણ શરદ પવારના નિવેદનની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે આ એ જ પવાર છે જે રામ મંદિરનો સવાલ ઊભો થતો ત્યારે પોતે નાસ્તિક હોવાની બડાશ હાંકતા હતા. પવારે જીભ ઉપાડતા પહેલા રામ મંદિર વિશે થોડી માહિતી મેળવવી જોઇએ. રામ મંદિરમાં બાળસ્વરૂપ રામલલ્લા બિરાજમાન છે, પણ તેમને તો ફક્ત રાજકારણમાં રસ છે. જે વ્યક્તિ પોતાના ઘરની વહુને બહારની કહી ગેરવર્તન કરે છે તે આવી વાતો કરે તે ફક્ત ઢોંગ જ માની શકાય. ■

# વિશ્વની સૌથી નાનકડી મહિલાએ કર્યું મતદાન



મુંબઇઃ દેશભરમાં લોકસભા ચૂંટણી-૨૦૨૪નું રણશિંગુ ફૂંકાયું છે અને શુક્રવારે પહેલાં તબક્કા હેઠળ ૨૧ રાજ્ય અને અમુક કેન્દ્રશાસિત પ્રદેશની ૧૦૨ બેઠકો પર મતદાન થઈ રહ્યું છે. પણ આ બધા વચ્ચે મહારાષ્ટ્રના નાગપુરમાં દુનિયાની સૌથી નાના કદની મહિલા જ્યોતિ આમગેએ પણ મતદાન કરીને પોતાની ફરજ બજાવી છે.

તમારી જાણ માટે કે નાગપુરની જ્યોતિ આમગેનો જન્મ ૧૬મી ડિસેમ્બર, ૧૯૯૩ના થયો હતો અને તેની હાઈટ માત્ર બે ફૂટ એટલે કે ૬૩ સેન્ટિમીટર છે. દુનિયાની સૌથી નાના કદની મહિલા તરીકે ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ એનું નામ નોંધાયું છે. જ્યોતિને બે વખત વર્લ્ડ રેકોર્ડનો બેજ પણ મળી ચૂક્યો છે.

જ્યોતિની ઓછી હાઈટ માટે જવાબદાર છે એકોંડ્રોપ્લાસિયા નામની બીમારી. આ બીમારી હાડકામાં થનારી બીમારી છે અને એને કારણે વ્યકિતની હાઈટ નથી વધતી. બાળપણમાં જ્યોતિને લોકો તેના આવા દેખાવ અને હાઈટ માટે ચિડવતા હતા પણ બધામાં ધીરે ધીરે જ્યોતિની આ વીકનેસ જ તેની તાકાત બની ગઈ. આજે જ્યોતિ કોઈ સેલિબ્રિટીથી કમ નથી.

પરિવાર સાથે નાગપુરમાં રહેતી જ્યોતિ સિંગલ છે અને તેના પરિવારમાં માતા-પિતા, ભાઈ-ભાભીનો સમાવેશ થાય છે. હાલમાં જ્યોતિ એક્ટિંગ અને મૉડેલિંગ કરી રહી છે. તે એક અમેરિકન હોરર શોમાં પણ જોવા મળી છે. પણ કોરોનાને કારણે તેનું કામ ઠપ્પ થઈ ગયું હતું. જ્યોતિની એક યુટ્યૂબ ચેનલ પણ છે અને એમાં તે પોતાના રોજબરોજના જીવન સાથે સંકળાયેલા વીડિયો શેર કરતી હોય છે. અત્રે ઉલ્લેખનીય છે કે જ્યોતિ આમગેએ બિગ બોસમાં એન્ટ્રી લઈને લાઈમલાઈટ ચોરી લીધી હતી. બિગ બોસ હાઉસમાં જ્યોતિ ૧૦ દિવસ રહી હતી અને તેણે તમામ કન્ટેસ્ટન્ટની સાથે સાથે શોના હોસ્ટ સલમાન ખાનનું દિલ પણ જિતી લીધું હતું.■

# ભારત જૈન મહામંડળના ઉપક્રમે ભગવાન મહાવીરના ૨૬૨૩મા જન્મ કલ્યાણક અવસર

મુંબઈઃ જૈનોના ૨૪મા તીર્થંકર ભગવાન મહાવીરના ૨૬૨૩માં જન્મ કલ્યાણક અવસરે મુંબઈના યોગી સભાગૃહ ખાતે ભારત જૈન મહામંડળના ઉપક્રમે જૈનોના ચારે ફિરકાના સંત-સતીજીઓના સાંનિધ્યે જન્મ કલ્યાણક મહોત્સવનું આયોજન સવારના ૧૦:૦૦ કલાકે રાખવામાં આવ્યું છે.

પૂજ્ય આચાર્યશ્રી નયપદ્મસાગરજી મહારાજ સાહેબ, રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ, પૂજ્ય મુનિશ્રી કમલકુમારજી મહારાજ સાહેબ તેમજ પૂજ્ય સાધ્વીશ્રી અક્ષયજ્યોતિજી મહાસતીજીના સાંનિધ્યે તેમજ ન્યાયમૂર્તિ સંદિપજી મહેતા (સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયા), ન્યાયમૂર્તિ ડૉ. સુધિરકુમારજી જૈન એવમ જિતેન્દ્રજી જૈન (દિલ્હી હાઈ કોર્ટ) અને મંગલ પ્રભાતજી લોઢા - (કેબિનેટ પ્રધાન- મહારાષ્ટ્ર રાજ્ય)ની વિશેષ ઉપસ્થિતિમાં આ મહોત્સવ સ્વામી નારાયણ મંદિર, યોગી સભાગૃહ, દાદર (ઈ) મુંબઈ ખાતે યોજાશે.

ઉપરાંતમાં રાષ્ટ્રસંત પરમ ગુરુદેવના સાંનિધ્યે ઘાટકોપર સ્થિત ગુરુકુલ સ્કૂલ ખાતે સાંજના ૭:૩૦ કલાકે ભગવાન મહાવીર પ્રત્યે અંતરની ભક્તિ ભાવનાનું દર્શન કરાવતો બાળકો માટેનો વિશેષ કાર્યક્રમ ''બાલ ગુણ મેલા'' લુક એન લર્ન જૈન જ્ઞાનધામના ઉપક્રમે આયોજિત કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમ અંતર્ગત સમગ્ર મુંબઈની ૧૦૦થી વધુ જૈનશાળાના તેમજ લુક એન લર્ન જૈન જ્ઞાનધામના ૧૦થી ૧૫ વર્ષનાં બાળકો ગીત, સંગીત, નૃત્ય, ડ્રામા, સ્પીચ, એક્ટિંગ આદિ કલાના માધ્યમે ભગવાન મહાવીર પ્રત્યેની ભક્તિ ભાવનાનું દર્શન કરાવશે. વિશેષમાં, આ અવસરે મુમુક્ષુ યશ્વીદીદી મહેન્દ્રભાઈ નંદુના સંયમ ભાવની અનુમોદના કરતાં સમગ્ર ઘાટકોપરના શ્રી સંઘો દ્વારા સન્માન સમારોહ યોજાશે. ત્યારબાદ પ્રભુ મહાવીરના જન્મોત્સવલક્ષી મધુર ગીત-સંગીત સાથેનો ભક્તિ સંધ્યાનો કાર્યક્રમ યોજાશે. સમગ્ર કાર્યક્રમ ગુરૂકુળ સ્કૂલ ગ્રાઉન્ડ, તિલક રોડ, દેરાસર લેન, ઘાટકોપર ઈસ્ટ ખાતે યોજાશે. ■

# મધ્ય રેલવેમાં આજે સ્પેશિયલ નાઈટ બ્લોક

મુંબઈઃ મધ્ય રેલવે પર સીએસએમટી ખાતે મહત્ત્વના કામ માટે સ્પેશિયલ નાઈટ બ્લોક હાથ ધરવામાં આવશે. શનિવાર-રવિવારની મધરાતે ૧૨.૩૦ કલાકથી વહેલી પરોઢે ૪.૩૦ કલાક સુધી ભાયખલા-સીએસએમટી વચ્ચે અપ-ડાઉન સ્લો લાઈન અને અપ-ડાઉન ફાસ્ટ લાઈન પર તેમ જ વડાલાથી સીએસએમટી અપ-ડાઉન હાર્બર લાઈન પર બ્લોક હાથ ધરવામાં આવશે. આ સમયગાળા દરમિયાન આ રૂટ પર કોઈ પણ ટ્રેન ઉપલબ્ધ રહેશે નહીં એવી માહિતી રેલવે અધિકારી દ્વારા આપવામાં આવી હતી.

બ્લોકના સમય પહેલાં સીએસએમટીથી ડાઉન દિશામાં રાતે ૧૨.૧૪ કલાકે છેલ્લી કસારા લોકલ દોડાવવામાં આવશે જ્યારે બ્લોક પહેલાં ૪.૪૭ કલાકે કર્જત માટે પહેલી લોકલ દોડાવવામાં આવશે. જ્યારે અપ દિશા કલ્યાણથી રાતે ૧૦.૩૪ કલાકે સીએસએમટી માટે છેલ્લી લોકલ દોડાવવામાં આવશે. જ્યારે બ્લોક બાદ સવારે ૪ કલાકે સીએસએમટીથી થાણે માટે પહેલી લોકલ દોડાવવામાં આવશે.

હાર્બર લાઈનની વાત કરીએ તો હાર્બર લાઈન પર ડાઉન દિશામાં સીએસએમટીથી ૧૨.૧૩ કલાકે પનવેલ માટે છેલ્લી લોકલ રવાના થશે અને બ્લોક બાદ સવારે ૪.૫૨ કલાકે પનવેલ માટે માટે દોડાવવામાં આવશે. ■

# નાશિકથી ચૂંટણી નથી લડવીઃ ભુજબળે જ ગૂંચ ઉકેલી નાખી

મુંબઈઃ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી)ના વરિષ્ઠ નેતા અને મહારાષ્ટ્રના પ્રધાન છગન ભુજબળે નાશિક લોકસભા બેઠક પર ઉમેદવારી નહીં મેળવવાનો નિર્ણય શુક્રવારે જાહેર કર્યો હતો. પરિણામે એ બેઠક કોને ફાળવવી એ ગૂંચ ઉકેલાઈ ગઈ છે.

સાથી પક્ષ શિવસેના પણ આ બેઠક પર પોતાનો ઉમેદવાર ઊભો રાખવા ઉત્સુક છે. નાશિકની બેઠક પરના હાલના સંસદસભ્ય મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાના છે. પત્રકાર પરિષદમાં બોલતા ભુજબળે જણાવ્યું હતું કે સાથી પક્ષો શિવસેના અને ભાજપ સાથે બેઠક ફાળવણીની ચર્ચા થઈ ત્યારે એનસીપી અધ્યક્ષ અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે તેમના પક્ષના વધુ વિધાનસભ્ય હોવાથી નાશિકની બેઠક પર દાવો રજૂ કર્યો હતો. જ્યારે ઉમેદવારનું નામ પૂછવામાં આવ્યું ત્યારે ભૂતપૂર્વ સંસદસભ્ય સમીર ભૂજબળ (છગન ભુજબળનો ભત્રીજો)નું નામ આપવામાં આવ્યું હતું. જોકે, 'અમિત શાહે મારે ચૂંટણી લડવી એવો આગ્રહ રાખ્યો હતો. મુખ્ય પ્રધાન શિંદેએ નાશિકની બેઠક પોતાના પક્ષને ફાળવવામાં આવે એવો આગ્રહ રાખ્યો હતો.' (પીટીઆઈ)■

# બોલીવૂડ સ્ટાર શાહરુખ ખાનની સુરક્ષા વધારાઇ

મુંબઈઃ ફિલ્મ અભિનેતા સલમાન ખાનના બાંદ્રાના નિવાસસ્થાન બહાર ગોળીબારની ઘટના બાદ શાહરુખ ખાનની સુરક્ષા વધારવામાં આવી છે. મુંબઈ પોલીસના સૂત્રોના જણાવ્યા અનુસાર શાહરુખ સહિત અન્ય કલાકારોની સુરક્ષાની સમીક્ષા કરવામાં આવી રહી છે. આમાં સૌપ્રથમ શાહરુખ ખાનની સુરક્ષાની સમીક્ષા કરાઇ રહી છે, જેને વાય પ્લસ સિક્યુરિટી ધરાવે છે. સલમાન ખાનના નિવાસસ્થાન બહાર ગોળીબાર બાદ છ સશસ્ત્ર જવાનો સાથે ૨૪ કલાક રહેનારા શાહરુખની સુરક્ષા વધારી દેવામાં આવી છે.

એક અધિકારીએ જણાવ્યું હતું કે શાહરુખ મુંબઈમાં હોય કે મુંબઈ બહાર તેને હંમેશાં સુરક્ષા ઉપલબ્ધ કરાવવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. કોલકાતામાં ક્રિકેટ મેચ પત્યા બાદ પણ શાહરુખ સુરક્ષા વ્યવસ્થા સાથે દેખાયો હતો. ૨૦૧૪માં ફિલ્મ 'હેપ્પી ન્યૂ યર'ની રિલીઝ વખતે ગેન્ગસ્ટર રવિ પૂજારી તરફથી તેને કથિત ધમકી મળી હતી, જેને ગંભીરતાથી લઇને પ્રશાસને શાહરુખની સુરક્ષા વધારીને વાય પ્લસ કરી હતી. 'પઠાન' અને 'જવાન' ફિલ્મ બાદ પણ તેને અંડરવર્લ્ડ તરફથી ધમકી મળી હતી. ■

# ગોરાઈના 3000 પરિવાર અઠવાડિયાથી તરસ્યાઃ કૂવાનું દૂષિત પાણી પીવા મજબૂર

મુંબઈ: ગોરાઈના લગભગ ૩૦૦૦ પરિવારને છેલ્લા સાત દિવસ દરમિયાન મુંબઈ મહાનગરપાલિકા તરફથી પાણીનું ટીપું નથી મળ્યું. આ કટોકટીને પહોંચી વળવા મોટાભાગના લોકો ઊંચી કિંમતે ટેન્કરો પાસે પાણી ખરીદી રહ્યાં છે. કેટલાક પરિવાર ગામના કૂવાઓમાંથી અશુદ્ધ પાણી લાવી રહ્યા છે. જોકે, આ કૂવાઓમાં પણ પાણીની સપાટી બહુ નીચે ઊતરી ગઈ છે. ગોરાઈમાં પાણીની સમસ્યા ઘણી જૂની છે, એવું રહેવાસીઓનું કહેવું છે. છેલ્લા કેટલાક વર્ષથી ગામના ૫૦૦૦ પરિવારને પાલિકા તરફથી પાણી પુરવઠો નથી કરવામાં આવી રહ્યો. કેટલાક લોકો તો મહિને ૭૦૦૦ રૂપિયા ખર્ચી ટેન્કરો પાસેથી પાણી મેળવી રહ્યા છે. કેટલાક લોકોના ઘર સુધી ટેન્કર પહોંચી શકે એમ ન હોવાથી તેમણે વાસણોમાં પાણી ભરી ઘર સુધી જવું પડે છે.

વોર્ડના આસિસ્ટન્ટ કમિશનર સંધ્યા નાંદેડકરે સ્પષ્ટતા કરી હતી કે આ વિસ્તાર ખૂબ દૂર અને ખાડીથી પણ અંતરે આવેલો હોવાને કારણે પાઈપલાઈન બહુ લાંબી છે અને એથી પાણીનું દબાણ ઓછું હોય છે. હાલ સમગ્ર શહેરમાં પાંચ ટકા પાણીકાપ હોવાથી ગોરાઈના રહેવાસીઓ મુસીબતનો સામનો કરી રહ્યા છે. અમે પાલિકાના પાણીના ટેન્કરો મોકલી રહ્યા છીએ.' ■

# મુંબઈમાં ૭૪ સ્થળે ભૂસ્ખલનનું જોખમ

## ઘાટકોપરમાં સૌથી વધુ ૧૫ વિસ્તાર

મુંબઈ: શહેરમાં ભૂસ્ખલન થઈ શકે એવા સંભવિત ૧૬૦ વિસ્તારમાંથી મુંબઈ મહાનગરપાલિકાએ ૭૪ વિસ્તારમાં ભૂસ્ખલનનું જોખમ હોવાનું જણાવ્યું છે. એમાં ટેકરીઓ તેમજ ઊંચાણવાળી જમીનના વિસ્તારનો સમાવેશ થાય છે.

અતિ જોખમી એવા ૭૪ સ્થળમાંથી ૧૫ તો એકલા ઘાટકોપર (એન વોર્ડ)માં છે. ત્યારબાદ કુર્લા (એલ વોર્ડ) ૯ તેમજ બાબુલનાથ, ફોર્જેટ હિલ. તાડદેવ, નેપિયન્સી રોડ તેમજ બ્રીચ કેન્ડી હૉસ્પિટલ (ડી વોર્ડ)ની સામે આવેલી રાજાબાઈ ગલીના નાકે એમ પાંચ વિસ્તાર આવે છે.

મુંબઈ પૂર્વનો પરા વિસ્તાર સૌથી વધુ (૪૫) જોખમી ભૂસ્ખલન વિસ્તાર ધરાવે છે. અન્ય ૧૬ વિસ્તાર તળ મુંબઈમાં છે જ્યારે ૧૩ પશ્ચિમના પરામાં છે. કુર્લા, માનખુર્દ, ઘાટકોપર, વિક્રોલી, કાંજુરમાર્ગ અને મુલુંડ ગીચ વસ્તીવાળા વિસ્તાર છે અને અહીં ઝૂંપડપટ્ટી અને નાની ઓરડીની સંખ્યા વ્યાપક છે. પરિણામે ચોમાસામાં તેમને માથે વધુ જોખમ રહે છે.

અધિકારીએ આપેલી માહિતી અનુસાર પાલિકાનો ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ ભૂસ્ખલનની ચેતવણી વખતે કેવી રીતે રક્ષણ કરવું એની તાલીમ સ્થાનિક લોકોને આપી રહ્યો છે. ■

# દક્ષિણ મુંબઈમાં બિલ્ડિંગનો હિસ્સો તૂટી પડતાં ત્રણ જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં ફોર્ટ વિસ્તારમાં હાઈ કોર્ટ નજીક એક જૂની બિલ્ડિંગની બાલ્કનીનો હિસ્સો તૂટી પડ્યો હતો, જેમાં ત્રણ મજૂર જખમી થયા હતા. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ફોર્ટમાં હાઈ કોર્ટ નજીક એમ.જી. રોડ પર આવેલા ગ્રાઉન્ડ પ્લસ બે માળની બિલ્ડિંગ આવેલી છે. શુક્રવારે બપોરના લગભગ ૧૨.૫૨ વાગે બિલ્ડિંગનો બાલ્કનીનો હિસ્સો અચાનક તૂટીને નીચે પડ્યો હતો, જેને કારણે ત્રણ લોકો જખમી થયા હતા.

ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ આ બિલ્ડિંગ ખાલી હતી અને બિલ્ડિંગનો તોડી પાડવાનું કામ ચાલી રહ્યું હતું. બિલ્ડિંગના ઉપરના માળના બાલ્કનીનો હિસ્સો તૂટી પડતા ત્રણ જખમી થયા હતા, તેમાંથી ૪૮ વર્ષનો સંજય સિંહને હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. જ્યારે અન્ય બે હૉસ્પિટલમાં દાખલ થવાનો ઈનકાર કર્યો હતો.■

# ઓવૈસીનો યુ-ટર્નઃ સોલાપુરથી નહીં લડે ચૂંટણી, કૉંગ્રેસને ફાયદો

મુંબઈ: શુક્રવારે લોકસભાની ચૂંટણીના પહેલા તબક્કાનું મતદાન યોજવામાં આવ્યું હોવા છતાં હજી સુધી અનેક પક્ષોએ પોતાના ઉમેદવાર ચૂંટણી લડવા ઉતારવા કે નહીં એ નક્કી કરવા અંગે અસમંજસમાં જણાય છે અથવા તો એક કે બીજી રીતનું રાજકારણ રમાઇ રહ્યું હોવાનું દેખાય છે. અસદુદ્દીન ઓવૈસીના પક્ષ એઆઇએમઆઇએમ(ઑલ ઇન્ડિયા મજલીસ-એ-ઇત્તેહાદુલ મુસલમિન)ની પણ મહારાષ્ટ્રમાં એવી જ હાલત જણાઇ રહી છે. હાલમાં જ ઓવૈસીએ ઔરંગાબાદમાં રેલી યોજી ત્યારે મહાયુતિ ઉપરાંત મહાવિકાસ આઘાડી પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે પોતાના ભાષણમાં કહ્યું હતું કે બે શિવસેના, બે એનસીપી, એક ભાજપ અને એક કૉંગ્રેસ આમ જ પક્ષ મળીને મારા પક્ષના ઇમ્તિયાઝ જલીલને રોકવાનો પ્રયાસ કરી રહ્યા છે, કારણ કે તે જાણે છે કે તે ઇમ્તિયાઝ જલીલનો મુકાબલો નહીં કરી શકે. જોકે, આ નિવેદન બાદ ઓવૈસીએ સોલાપુર બેઠક પરથી ચૂંટણી લડવાનો વિચાર માંડી વાળ્યો હોવાનું જણાયું છે. ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રમાં એઆઇએમઆઇએમે અકોલા બેઠક પર વંચિત બહુજન આઘાડીને સમર્થન આપવાની જાહેરાત કરી હતી. જોકે હવે સોલાપુર બેઠક પરથી પણ તેમણે પોતાનો ઉમેદવાર ઊભો ન કરવાનો ફેંસલો લીધો છે. આ બેઠક પરથી કૉંગ્રેસ તરફથી ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન સુશીલકુમાર શિંદેની પુત્રી પ્રણીતી શિંદે ઉમેદવાર છે. જ્યારે ભાજપે અહીંથી રામ સાતપુતેને ઉમેદવારી સોંપી છે. ૨૦૧૪ અને ૨૦૧૯માં આ બેઠક પર ભાજપનો વિજય થયો હતો. જ્યારે ૨૦૦૯માં સુશીલકુમાર શિંદેએ અહીં જીત હાંસલ કરી હતી. ■

# વિરારમાં પ્રૌઢા, તેનો પાંચ વર્ષનો પૌત્ર ટેન્કર નીચે કચડાયાં

પાલઘરઃ પાલઘર જિલ્લાના વિરારમાં ૫૭ વર્ષની પ્રૌઢા અને તેનો પાંચ વર્ષનો પૌત્ર પાણીના ટેન્કર નીચે કચડાતાં મૃત્યુ પામ્યાં હતાં.

અર્નાળા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે અકસ્માત બાદ ટેન્કરચાલક ઘટનાસ્થળેથી ફરાર થતાં તેની શોધ ચલાવવામાં આવી રહી છે.

અમરાવતી યાદવ તેના પાંચ વર્ષના પૌત્ર વિવાન સાથે શુક્રવારે બપોરે નિવાસી સંકુલમાં ચાલી રહ્યા હતા ત્યારે ટેન્કરે તેમને અડફેટમાં લીધા હતા. આ અકસ્માતમાં વિવાનનું ઘટનાસ્થળે મોત થયું હતું, જ્યારે ગંભીર ઇજા પામેલી અમરાવતીને હોસ્પિટલમાં મૃત જાહેર કરાઇ હતી

અકસ્માત બાદ ત્યાંના રહેવાસીઓએ વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. (પીટીઆઇ)■

# મુંબઈના જ્વેલર્સ સાથે ₹ ૧.૮૪ કરોડની છેતરપિંડી

## સુરતના ઝવેરી સામે ગુનો

મુંબઈ: મુંબઈના જ્વેલર્સનું રૂ. ૧.૮૪ કરોડની કિંમતનું ત્રણ કિલો કાચું સોનું લઇને રફુચક્કર થયેલા સુરતના ઝવેરી વિરુદ્ધ પોલીસે ગુનો દાખલ કર્યો હતો. જ્વેલરી સસ્તા દરે ડિઝાઇન કરી આપવાનો દાવો કરીને ઝવેરી એક વર્ષ સુધી કંપની માટે કામ કરતો રહ્યો અને બાદમાં કાચું સોનું ભેગું કરીને તે છૂ થઇ ગયો હતો, એવું ફરિયાદમાં જણાવાયું હતું. લોઅર પરેલમાં ધનરાજ મિલ કમ્પાઉન્ડ ખાતે પ્રિઝમ એન્ટરપ્રાઇઝીસના એડિમિનિસ્ટ્રેટી મેનેજર તરીકે કામ કરતા રોમિલ સંઘવીએ આ પ્રકરણે એન.એમ. જોશી માર્ગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરાયો હતો. સુરતના ઝવેરીની ઓળખ અપેક્ષા જ્વેલ્સ પ્રાઇવેટ લિમિટેડના ગૌતમ વાઘ તરીકે થઇ હતી. પ્રિઝમ એન્ટરપ્રાઇઝીસ ૨૦૨૧થી સ્ટોર્સ અને બુટિક્સને જ્વેલરીનો પુરવઠો કરે છે અને તેની નિકાસ કરે છે. કંપનીને પ્રવર્તમાન કરતાં આકર્ષક દર આપીને વાઘ સોનું અને હીરાજડિત દાગીના બનાવવાનું કામ લેતો હતો. તે કાચું સોનું લઇને સમજૂતી કરાર અનુસાર સાત દિવસમાં ફિનિશ્ડ જ્વેલરીનો પુરવઠો કરતો હતો. ફેબ્રુઆરી, ૨૦૨૧થી એપ્રિલ, ૨૦૨૨ સુધી કામ કર્યા બાદ અને કંપનીનો વિશ્વાસ સંપાદન કર્યા બાદ વાઘને મોટો ઓર્ડર આપવામાં આવ્યો હતો. જોકે તેની સામે તેણે દાગીના બનાવી આપ્યા નહોતા. તેણે આપેલું સરનામું પણ ખોટું હતું. જીએસટી પોર્ટલ પર જોતા તેનો વેપાર બંધ હોવાનું જોવા મળ્યું હતું. આથી તેની વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવાઇ હતી. ■

# 'વ્યભિચાર' છૂટાછેડાનું કારણ હોઈ શકે, બાળક સોંપવા માટે નહીં: હાઇ કોર્ટ

મુંબઈ: વ્યભિચાર છૂટાછેડા આપવા માટે સબળ કારણ હોઈ શકે છે, પણ બાળકની સોંપણી માટે એ કારણ માન્ય ન રાખી શકાય એમ નવ વર્ષની પુત્રીનો કબજો તેની માતાને સોંપતી વખતે બોમ્બે હાઈ કોર્ટે જણાવ્યું હતું.

અલગ રહેતી પત્નીને પુત્રીની સોંપણી અંગે ફેબ્રુઆરી ૨૦૨૩માં ફેમિલી કોર્ટે આપેલા ચુકાદાને પડકારતી ભૂતપૂર્વ વિધાનસભ્યના પુત્રએ કરેલી અરજી ૧૨ એપ્રિલે ન્યાયમૂર્તિ રાજેશ પાટીલની એક જજની ખંડપીઠે ફગાવી દીધી હતી. યુગલના લગ્ન ૨૦૧૦માં થયાં હતાં અને ૨૦૧૫માં તેમને ત્યાં પુત્રી જન્મ થયો હતો. પોતાને ઘર બહાર કરવામાં આવી હોવાનો દાવો મહિલાએ ૨૦૧૯માં કર્યો હતો. જોકે પત્નીએ પોતાની મરજીથી ઘર છોડ્યું હોવાનો આક્ષેપ અરજદારે કર્યો હતો. અરજદારના વકીલ ઇન્દિરા જયસિંહે અદાલત સમક્ષ કરેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે મહિલા અનેક વિવાહ બાહ્ય સંબંધ ધરાવતી હોવાથી પુત્રીની સોંપણી તેને કરવી યોગ્ય નહીં કહેવાય. જોકે બાળકની સોંપણીના મુદ્દે વ્યભિચારના આક્ષેપનું વજૂદ નથી રહેતું એમ ન્યાયમૂર્તિ પાટીલે જણાવ્યું હતું. સારી પત્ની સારી માતા ન હોય એ જરૂરી નથી. વ્યભિચાર છૂટાછેડા માટે કારણ હોઈ શકે, પણ બાળકની સોંપણી માટે નહીં' એવું નિરીક્ષણ અદાલતે રજૂ કર્યું છે. (પીટીઆઈ)■

# ભિવંડીમાં બાળકને વૃક્ષ સાથે બાંધીને કરી મારપીટઃ મહિલા સામે ગુનો

થાણે: ભિવંડીના ટેમઘર પાડા વિસ્તારમાં ૧૦ વર્ષના બાળકને વૃક્ષ સાથે બાંધ્યા બાદ તેની મારપીટ કરવામાં આવી હતી. ગુરુવારે બનેલી આ ઘટના બાદ શાંતિનગર પોલીસે પડોશી મહિલા અને તેના પુત્ર સામે ગુનો દાખલ કર્યો હતો.

ટેમઘર પાડા વિસ્તારમાં ૧૦ વર્ષનો બાળક તેના પરિવાર સાથે રહે છે. તેની માતા મજૂરીકામ કરે છે. ગુરુવારે સાંજે પડોશમાં રહેતી મહિલા બાળકને ઘરે આવી હતી. મહિલાએ બાળકને ગાળો ભાંડ્યા બાદ તેની મારપીટ કરી હતી. બાળકને ઘરની બહાર લાવ્યા બાદ મહિલા અને તેના પુત્રએ તેને વૃક્ષ સાથે બાંધી દીધો હતો. તેમણે વાહનને નુકસાન પહોંચાડવાનો બાળક પર આરોપ કર્યો હતો. બાળકે ઇનકાર કર્યા છતાં તેની મારપીટ કરવામાં આવી હતી. દરમિયાન બનાવની જાણ થતાં પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. બાદમાં મહિલા અને તેના પુત્ર સામે ગુનો દાખલ કરાયો હતો.

# સાયબર પોલીસના સ્વાંગમાં શખસને ₹ ૪૬ લાખનો ચૂનો ચોપડ્યો

થાણેઃ સાયબર પોલીસના સ્વાંગમાં નવી મુંબઈના ૪૭ વર્ષના શખસનો સંપર્ક સાધીને તેની વિરુદ્ધ ડ્રગ્સ અને મની લોન્ડરિંગનો કેસ દાખલ કરવાની ધમકી આપીને રૂ. ૪૬ લાખ પડાવવામાં આવ્યા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

પોલીસે ગુરુવારે આ પ્રકરણે ભારતીય દંડસંહિતાની સંબંધિત કલમો તથા આઇટી એક્ટ હેઠળ ચાર જણ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર આરોપીઓએ નેરુલમાં રહેતા શખસનો વ્હૉટ્સઍપ પર સંપર્ક સાધ્યો હતો અને પોતાની ઓળખ મુંબઈ સાયબર પોલીસ તરીકે આપી હતી. તેમણે શખસને જણાવ્યું હતું કે તારી વિરુદ્ધ ડ્રગ્સ અને મની લોન્ડરિંગની ફરિયાદ અમને મળી છે.

પોલીસ કેસથી બચવા માટે આરોપીઓએ પૈસાની માગણી કરી હતી અને યુવકે ૧૦ એપ્રિલથી ૧૫ એપ્રિલ દરમિયાન વિવિધ બેન્ક એકાઉન્ટમાં રૂ. ૪૬ લાખ ટ્રાન્સફર કર્યા હતા.

પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને તપાસ આદરી હોઇ આ કેસમાં હજી સુધી કોઇની ધરપકડ કરવામાં આવી નથી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

**વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| નિશિત | મનાઈ |
| નિશીથ | સંકલ્પ |
| નિશ્ચય | અણીદાર |
| નિશ્ચલ | રાત્રી |
| નિષેધ | સ્થિર |

### ઓળખાણ પડી?



અનેકવિધ પ્રાણી અને પક્ષીનું સૌંદર્ય ધરાવતું ૧૯૮૦માં અસ્તિત્વમાં આવેલું હિંગોળગઢ અભયારણ્ય ગુજરાતના કયા જિલ્લામાં સ્થિત છે એની ઓળખાણ પડી?

અ) જૂનાગઢ બ) મહેસાણા ક) રાજકોટ ડ) પંચમહાલ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અં | ૨ ગ | દ | | ૩ સુ | ૪ ગ્રી | વ | | ૫ ન | ૬ લ |
| ૭ જ | ર | | ૮ મ | | વા | | ૯ મ | મ | ત |
| ન | | | ૧૦ ક | ૧૧ ક્ષ | | ૧૨ વિ | હી | ન | |
| | | ૧૩ કા | ર | ણ | | ૧૪ જ | રા | | ૧૫ આ |
| ૧૬ જાં | ઘ | | ધ્વ | | ૧૭ અ | ન | વ | ર | ત |
| બુ | | ૧૮ અં | જ | ૧૯ નિ | | | ણ | | મ |
| ૨૦ વા | ૨૧ હ | ક | | રા | | ૨૨ જી | | ૨૩ છ | |
| ૨૪ ન | મ | | ૨૫ કું | ભ | ૨૬ ક | ર્ણ | | ૨૭ તા | ૨૮ રા |
| | ૨૯ રા | ૩૦ ખ | | ૩૧ ર | ફ | | ૩૨ દં | | વ |
| ૩૩ અ | હી | રા | વ | ણ | | ૩૪ વિ | ભી | ષ | ણ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | ૪ | | ૫ | | |
| ૬ | | | ૭ | | | | | | ૮ |
| | | | | | ૯ | ૧૦ | | | |
| | | ૧૧ | | ૧૨ | | | | ૧૩ | |
| | ૧૪ | | | ૧૫ | ૧૬ | | | | |
| ૧૭ | | | ૧૮ | | | | ૧૯ | | ૨૦ |
| ૨૧ | | | ૨૨ | | | ૨૩ | | | |
| | | ૨૪ | | | ૨૫ | | | | |
| | ૨૬ | | | | | | | ૨૭ | |
| ૨૮ | | | | ૨૯ | | | | | |

**આડી ચાવી**

૧. શ્રીરામનું જન્મસ્થાન (૩)
૩. સીતાજીનું જન્મસ્થાન (૫)
૬. રસ્તો, જગા, મોકળાશ (૨)
૭. અયોધ્યાના રાજા (૩)
૯. પાપ કરીને---માં જવાય (૩)
૧૧. એક ધાન્ય (૩)
૧૩. આંધળો-હિન્દીમાં (૨)
૧૪. શ્રીરામની બહેન (૨)
૧૫. રામની રાહ જોતી ભીલડી (૩)
૧૭. પતિવ્રતા (જો.છૂ) (૨)
૨૧. બાતલ (૨)
૨૨. ખંજવાળ (૨)
૨૩. ઝઘડો (૪)
૨૪. રામનો પુત્ર (૨)
૨૫. સફળતાની સીડી---જોઇએ (૩)
૨૬. કપટ કરનાર (૩)
૨૭. તત્ત્વ, નીચોડ (૨)
૨૮. હવનમાં હાડકાં નાખનાર રાક્ષસી (૩)
૨૯. રામ-ભરતનું મિલન અહીં થયું (૪)

**ઊભી ચાવી**

૧. થાપણ (૪)
૨. અવસર, સંગમ (૨)
૩. થોડુંક (૨)
૪. વંદન (૩)
૫. રાવણનું વિમાન (૩)
૭. રાવણનો મહેલ (૩)
૮. સુગ્રીવની રાજધાની (૫)
૧૦. ઘેટાં-બકરાં ચરાવનાર (૩)
૧૧. મિલકત (૨)
૧૨. ભગવાન (૨)
૧૩. આ સ્થળે (૨)
૧૪. શાંતિ દેનાર (૩)
૧૬. --- બહુ થયું (૨)
૧૭. અયોધ્યામાં આવેલી નદી (૩)
૧૮. અહીંથી રાવણે સીતાનું હરણ કર્યું (૪)
૧૯. ભરતની પત્ની (૩)
૨૦. રામ, લક્ષ્મણ, સીતા ઘનઘોર જંગલમાંથી પસાર થયા (૫)
૨૩. 'લડવું'નું આજ્ઞાર્થ (૨)
૨૪. ખાવા એટલે મહેણાં સહેવાં (૩)
૨૫. વર્તન, કપટ, કાવાદાવા (૩)
૨૬. કમર, કેડ (૨)

### ગુજરાત મોરી મોરી રે

પાંચ માળ જેટલી ઊંડાઈ ધરાવતી રૂડાબાઈની વાવ જે અડાલજની વાવ તરીકે પણ ઓળખાય છે એ કયા શહેરમાં છે એ જણાવો. એના નિર્માણમાં આશરે ૫ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો.

અ) નડિયાદ બ) પાલનપુર ક) પોરબંદર ડ) અમદાવાદ

### જાણવા જેવું

આપણે બોલચાલમાં અને લખવામાં જે ગુજરાતી ભાષાનો વપરાશ કરીએ છીએ એમાં આપણું શબ્દભંડોળ સીમિત હોય છે. માતૃભાષામાં એવા અનેક શબ્દો છે જે આજે ખોવાઈ ગયા છે કે વિસરાઈ ગયા છે. ઇટીકીટી એવો જ એક શબ્દ છે જેનો અર્થ થાય છે નહીં જેવો કે ક્ષુલ્લક સામાન. ઘર ખાલી કરતી વખતે તેણે ઇટીકિટી ત્યાં જ છોડી દીધો.

### સુડોકુ-૫૦૬૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૪ | | ૭ | ૨ | |
| | ૪ | ૭ | ૨ | | | | ૫ | ૯ |
| | | | ૫ | | ૮ | ૧ | | ૩ |
| | | | | | ૯ | ૪ | | |
| ૪ | | ૨ | ૬ | | ૧ | ૯ | | ૫ |
| | | ૧ | ૪ | | | | | |
| ૨ | | ૫ | ૭ | | ૪ | | | |
| ૮ | ૩ | | | | ૨ | ૫ | ૭ | |
| | ૯ | ૪ | | ૮ | | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૫૦૬૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૯ | ૨ | ૪ | ૫ | ૬ | ૮ | ૩ | ૧ |
| ૬ | ૧ | ૪ | ૨ | ૩ | ૮ | ૯ | ૫ | ૭ |
| ૮ | ૫ | ૩ | ૯ | ૧ | ૭ | ૪ | ૨ | ૬ |
| ૫ | ૭ | ૯ | ૮ | ૨ | ૩ | ૧ | ૬ | ૪ |
| ૪ | ૨ | ૬ | ૧ | ૭ | ૯ | ૫ | ૮ | ૩ |
| ૧ | ૩ | ૮ | ૬ | ૪ | ૫ | ૭ | ૯ | ૨ |
| ૨ | ૬ | ૫ | ૭ | ૯ | ૪ | ૩ | ૧ | ૮ |
| ૯ | ૮ | ૭ | ૩ | ૬ | ૧ | ૨ | ૪ | ૫ |
| ૩ | ૪ | ૧ | ૫ | ૮ | ૨ | ૬ | ૭ | ૯ |

### ચતુર આપો જવાબ

આપણા દેશમાં વિવિધ નદીઓ પર વિવિધ બંધ બાંધવામાં આવ્યા છે. ઓડિશા રાજ્યમાં આવેલા આશરે ૨૬ કિલોમીટર સૌથી લાંબા બંધનું નામ જણાવો.

**માથું ખંજવાળો**

અ) હિરાકુંડ બંધ
બ) તેહરી બંધ
ક) ભવાની સાગર બંધ
ડ) કોયના બંધ

### નોંધી રાખો

માણસ માત્ર ભૂલને પાત્ર એ વાત સાચી, પણ જીવનમાં કરેલી એક ભૂલ તમારો અનુભવ વધારે છે જ્યારે એક અનુભવ તમારી ભૂલ ઓછી કરવામાં મદદરૂપ થાય છે.

### માઈન્ડ ગેમ

વિદ્યાભ્યાસ સાથે સંબંધ ધરાવતી અનેકવિધ શાખાઓ ઉપલબ્ધ છે. Genealogy તરીકે જાણીતી શાખા શેના અભ્યાસ સાથે સંબંધ ધરાવે છે એ કહી શકશો?

અ) જાનવર બ) વંશવેલો
ક) તારામંડળ ડ) ખેતીવાડી

### ગયા શનિવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| ચાનક | ઉમંગ |
| ચાતક | એક પક્ષી |
| ચારપાઈ | ખાટલો |
| ચાપટ | તમાચો |
| ચારસો | ઓછાડ |

**ગુજરાત મોરી મોરી રે**
ધોળાવીરા

**ઓળખાણ પડી**
ગોવિંદ વલ્લભ પંત

**માઈન્ડ ગેમ**
પક્ષી

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો**
કૃષ્ણા નદી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) પ્રતીમા પમાની (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) નીતા દેસાઈ (૮) ધીરેન્દ્ર ઉદેશી (૯) ડૉ. પ્રકાશ કટકિયા (૧૦) ભારતી પ્રકાશ કટકિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) ભારતી બુચ (૧૩) પુષ્પા પટેલ (૧૪) વિભા મહેશ્વરી (૧૫) લજીતા ખોના (૧૬) મહેશ સંઘવી (૧૭) ખુશરૂ કાપડિયા (૧૮) મીનળ કાપડિયા (૧૯) જ્યોતી ખાંડવાલા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) નિતીન જે. બજેરીયા (૨૩) વીણા સંપટ (૨૪) દિલીપ પરીખ (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) ભાવના કર્વે (૨૮) જગદીશ વલ્લભ ઠક્કર (૨૯) કલ્પના આશર (૩૦) મહેશ દોશી (૩૧) સુનીતા પટવા (૩૨) રજનીકાંત પટવા (૩૩) અંજુ ટોલીયા (૩૪) શિલ્પા શ્રોફ (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) ઈનાક્ષી દલાલ (૩૭) હિના દલાલ (૩૮) રમેશ દલાલ (૩૯) રસીક જુઠાણી (ટોરન્ટો- કેનેડા) (૪૦) પુષ્પા ખોના (૪૧) પ્રવીણ વોરા (૪૨) કિશોર બી. સંઘરાજકા (૪૩) જયવંત પદમશી ચિખલ (૪૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૬) નયન ગિરીશ મિસ્ત્રી (૪૭) મહેન્દ્ર લોઢાવિયા (૪૮) નિખીલ બંગાળી મિસ્ત્રી (૪૯) એમીષી બંગાળી (૫૦) અલકા વાણી (૫૧) સુરેખા દેસાઈ (૫૨) નંદકિશોર સંજાણવાળા (૫૩) હરીશ મનુભાઈ ભટ્ટ

# વીક એન્ડ

## કવર સ્ટોરી

feedback@bombaysamachar.com
સુરેશ એસ. ડુગ્ગર

# સિયાચીન હિમખંડ યુદ્ધ :

## ૪૦ વર્ષે પણ વિક્રમ અડીખમ

### ૨૧ હજાર ફૂટની ઉંચાઇ પર દુનિયાની પ્રથમ અને અંતિમ લડાઇનો રેકોર્ડ ભારતીય સૈન્યના નામે છે



દુનિયાના સૌથી ઉંચા યુદ્ધ સ્થળ સિયાચિન હિમખંડ પર ૪૦ વર્ષોના કબજા દરમિયાન ૨૧ હજાર ફૂટની ઉંચાઇ પર આજ સુધી ફક્ત એક જ યુદ્ધ થયું છે. આ યુદ્ધ દુનિયાની અત્યાર સુધીનું પ્રથમ અને અંતિમ યુદ્ધ હતું જેમાં એક બંકરમાં બનેલી પોસ્ટ પર કબજો કરવા માટે જમ્મુના હાનરેરી કેપ્ટન બાના સિંહને પરમવીર ચક્ર આપવામાં આવ્યો હતો અને એ પોસ્ટનું નામ પણ તેમના નામ પરથી રાખવામાં આવ્યું છે. આજે દુનિયાના સૌથી ઉંચા યુદ્ધ સ્થળ સિયાચીન હિમખંડ પર ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધને ૪૦ વર્ષ થઇ ગયા છે. આ વિશ્વના સૌથી ઊંચા સ્થળ પર સ્થિત યુદ્ધ સ્થળ જ નહી પરંતુ સૌથી ખર્ચાળ યુદ્ધ મેદાન પણ છે. જ્યાં થનાર યુદ્ધમાં લડનાર બંન્ને પક્ષ જાણે છે કે અહી યુદ્ધના વિજેતા કોઇ બની શકશે નહીં.

દુનિયાના સૌથી ઊંચાઇ પર બનાવવામાં આવેલી આ એકમાત્ર સૈનિક પોસ્ટ પર કબજો કરવાના અભિયાનની શરૂઆતમાં ૧૯૮૭ના મે મહિનામાં પસંદ કરાયેલી ૬૦ સૈનિકોની ટીમનો ભાગ હતા બાના સિંહ. જાણકારી અનુસાર, બાના સિંહને જ્યારે પરમવીર ચક્ર મળ્યો હતો તો પાકિસ્તાન ડિફેન્સ રિવ્યૂમાં પણ તેમના બહાદુરીની ચર્ચા કરવામાં આવી હતી જેમાં લખવામાં આવ્યું હતુ કે આ બહાદુરી જેની કોઇ મિસાલ નથી.

૨૬ જૂન ૧૯૮૭ના અંતે ૨૧૦૦૦ ફૂટની ઊંચાઇ પર બનાવવામાં આવેલી પાકિસ્તાની પોસ્ટ પર કબજો કરી બહાદુરીની ગાથા લખનાર હાનરેરી કેપ્ટન બાના સિહને ઇનામ સ્વરૂપે પરમવીર ચક્ર મળ્યું હતું કે સાથે જ આ પોસ્ટનુ નામ પણ તેમના નામ પરથી રાખવામાં આવ્યું છે. વિશ્વના ઇતિહાસમાં આ પ્રથમ વખત અને અંતિમ વખત હતું કે આટલી ઉંચાઇ પર કોઇ યુદ્ધ લડવામાં આવ્યું હતું.

પણ આ જીત માટે ભારતીય સૈન્યને મોટી કિંમત ચૂકવવી પડી હતી. ૨૨ જૂનના રોજ શરૂ થયેલા આ ઓપરેશનમાં તેના અનેક અધિકારીઓ અને જવાન શહીદ થયા હતા. કારણ સ્પષ્ટ હતું. ફાયરિંગની સાથે સાથે હવામાનની પરિસ્થિતિ પણ તેમને રોકી રહી હતી. અનેક વખત આ ઓપરેશનને બંધ કરવાની વાત થઇ હતી અને ઇરાદા પણ વ્યક્ત કરાયા હતા. પરંતુ હેડક્વાર્ટર તરફથી એક જ સંદેશ હતો- જીત મેળવજો અથવા તો જીવતા પાછા ના આવતા અને વીરગતિને પ્રાપ્ત થયેલા સૈનિકોએ આ મેસેજનું માન રાખ્યું હતું.

કેપ્ટન બાના સિંહને પરમવીર ચક્ર મળ્યો હતો અને આજે તે જમ્મુના સરહદી ગામ રણવીર સિંહ પુરામાં રહે છે. તે પોતાના મિશન અંગે વાત કરતા કહે છે કે આ વાત સિયાચીન હિમખંડ પર ભારતીય સૈન્યના કબજાના ત્રણ વર્ષ પછીની છે જ્યારે ૧૯૮૭માં પાકિસ્તાની સૈન્યએ ૨૧ હજાર ફૂટની ઊંચાઈ પર કબજો કરીને એક બંકર પોસ્ટ બનાવી હતી અને ખતરો બની ગઇ હતી કારણ કે તેઓ ફાયરિંગ કરીને નુકસાન પહોંચાડવા લાગ્યા હતા.

આ ઓપરેશનમાં ચિત્તા હેલિકોપ્ટરોએ મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી. લગભગ ૪૦૦ વખત તેમણે ઉડાણ ભરી હતી અને દુશ્મનના તોપખાનાથી પોતાને બચાવીને જવાનો અને અધિકારીઓને બંકર નજીક પહોંચાડ્યા હતા. આ લડાઇમાં એક કડવી હકીકત એ હતી કે ૨૧૦૦૦ ફૂટની ઉંચાઇ પર શૂન્યથી ૬૦ ડિગ્રી નીચે તાપમાનમા ભારતીય જવાનો ત્રણ દિવસ ભૂખ્યા રહીને જીત મેળવી હતી અને પાકિસ્તાની બંકરમાં મોરચો સંભાળનારા છ પાકિસ્તાનીઓને માર્યા બાદ બચેલા ભારતીય જવાનોએ પાકિસ્તાની ચોખા રાંધીને ખાધા હતા.

### ઓપરેશન મેઘદૂતના ૪૦ વર્ષ પછી રણનીતિ માટે મહત્વપૂર્ણ સિયાચીન ગ્લેશિયર પર કબજો ધરાવે છે ભારત

ઓપરેશન મેઘદૂતના ૪૦ વર્ષ બાદ આજે પણ રણનીતિની રીતે ખૂબ જ મહત્વપૂર્ણ સિયાચિન ગ્લેશિયર પર ભાજપનો કબજો છે. આ વિજય ભારતીય સૈન્યના શૌર્ય, નેતૃત્વ, સાહસ અને ત્યાગની મિસાલ છે. વિશ્વના સૌથી ઉંચા અને ઠંડા ગણાતા આ રણક્ષેત્રમાં આજે પણ ભારતીય સૈનિક દેશની સંપ્રભુતા માટે તૈનાત છે.

આ ઓપરેશન ૧૯૮૪થી ૨૦૦૨ સુધી ચાલ્યું હતું એટલે કે ૧૮ વર્ષ સુધી. ભારત અને પાકિસ્તાનની સેનાઓ સિયાચીન માટે એકબીજા સામે ટક્કર લઇ રહી હતી. જીત ભારતની થઇ હતી. આજે ભારતીય સેના ૭૬ કિલોમીટર લાંબા સિયાચીન ગ્લેશિયર, તેના સાથે જોડાયેલા નાના ગ્લેશિયર, ત્રણ મુખ્ય દરો (સિયા લા, બિલાફોદ લા અને ગ્યોંગ લા) દરરોજ સરકાર સિયાચીનની રક્ષા માટે કરોડો રૂપિયા ખર્ચ કરે છે.

દુનિયાના સૌથી ઉંચા યુદ્ધસ્થળ સિયાચીન હિમખંડની એક કડવી વાસ્તવિકતા એ છે કે આ યુદ્ધ સ્થળ પર ભારત અને પાકિસ્તાનની સેનાઓ આજે ૪૦ વર્ષે પણ સામ સામે છે. આ વિશ્વનું સૌથી ઊંચુ યુદ્ધ સ્થળ જ નહી પરંતુ સૌથી ખર્ચાળ યુદ્ધ સ્થળ પણ છે. જ્યાં થનારા યુદ્ધમાં બંન્ને પક્ષો જાણે છે કે અહી યુદ્ધનો વિજેતા કોઇ નહી હોય. આ કારણ વિનાની લડાઇ માટે પાકિસ્તાન જવાબદાર છે જેણે પોતાના નકશામાં પાકિસ્તાન અધિકૃત કાશ્મીરની સરહદને એલઓસીના અંતિમ એન જે ૯૮૪૨ની સીધી રેખા ખેંચીને કરાકોરમ પર્વતમાળા સુધી બતાવવાની શરુઆત કરી હતી. જેનાથી ચિંતિત ભારત સરકારે ત્યારે ૧૨-૧૩ એપ્રિલ ૧૯૮૪ની રાત્રે ઓપરેશન મેઘદૂતની શરૂઆત કરી તે પાકિસ્તાની સૈન્યને તે હિમખંડમાંથી ધકેલવાના અભિયાનની શરૂઆત કરી જેનો ઇરાદો આ હિમખંડ પર કબજો કરી નુબ્રા ઘાટી સાથે જ લદાખ પર કબજો કરવાનો હતો.

ભારત સરકારે ત્યારબાદ ક્યારેય સિયાચિન હિમખંડમાંથી પોતાનું સૈન્ય હટાવવાનો ઇરાદો વ્યક્ત કર્યો નથી. કારણ કે પાકિસ્તાન આ માટે તૈયાર નથી. આજે જ્યારે પણ હિમખંડ પર સીઝફાયરને કારણે ગોળીબારની કોઇ ઘટનાઓ બનતી નથી પરંતુ પ્રકૃતિ સામે લડતા સૈનિકો હજુ પણ શહીદ થઇ રહ્યા છે. (જુઓ પાનું ૬) ▶▶

## અરાઉન્ડ ધ વર્લ્ડ

pratiksha.thanki@bombaysamachar.com
પ્રતીક્ષા થાનકી


# જીરોના-જુનવાણી ઈમારતો ને આધુનિક સાઇકલોનું શહેર...











જ્યારથી બાર્સિલોનાથી નીકળેલાં ત્યારથી જીરોના રિજનમાં જ આંટા મારી રહ્યાં હતાં. એવામાં બેસાલુથી જ્યારે જીરોના શહેર જવાનું આવ્યું ત્યારે પહેલાં તો ખાસ કોઈએ નોંધ ન લીધી. એક વાર શહેરની હદ શરૂ થઈ પછી રિયલાઇઝ થયું કે આ શહેર બાર્સિલોનાથી કદાચ થોડું જ નાનું હશે. મુંબઈ અને બેંગલોરનાં લોકો અમદાવાદને અન્ડરએસ્ટિમેટ કરી દે એવું અમે જીરોના સાથે કરી બેઠાં એવી મજાકો થવા લાગી. જીરોનામાં ખ્યાતનામ સિરીઝ 'ગેમ ઓફ થ્રોન્સ'નું લોકેશન હોવાથી માંડીને મધ્યયુગીન આર્કિટેક્ચરનાં લેયર્સ અને શોપિંગની મજા વચ્ચે સાઇકલોનાં ચિત્રો, સાઇકલ ટ્રેક્સ અને સાઇકલ સંબંધિત સુવિનિયરનો અતિરેક થઈ રહ્યો હતો. અને કેમ ન હોય, યુરોપ જ નહીં, દુનિયાભરનાં પ્રોફેશનલ સાઇકલિસ્ટનું આ મનપસંદ શહેર છે. જીરોનામાં ટૂર ડે ફ્રાંસવાળી સાઇકલ રેસના પણ ઘણા હિસ્સા યોજવામાં આવે છે. અહીંનું લેન્ડસ્કેપ સાઇકલિસ્ટ માટે એવું આદર્શ માનવામાં આવે છે કે અહીં વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેતાં પહેલાં આંતરરાષ્ટ્રીય સાઇકલિસ્ટ પ્રેક્ટિસ કરવા પણ પહોંચી જાય છે. અહીંદરેક પ્રકારની બાઇક્સ રેન્ટ કરવાનું પણ શક્ય છે. છેલ્લાં થોડાં વર્ષોમાં સાઇકલિંગને ગંભીર હોબી બનાવી ચૂકેલા કુમાર માટે તો અહીં ડિઝનીલેન્ડ પહોંચી ગયો હોય તેવો ઉત્સાહ હતો. તેણે તો અહીં પોતાનાં સાઇકલિસ્ટ મિત્રો સાથે ફરી આવવાનો પણ પ્લાન બનાવવા માંડ્યો હતો.

અમે બેસાલુથી નીકળ્યાં તેને માંડ અડધો કલાક થયો હતો. જીરોનામાં ઘણા મુશ્કેલ રસ્તા, ટ્રાફિક અને ભીડ વચ્ચે ક્યાં પાર્ક કરીને સિટી સેન્ટરમાં લટાર મારવા નીકળવું તે નક્કી કરવાનું પણ શક્ય નહોતું બન્યું. એક વાર તો એના એ જ સર્કલ પાસે આંટા માર્યા. આખરે એક ટેમ્પરરી પાર્કિંગમાં કાર ઊભી રાખીને નજીકનું અંડરગ્રાઉન્ડ પાર્કિંગ શોધ્યું. ત્યાંથી જોવાલાયક સ્થળો સુધી ઓછું ચાલીને વધુ પોઇન્ટ્સ કવર થાય તેનો પ્લાન બનાવ્યો.

શહેરની મધ્યે જ એક મોટા નાળા જેવી લાગતી ઓન્યાર નદી પર બંધાયેલા બ્રિજની બંને તરફ જીરોનાની મહત્ત્વની સાઇટ્સ છે. નદીની બંને તરફ રંગીન જુનવાણી ઘરો થોડા અંશે લોરેન્સની યાદ અપાવતાં હતાં. તેમાં નદી પરનો સૌથી ખ્યાતનામ લાલ મેટલનો બ્રિજ તો એફિલ ટાવરવાળા ગુસ્તાવ એફિલે ડિઝાઇન કરેલો છે. આ બ્રિજ પર એવી ભીડ હતી કે તેનો માણસો વિના તો ફોટો પાડવાનું જ શક્ય ન હતું. બેસાલુની જેમ જીરોના પણ કોઈ સમયે વોલ્ડ સિટી હતું. આજે તો તેની દીવાલો પર ચાલીને શહેરનો પેનોરમા જોવાનું પણ શક્ય છે. દીવાલોની અંદરની તરફ જુનવાણી અને બહારની તરફ નવું વસેલું જીરોના જોઈને એક સાથે જાણે બે અલગ અલગ સમયગાળામાં ડોકિયું કરવા મળતું હોય તેવું લાગતું હતું. શહેરનું મોટાભાગનું જુનવાણી આર્કિટેક્ચર કમસેકમ દસમી સદીનું હોવાની વાત છે.

જીરોના આર્ટ મ્યુઝિયમ, હિસ્ટ્રી મ્યુઝિયમ, જ્યુઇશ મ્યુઝિયમ, એવાં ઘણાં રેલેવન્ટ મ્યુઝિયમ પણ બધાં આ જ વિસ્તારમાં હતાં. તે બધાંની વચ્ચે અહીં એક નાનકડું સિનેમા મ્યુઝિયમ પણ છે. ફ્રાન્સથી નજીક હોવાનો કલ્ચરલ ફાયદો આ વિષયમાં ખાસ દેખાઈ આવે તેવું છે. અહીં જુનવાણી કેમેરાથી માંડીને સિનેમાનાં સાવ શરૂઆતનાં વર્ષો અંગે ઘણી વિગતે માહિતી મળે તેવું છે. નજીકમાં જ જીરોનાનું સૌથી ખ્યાતનામ ઇન્ડિપેન્ડેન્સ સ્કવેર પણ છે. આ જ ચોકમાં ઘણાં શિલ્પો અને આર્ચ વચ્ચે કાફેઝ અને બેન્ચ સાથે લોકોની ભીડ જામેલી હતી. જાણે જીરોના આવેલાં બધાં ટૂરિસ્ટ ત્યાં જ ભેગાં થવાનું નક્કી કરીને આવ્યાં હોય. અમે પણ ત્યાં એક ચક્કર માર્યું.

ચાલીને ત્યાંના ભવ્ય કથિડ્રાલ પર પહોંચ્યાં. 'ગેમ ઓફ થ્રોન્સ'માં ક્વીન સરસીને ચર્ચના પગથિયે વસ્ત્રહીન થઈને આખા ગામમાંથી પસાર થવાની સજા અપાય છે, તે પગથિયા પરનાં દૃશ્યો અહીં ફિલ્માવામાં આવ્યાં હતાં. તે વાર્તાનો ધાર્મિક હાઇ સ્પેરોનો આખો ટ્રેક જીરોનામાં જ ફિલ્માવાયેલો. એટલું જ નહીં, અહીંના આરબ બાથમાં આર્યા સ્ટાર્કનાં બ્રાવોસનાં દૃશ્યોનો સેટ હતો. એક વાત નક્કી હતી, જીરોનાના ઐતિહાસિક સેટિંગનો 'ગેમ ઓફ થ્રોન્સ'માં તો ભરપૂર ઉપયોગ કરવામાં આવ્યો જ હતો. જોકે અહીંનો ઇતિહાસ 'ગેમ ઓફ થ્રોન્સ'નાં કાલ્પનિક ઇતિહાસની જેમ નાટકીય ન હતો. અહીં ઘણી મહત્ત્વની ઘટનાઓ બની ચૂકી છે. અમે કથિડ્રાલને ફરતે આંટો મારીને ત્યાંના જૂના સિટી સેન્ટરનો દરેક ખૂણો અડી લીધો હતો. અહીં કથિડ્રાલથી નજીકમાં જ યુરોપનું સૌથી વધુ માવજતથી જાળવી રખાયેલ જ્યુઇશ ક્વાટર આવેલું છે.

બધું જોઈ રહ્યાં ત્યાં સાંજ પડવાની તૈયારી હતી.

રાત્રે હોટલ પર સ્પેનિશ વાનગીઓ તો અમારી રાહ જોઈ રહી હતી.. રોજનું સ્પેનિશ ભાણું ત્રણ દિવસમાં જરા બોરિંગ થઈ ચૂક્યું હતું. એવામાં જીરોનાનું લોકપ્રિય ઇન્ડિયન રેસ્ટોરાં જવાની ઇચ્છા રોકી શકાઈ નહીં. આમ તો ટૂરિસ્ટી જગ્યાઓ પર સારું ભારતીય ભોજન મળવાની કોઈ ખાસ અપેક્ષા હોતી નથી, પણ અહીં અમને મજેદાર પનીર કરી, રોટી અને સમોસાં મળ્યાં. તે ખરેખર ભારતમાં ભાવે એવા હતાં કે નહીં એ કહી શકાય તેમ નથી, પણ તે સમયે તો મસાલેદાર કંઇક ખાવા મળ્યું હોવાનો આનંદ જરા અલગ જ સ્તરે હતો. જીરોનામાં જોવા મળેલાં અનોખાં દૃશ્યો અને ત્યાં થયેલા અનુભવો પર જાણે સારું જમ્યા પછી ચાર ચાંદ લાગી ગયા હતા. કાટાલોનિયામાં હજી જોવાલાયક જે પણ બાકી હતું તે બધું જ જોઈને જવા અમે મક્કમ હતાં. તેમાંય રોઝીઝ ગામ પાસે વધુ એક લોકપ્રિય ઇન્ડિયન રેસ્ટોરાંનું એડ્રેસ હાથ લાગ્યું હતું. ■

## મસ્તરામની મસ્તી

feedback@bombaysamachar.com
મિલન ત્રિવેદી



# બટન દબાવો, પરિવાર બચાવો...

સુપ્રીમ કોર્ટમાં ધબધબાટી બોલે છે....EVM હટાવો... 'એલા લીવ ઇનમાં નથી લીધું... લગન કરીને લાવ્યા છીએ. !' અને EVM એટલે નાનું બાળક સમજો છો કે લાભ મળે તો એડજેસ્ટ થઈ જાય? મારું મગજ પણ ક્યાંથી ક્યાં દોડે છે સાવ નાના બાળક જેવું છે.

ઇવીએમ મશીન ખાલી ચૂંટણી દરમિયાન જ કામ આવે એવું શું? કામ જો એડજસ્ટ થતું જ હોય તો સંસારના અમુક નિયમોમાં પણ એ વપરાવું જોઈએ. લોકોનું એવું માનવું છે કે હું સ્વભાવે થોડો ઠાવકો અને સમજુ છું એટલે કુટુંબના નાના-મોટા કોઈના પ્રશ્નો હોય તો મને બોલાવી જાયઃ 'ભાઈ, આને સમજાવો...' અને હું પણ જાણે બહુ સમજાવી જાણતો હોઉં તેમ દાઢી ઉપર હાથ રાખી ગંભીર મુખમુદ્રા ધારણ કરી અને બંને પક્ષને સાંભળી અને મારી સમજ મુજબ જજમેન્ટ આપતો હોઉં છું. લોકો સ્વીકારી અને સમાધાન કરે. સારું લાગે તો વાહવાહ થાય અને ખોટું લાગે તો બહાર કોઈને કહેતા નથી. એટલે આપણું આ ગાડુ ચાલે છે.

હમણાં ચુનિયાને ઘરે ભાભી સાથે કંઈક ડખો થયો ચુનિયાના મમ્મી-પપ્પા-છોકરો બધા જ ભાભીની વિરુદ્ધમાં આવી ગયા. ભાભીને તરત જ હું યાદ આવ્યો એટલે મને ફોન કર્યો : ભાઈ તમે તાત્કાલિક આવો ચુનિયાને સમજાવો મને કાઢી મૂકવાની વાત કરે છે ભલે આમાં હું ખોટી હોઈશ પણ કાયમ એ જ ખોટા હોય છે તો મેં કોઈ દિવસ એમને કાઢી મૂકવાની વાત કરી?

મને ભાભીની વાત સાચી લાગી એટલે હું તરત જ દોડી ગયો. સાવ નાની એવી વાતમાં ભાભીએ જીદ કરી અને ચુનિયાને જાણે મોકો જોઈતો હોય છૂટવાનો તેમ એણે ભાભી પર ધોંસ બોલાવવાની ચાલુ કરી. હુંસાતુંસી થાય ત્યાં સુધી બરાબર છે પરંતુ 'કા તું નહીં અને કા હું નહીં' ત્યાં સુધી વાત જાય તે વ્યાજબી નહીં. ભાભીનો વાંક એટલો જ હતો કે ચુનિયાને કીધા વગર ઓનલાઇન કાંઈક મંગાવ્યું હશે તેમાં સ્ટીલના ૪ ચમચા ચુનિયાના હાથમાં આવ્યા, જેની કિંમત ૪૦૦ રૂપિયા લખેલી હતી એમાં ચુનિયાનો મગજ ગયો કે આટલા ચમચા ઘરમાં હોય પછી આ ચાર ચમચાના ૪૦૦ રૂપિયા શું કામ ચૂકવ્યા?'

ભાભીએ એક વાત છુપાવેલી કે ચારસો રૂપિયાની સાડી લીધેલી, જેમાં ૪ ચમચા મફત મળેલા છે. જો એ સાડીની વાત કરે તો ડબલ ગરમ થાય કે કબાટ આખો ભરેલો છે તેને અગરબત્તી કરવાની છે?

મને ખબર છે કે જ્યારે જ્યારે ભાભી નવા કપડા મંગાવવાની વાત કરે ત્યારે ચુનિયો એનું કાણું પડેલું એક ગંજી દેખાડી ને કહે છે કે જો, હું કેટલી કરકસર કરું છું? ભલે એ ગંજી કોઈ દિવસ પહેરતો નથી અને ભાભીને દેખાડવા માટે જ રાખ્યું છે.અને કદાચ પહેરે તો પણ એની ઉપર શર્ટ આવે છે. અને કંપનીવાળા દિવાળી ઉપર એકની સાથે બીજું ફ્રીની સ્કીમ એટલી બધી રાખે છે કે એણે પોતાનો માલ ખાલી કરવો હોય ત્યારે કોકના ઘરમાં દીવાસળી ચાંપી અને ઓછામાં ઓછા ૧૦ ટકાના ઘરમાં તે ડખ્ખા કરાવતું હશે. એમાંય અમુક બૈરા એવા હરખપદુડા હોય છે કે એ પોતે માલ રાખી અને રાજી ન થતા હોય એટલા તો બીજા જુવે અને બળે એ વિચારીને ડબલ રાજી થતા હોય છે. પેલા કંપનીવાળા આ સાઇકોલોજી જાણે છે એટલે સ્લોગન પણ એવું 'સવિતાએ મિક્સર લીધું, તમે લીધું? ' અરે, પણ સવિતાનો પતિ પોલીસમાં છે એને પોસાય.... કોક બિચારા હાસ્ય કલાકારના ઘરમાં શું કામ ડખા કરાવો છો? અડધું તો આ સોશિયલ મીડિયાએ દાટ વાળ્યો છે. પહેલા આવું કશું હતું નહીં એટલે કોકના ઘરે જઈએ ત્યારે ખબર પડે કે એણે શું નવું લીધું. આ તો ઘરે જઈએ કે ન જઈએ, સીધું ફેસબુક ઉપર મૂકે : 'અમારા ઘરે ટીવી આવ્યું. અમારા ઘરે ફ્રીજ આવ્યું. અમારા ઘરે વોશિંગ મશીન આવ્યું, અરે, ભાઈ, તમારા ઘર માટે આવ્યું છે તો અમને શું કામ જણાવો છો? તમને ખબર નથી અમારા ઘરે પણ બૈરું છે ?' અને ઓલા ઝુકરબર્ગભાઈ પોતાની પત્નીને રસોઈમાં મદદ કરતા હોય તેવો ફોટો વાયરલ થયેલો... એલા ભાઈ, તું નવો-નવો મદદ કરતો હોઈશ અમારા ઘરે ઘરે ધરાહાર ઝુકરબર્ગ થવું પડે છે. મોટા માણસો ખાલી ફોટા પડાવે કે વીડિયો ઉતરાવે બાકી સામાન્ય માણસને તો તે રોજનું હોય છે.....સોરી, આ હું પાછો આડે પાટે ચડી ગયો.

ચુનિયાને ઘરે બે વિભાગમાં બધા વેચાઈ ગયેલા. બન્નેની વાત સાંભળીને બન્નેને બહુ સમજાવ્યા, પરંતુ કોઈ સમજવા તૈયાર હતાં જ નહીં. ભાભીને ઘરમાંથી બહાર જવું ન હતું અને ચુનિયાને ઘરમાં રાખવા નહતા. તમાશાને તેડું ન હોય અને વાત રહેવા ન રહેવાની હતી. ચુનિયો અને એની વહુ પોતપોતાની વાત રજૂ કરી સમર્થન વધારવાની ફિરાકમાં હતા, આ વખતે ચુનિયાનું પલડું ભારે હતું. લોકો ચુનિયાને સહાનુભૂતિ આપતાં હતા મને અંદરથી સ્ટ્રોંગ ફિલિંગ આવતી હતી કે આ વખતે ચુનિયો ધાર્યું કરશે. ભાભી ચિંતામાં આવી ગયાં. ક્યાંયથી સમર્થન નહતું મળતું.

વોટિંગની તૈયારીઓ થવા લાગી,બેલેટ પેપર તૈયાર થવા લાગ્યા, ત્યાં અચાનક ભાભી ઉપર એક ફોન આવ્યો અને શાંત ચિત્તે લોકો વચ્ચે આવી અને એમણે કહ્યું : 'મને જે કાંઈ સમર્થન મળશે તે સર-આંખો ઉપર...જો કે મને તો વિશ્વાસ છે કે હું જ સાચી છું અને મને જ વધારે સમર્થન મળશે... મારી એક છેલ્લી વિનંતી છે કે આપણે મતદાન માટે બેલેટનો ઉપયોગ નહીં કરીએ, ઈ.વી.એમ. મારા પપ્પા લઈ આવે છે એ આપણે વાપરીશું એટલે તમારે પણ ગણવાનો સમય બગડે નહીં ને તાત્કાલિક ધોરણે નિર્ણય આવી જાય.

ચુનિયા પરિવાર અને બહોળા સમર્થકોમાં ઉત્સાહ હતો જ કે ચાલો, દેખીતી રીતે જ નિર્ણય તો સાફ છે કે ભાભી કોઈ સંજોગોમાં હવે રહી શકે તેમ નથી. અને જો ઈ.વી.એમ. આવી જાય તો વહેલું પતે અને આપણે પણ સૌ આપણા કામે વળગીએ.

થોડા સમયમાં જ એક ઈવીએમ મશીન આવી ગયું અને અને લોકો બટન દબાવવા આતુર હતા, પણ ભાભી સામે ઘુરકી ઘુરકી અને બટન દબાવ્યા. દેખીતી રીતે જ (જુઓ પાનું ૬) ▶▶

### વિચારવાયુ

*ચૂંટણી ટાણે રહેતો ઉમેદવારનો સ્વભાવ કાયમ રહે તો કેવું ગમે? થાશે..એ પણ થશે.પેટ્રોલ ૧૦ રૂપિયા/લિટર થશે ત્યારે....!*

ભાત ભાત કે લોગ

feedback@bombaysamachar.com
જ્વલંત નાયક

# જસ્ટિસ ખન્નાની ટિપ્પણીથી ‘બૂથ કેપ્ચરિંગ’નું કાળું-ઐતિહાસિક પ્રકરણ ફરી ખૂલ્યું છે!

ભારતીય ન્યાયતંત્રમાં ક્યારેક એવું બને છે કે જજ પોતે કોઈક મામલે તીખી ટિપ્પણી કે પ્રતિક્રિયા આપે પછી એ મામલો તમને ભૂતકાળ સુધી દોરી જાય! હમણાં આવું જ કંઈક ઇવીએમ મામલે બન્યું. ભારતમાં ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઇવીએમ) વપરાતું થયું ત્યારથી જ એની સામે આક્ષેપો થયા કરે છે. તેમ છતાં દેશનું ચૂંટણી પંચ, ન્યાયતંત્ર અને મોટા ભાગના લોકો ઇવીએમની તરફેણમાં રહ્યા છે. શા માટે?

બીજી તરફ યુરોપના કેટલાક દેશોએ ઇવીએમને નકારી કાઢ્યા છે. અને બેલેટ પેપર દ્વારા થતી ચૂંટણીઓ તરફ પાછા વળ્યા છે, પણ ભારત ફરી બેલેટ પેપર દ્વારા થતી ચૂંટણી પદ્ધતિ અપનાવે એવા કોઈ આસાર નથી. સુપ્રીમના જજીસની હાલની ટિપ્પણી પણ એ જ ઇંગિત કરે છે.






વિપક્ષોનું કહેવું છે કે ભાજપવાળા રોયાવ કાયમ ઇવીએમ હેક કરીને ચૂંટણી જીતી જાય છે, બાકી એવડી એ પાર્ટીને આટલી બધી સીટ્સ મળે જ ક્યાંથી! કેટલાક વળી એવો ય આક્ષેપ મૂકે છે કે ભાજપવાળા સરકારી મશીનરીનો ઉપયોગ કરીને મતદાન બાદ સ્ટ્રોંગ રૂમમાં મુકાયેલા ઇવીએમ બદલી નાખે છે. મૂળ વાત એ છે કે આમાંનું કશું સાબિત થયું નથી. સાબિત તો જવા દો, પાકી શંકા પેદા થાય, એવો ય કોઈ મામલો સામે નથી આવ્યો. ચૂંટણી કમિશને તો ઇવીએમ હેક કરી બતાવવા માટે રીતસર ચેલેન્જ મૂકી છે, જે આજ સુધી કોઈ ઉપાડી નથી શક્યું. હા, ટેકનિકલ ફોલ્ટને કારણે અમુક ઇવીએમમાં એવું થાય છે કે ગમે તે બટન દબાવવા છતાં બધા મત કોઈ એક જ પક્ષને જતા હોય, પણ જ્યાં લાખોની સંખ્યામાં ઇવીએમ બનતા હોય ત્યાં અમુક ઇવીએમ ખામીગ્રસ્ત હોય એ બનવાજોગ છે.

ખેર, આ બધી ટેકનિકલ બાબત છે. મજાની વાત એ છે કે જ્યારે ભાજપ વિપક્ષે હતું, ત્યારે એના નેતાઓ પણ ઇવીએમ સામે આવી શંકા-કુશંકા દર્શાવી ચૂક્યા છે, પણ અહીં જજે જે ટિપ્પણી કરી, એની વાત છે. ‘એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ’ (ADR) નામક એનજીઓ ઈચ્છે છે કે ચૂંટણી પંચ ભારતમાં ઇવીએમને બદલે ફરીથી બેલેટ પેપર દ્વારા ચૂંટણી કરાવે. આ માટે આ સંસ્થાએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે, જેમાં સંસ્થા તરફથી વકીલ તરીકે છે જૂના અને જાણીતા પ્રશાંત ભૂષણ. ગત અઠવાડિયે ‘વોટર વેરીફિકેશન સ્લિપ’ અંગેની સુનાવણી દરમિયાન વિદ્વાન વકીલ પ્રશાંત ભૂષણે યુરોપિયન દેશોનુ દ્રષ્ટાંત આપતા કહ્યું કે આ દેશો ઇવીએમને બદલે બેલેટ પેપરથી ચૂંટણી કરાવવા તરફ પાછા ફર્યા છે.... જવાબમાં બેન્ચમાં સામેલ જસ્ટિસ સંજીવ ખન્નાએ રોકડું પરખાવ્યું, કે ‘અમે જીવનના છઠ્ઠા દાયકામાં છીએ. આપણે બધા જ જાણીએ છીએ કે બેલેટ પેપરથી મતદાન થતું, ત્યારે પરિસ્થિતિ કેવી હતી!’

જસ્ટિસ ખન્નાની આ ટિપ્પણી ભારતીય ચૂંટણીઓના ઇતિહાસનું કાળું ધબ્બ પ્રકરણ ઉઘાડી આપે છે. જેમણે ૨૦૧૦ પછી મતાધિકાર પ્રાપ્ત થયો હોય, એ પેઢીને માટે ‘બૂથ કેપ્ચરિંગ’ શબ્દ કદાચ અજાણ્યો હશે, પણ એંસી-નેવુંના દશકો (અને કેટલાંક સ્થળોએ તો આઝાદી પછી તરતના દશકમાં જ) દરમિયાન ભારતમાં અનેક ચુનાવક્ષેત્રો એવાં હતાં, જ્યાં બૂથ કેપ્ચરિંગના બ્રહ્માસ્ત્ર સિવાય ચૂંટણી લડવી જ શક્ય નહોતી. જે બૂથ કેપ્ચરિંગ કરી શકે એ જ ચૂંટણી લડી અને જીતી શકે!

બાવડાના બળે આખું મતદાન મથક જ કબજે કરીને પોતાની તરફેણમાં બોગસ વોટિંગ કરાવી લેવાની ઘટના એટલે બૂથ કેપ્ચરિંગ...! બૂથ કેપ્ચરિંગની સૌથી પહેલી ઘટના ઠેઠ ૧૯૫૭માં ઘટી હોવાનું જાણવા મળે છે. એ વખતની, ચૂંટણીમાં બિહારના બેગુસરાઈ બેઠક પર કૉંગ્રેસ અને સામ્યવાદી પક્ષ વચ્ચે કાંટાની ટક્કર હતી. કૉંગ્રેસ તરફથી ઉમેદવાર તરીકે સરયુગસિંહ નામનો બાહુબલી હતો, જ્યારે કમ્યુનિસ્ટ પાર્ટી તરફથી ચંદ્રશેખર સિંહે ઉમેદવારી નોંધાવેલી. આ ચંદ્રશેખર પણ ગાંજ્યો જાય એવો નહોતો, આગળની ચૂંટણીમાં એ બેગુસરાઈ બેઠક જીતી ચૂકેલો અને સીટિંગ એમએલએ તરીકે ચૂંટણી લડતો હતો. બેઉ બળિયાઓ વચ્ચે રાજકીય માહોલ અત્યંત ગરમ હતો. મતદાનને દિવસે બેગુસરાઈથી છ-આઠ કિલોમીટર દૂર આવેલા રચિયાહી ગામે ભારતીય ચૂંટણીઓના ઇતિહાસમાં બૂથ કેપ્ચરિંગની પ્રથમ ઘટના બની. થયું એવું કે રચિયાહી ગામ ખાતે આવેલા મતદાન મથકે આસપાસનાં ગામોમાં વસતા કેટલાક લોકો મતદાન કરવા જઈ રહ્યા હતા. આ બધા કમ્યુનિસ્ટ પાર્ટીના મતદારો હોવાનું મનાતું હતું. આથી સરયુગસિંહના ટેકેદારો વિફર્યા. એમણે મતદાન કરવા જઈ રહેલા લોકોને અધવચ્ચે જ આંતર્યા, અને પછી તો કૉંગ્રેસ અને કમ્યુનિસ્ટ પાર્ટીના ટેકેદારો વચ્ચે ભારે બઘડાટી બોલી ગઈ. ચંદ્રશેખરને વોટ આપવા આવેલા અનેક ઘવાઈને હોસ્પિટલ પહોંચ્યા. બીજી તરફ સરયુગસિંહના ટેકેદારોએ રચિયાહી મતદાન મથક કબજે કરીને મોટે પાયે બોગસ વોટિંગ કર્યું. કેટલાક લોકોનું એવું ય કહેવું છે કે મતદાન મથક કબજે નહોતું કરાયું, પણ બે પક્ષના ટેકેદારો વચ્ચે સશસ્ત્ર સંઘર્ષ તો અચૂક થયેલો. હિંસાનો સહારો લઈને એક પક્ષને મત આપતા અટકાવાયો, એ હકીકત હતી.

બેગુસરાઈ બેઠક અંતે કોણ જીત્યું, એ મહત્ત્વનું નથી, પણ આ ઘટનાએ સ્વાર્થી નેતાઓને એક નવો ‘વિચાર’ આપ્યો. ગમે એ ભોગે ચૂંટણી જીતવા માગતા અનેક નેતાઓ ગુંડાઓને જોરે બૂથ કેપ્ચરિંગ તરફ વળ્યા. ચૂંટણીને દિવસે નેતાઓ પોતે ઉછેરેલા ગુંડાઓને છૂટા મૂકી દેતા. આ ગુંડાઓ પોતાની સશસ્ત્ર ટુકડીઓ લઈને મતદાન મથકે પહોંચી જતા. ગુંડાટોળીના ૩-૪ સભ્યો જાતે જ બધા બેલેટ પેપર્સ પર સિક્કા મારી મારીને પોતાના પાલક નેતાને પક્ષે મતદાન કરતા. બિચારા સાચા મતદાતાને તો જાણ સુધ્ધાં ન હોય અને એનો વોટ પેલી ગુંડા ટોળીએ પોતાના પાલક નેતાના પક્ષે નાખી દીધો હોય! એ સમયગાળામાં ઉત્તર પ્રદેશ અને બિહાર જેવા રાજ્ય તો બૂથ કેપ્ચરિંગ માટે કુખ્યાત થઇ ગયેલા. રાજકારણમાં ગુંડાઓનો પગપેસારો થયો, એના મૂળમાં પણ ક્યાંક આ બૂથ કેપ્ચરિંગવાળી ઘટનાઓનો મોટો ફાળો છે. જે ગુંડા સરદારો જરા લાંબું વિચારી શકતા હતા, એમને થયું કે જો નેતાઓ એમના (એટલે કે ગુંડા સરદારોના) બાવડાને બળે નેતાઓ ચૂંટણી જીતી શકતા હોય અને રાજ ચલાવી શકતા હોય, તો પોતે જ પોતાના બાવડાને બળે નેતા કેમ ન બની શકે?! એ પછીનો પોલિટિકલ સિનારિયો તો આપણે જાણીએ જ છીએ.

પ્રશાંત ભૂષણે કોર્ટ સમક્ષ દલીલ કરતા જર્મનીનો દાખલો આપ્યો. જર્મની ઇવીએમ છોડીને બેલેટ તરફ પાછું વળ્યું છે. આના જવાબમાં બેન્ચના બીજા જસ્ટિસ દિપાંકર દત્તાએ કહ્યું કે ‘જર્મનીની વસતિ છ કરોડ છે, જ્યારે ભારતમાં નોંધાયેલા મતદારો જ સત્તાણુ કરોડ છે! આવડી જંગી વસતિમાં ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન છોડીને બેલેટ પેપર તરફ વળવું અશક્ય છે.’

...અને જજે જે નથી કહ્યું એ મુજબ દરેક બાબતમાં યુરોપ-અમેરિકા સાચું જ કરતા હોય એ જરૂરી નથી.

અમેરિકાની ગઈ ચૂંટણી વખતે ટ્રમ્પ-બાઈડનના પક્ષો વચ્ચે પડેલી મડાગાંઠ કે પછી બ્રિટનમાં થોડા સમય પહેલા ઊભી થયેલી બંધારણીય મડાગાંઠના દાખલા મોજૂદ છે.. દરેક દેશે પોતપોતાની પરિસ્થિતિ મુજબ ઉકેલ શોધવાનો હોય છે. એમાં એક દેશનો નિયમ બીજાને લાગૂ પાડવામાં અનેક ભયસ્થાનો છે. યુરોપ-અમેરિકામાં આપણા ‘લેવલનું’ બૂથ કેપ્ચરિંગ નહિ થયું હોય એટલે એમને બેલેટ પેપર પોસાય! હા, લોકશાહીમાં ચૂંટણી પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શી હોવી જ જોઈએ.

જો વીવીપેટ (વોટર વેરિફાઈડ પેપર ટ્રેલ) વિશે કોઈ ગરબડ થવાની શક્યતા હોય તો ચૂંટણી પંચે એનું નિવારણ કરવું જ રહ્યું. બાકી ઇવીએમ છોડીને ફરી બેલેટ વાપરવા, અને એના પગલે ફરી એક વાર બૂથ કેપ્ચરિંગના અંધારયુગમાં ધકેલાવું હવે પોસાય એમ નથી.

ઊડતી વાત

feedback@bombaysamachar.com
ભરત વૈષ્ણવ

# જીતની આગાહી કરનાર પોપટ પાંજરે પુરાય ને એકઝિટ પોલવાળા ‘ચિયર્સ ’ કરે?!




લોકસભાની ચૂંટણી ધીરે ધીરે મહોબ્બતની જેમ રંગ લાવી રહી છે. ચૂંટણી એ એક રાષ્ટ્રીય પર્વ છે એમ લોકશાહીમાં શ્રદ્ધા રાખનાર માને છે. કાર્યકર અને ઉમેદવાર માટે ગળાકાપ હરીફાઈ છે. તંત્ર માટે ન્યાયી , નિષ્પક્ષ અને મુક્ત ચૂંટણી યોજવી એ પડકારજનક છે. ચૂંટણી પંચ શાસક ટીમનો બારમો ખેલાડી છે એ વાત વિપક્ષો ગાઇવગાડીને કહે છે. આદર્શ આચારસંહિતા માત્ર ને માત્ર વિપક્ષ માટે અમલી છે એવું ઇલેકશન કમિશનના કરતબ પરથી સાબિત થાય છે. આમેય, ‘સમરથ કો નહીં દોષ ગુંસાઇ ’ એમ તુલસીદાસ કહી ગયા છે, પણ ‘અસમરથકો નહીં રોષ ગુંસાઇ...! ’ એવું અમારો રાજુ રદી દાસ કહે છે!

ચૂંટણી લડી રહેલો ઉમેદવાર-પાર્ટી જ્યોતિષી, તાંત્રિક , બાબા વગેરેના પગે પડીને પોતાને જીત મળશે કે કેમ તેનો તાળો મેળવવાના સરવાળા- બાદબાકી- ગુણાકાર-ભાગાકાર કરે છે!

બીજી તરફ, નજૂમી-જ્યોતિષી-તાંત્રિક-ભૂવા ચિક્કાર રૂપિયા પડાવી જીત કે હારની આગાહી કરે છે. આગાહી કરનાર પરિણામ પહેલાં આગાહી જાહેર કરતા નથી, પણ, ‘ચૂંટણીનાં પરિણામ આવ્યા પછી પોતાની આગાહી સાચી પડી છે’ તેનો ઢોલ પીટતા હોય છે! જો કે, કેટલી આગાહી ખોટી પડી તે વાત ખોંખારો ખાઈને ક્યારેય કહેતા નથી કેમ કે, આ પ્રકારની જાહેરાતથી એના જૂઠના કારોબારના બિઝનેસનો ‘ધી એન્ડ’ આવી જાય..

આ દેશમાં ચૂંટણી સર્વેક્ષણનું પણ ફૂલગુલાબી કે લીલુંછમ ધૂપ્પલ ‘બૂલેટ ટ્રેનની ગતિથી ચાલતું નથી, પણ દોડે છે! પ્રિપોલ-પોસ્ટ અને પોલના નામે પ્રોપેગેન્ડા ચલાવવામાં આવે છે. દેશની વસતિ ૧૪૦ કરોડ છે. આ લેખ તમારા હાથમાં આવે ત્યારે ૧૪૩ કરોડ વસતિ થઇ જવાની ઉજ્જવળ શક્યતા છે... તો એ ૧૪૨ કરોડ વસતિ સામે ટાઇ-કોટ પહેરેલા ચપડચપડ અધકચરી અંગ્રેજી ઝાડનારા લોકો ૧ હજાર કે ૨ હજાર અગર તો ૩ હજાર લોકોનો સેમ્પલ સર્વે કરીને દેશની નસેનસથી વાકિફ હોવાનો દાવો કરે છે. પ્રિ-પોલમાં પ્રશ્નો એ રીતે ગોઠવવામાં આવે છે કે જવાબમાં ગમે એનો જયજયકાર કરી શકાય છે!

પ્રિ-પોલ કે પોસ્ટ પોલ કરનાર કંપની ન્યૂઝ ચેનલ સાથે સર્વે કરે છે. પ્રાઇમ ટાઇમમાં સો કોલ્ડ સેફોલોજીસ્ટ ( કે ફેંકો-લોજિસ્ટ ?! ) પાણી વલોવે છે. ડુંગળીના પડ કે ખાજલીના કરકરા પડની માફક પાર્ટીને કેટલો વોટ શેર મળશે , કેટલી સીટ મળશે કયા જાટ ભારી પડશે તેનું વિશ્લેષણ કરીને દાટ વાળી દે છે જાતભાતની થિયરી વચ્ચે વચ્ચે લાવીને જે પાર્ટીને વધુ સીટ મળવાનો વર્તારો દેખાડે એ નેતા તો ‘અમે ઇડરિયો ગઢ જીત્યા રે’ ના નશામાં ગરકાવ થઇ જાય છે.જેને ઓછી સીટ મળવાનું દેખાડે તે પક્ષોના નેતા ‘સર્વે ખોટો છે -કાઉન્ટિંગની તારીખે જનતા જનાર્દન અમારા પાર્ટીને વિજય તિલક કરશે’ એવો દાવો કરે છે. કોઈ કોઈ કહેવાતા પોલિટિકલ અનાલિસ્ટ કોઇને કોઇ પાર્ટીનો પીઠું જ હોય છે એટલે એ ધૂણે તો નારિયેળ પોતાની પાર્ટી પર જ ફેંકશે!

ભારતમાં લોકસભા કે વિધાનસભાની ચૂંટણીમાં અત્યાર સુધીમાં જે જે એજન્સી-સંસ્થાએ એકઝિટ પોલનું હમ્બગ ચલાવ્યું છે એ ટાઢા પહોરનું ગપ્પું સાબિત થયું છે. એકાદ સુખદ અપવાદ સિવાય તમામ એકઝિટ પોલને જનતાએ લાત મારીને એકઝિટ કર્યા છે.

આપણા દેશમાં જ્યોતિષી ખોટો ફળાદેશ આપે તો તેની અટકાયત થઇ તેવું સાંભળ્યું છે? કોઇ ભૂવાએ દાણા જોઇ એકી કે બેકીનંબર વધાવવા કહ્યું હોય અને એની ધરપકડ થઇ છે ખરી? નેશનલ ચેનલ પર બેસીને એકઝિટ પોલના નામે ફરેબ ચલાવનાર ખોટા પડે તો એમને વીસ કોરડા ફટકાર્યા હોય તેવું જાણ્યું છે? કયો સેફોલોજીસ્ટ હમ્બગ રિઝલ્ટ પોલ માટે કી જેલમાં ચક્કી પિસિંગ?

આમ તો આપણે જાણીએ છીએ કે એકઝિટ પોલ એ લાફટર શો કે કોમેડી શો છે, કયારેક એની કહાનીમે પણ જોરદાર ટ્વિસ્ટ આવે છે...

આ કિસ્સો તમિલનાડુના કુડ્ડલોર મતવિસ્તારનો છે. હમણા એક માણસ નહીં, પણ પોપટે પોંગા પંડિત બની ચૂંટણી લડી રહેલા ઉમેદવારનું ભવિષ્ય ભાંખ્યું. ભવિષ્ય ભાંખ્યું એટલે કેવું ભવિષ્ય ભાંખ્યું? ચૂંટણી લડતી બીજી પાર્ટીઓની ખટિયા ખડી થઇ ગઇ!

ફિલ્મ નિર્દેશક થાંકર બચ્ચન એક પાર્ટીના ઉમેદવાર છે. એ પોતાના મતવિસ્તારમાં આવ્યા ત્યારે એક પ્રખ્યાત મંદિરની બહાર એક જ્યોતિષી સેલ્વરાજે બચ્ચનની જીતની આગાહી કરવા માટે એના ચાર પોપટમાંથી એકનો ઉપયોગ કર્યો.આ પોપટ તેની સામે મૂકેલા કાર્ડ્સ પસંદ કરીને લોકોનું ભવિષ્ય કહી રહ્યો હતો. થાંકર બચન પણ પોપટ પાસે પોતાનું ભવિષ્ય જાણવા ગયો.પોપટની સામે ઘણા કાર્ડ મૂકવામાં આવ્યા એમાંથી પોપટે તેની ચાંચ વડે એક કાર્ડ ઉપાડ્યું.

એ કાર્ડ પર તે મંદિરના મુખ્ય દેવતાનું ચિત્ર હતું. કાર્ડ જોઈને પોપટના માલિકે થાંકર બચ્ચનની જીતની જાહેરાત કરી, જે તામિલનાડુની સરકારને સહેજે ગમી નહીં. હમારી સરકારમાં હમારે ખિલાફ આગાહી? ના મુમકિન .... એટલે પોપટ, પોપટના માલિક અને એના ભાઇની ધરપકડ કરી, કારણ કે ‘વાઇલ્ડલાઇફ પ્રોટેકશન એકટ’ મુજબ, પક્ષીઓને પાંજરામાં રાખવા ગેરકાયદેસર છે....એવું સત્તાવાર જાહેર કરવામાં આવ્યું!

જોકે, પોપટની આગાહી મુજબ થાંકર બચ્ચન જીતશે કે કેમ તે રહસ્ય પરથી ૪ જૂન ૨૦૨૪ના દિવસે પડદો ઉઠશે. હાલ તો કૈદ મેં હે પોપટ...!

અમારો રાજુ રદી કહે છે કે આ મામલામાં પોપટ પૂર્ણપણે વાંકમાં છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે પ્રિય બોલો,મીઠું બોલો.... નિર્વિવાદપણે સત્ય બોલો, પરંતુ, કડવું સત્ય ન બોલો...!’

સત્ય બોલવાના ચક્કરમાં રાજા હરિશ્ચંદ્રના સંસારથના ચક્ર તૂટી ગયેલા. સોક્રેટિસે ઝેર તો પીધા જાણી.મહાત્મા ગાંધીએ ગોળી ખાધી. ઇંદિરા ગાંધીએ ગોળી ખાધી. રાજીવ ગાંધીએ બોમ્બ ખાધો. પછી પોપટે સત્ય બોલવા માટે જેલ જવું પડે તેમાં શી નવાઇ ?! ■

## કવર સ્ટોરી (સાતમા પાનાનું ચાલુ)

પાકિસ્તાની સૈન્ય હટવા માટે તૈયાર નથી.

૧૨-૧૩ એપ્રિલના દિવસે ૧૯૮૪માં કાશ્મીરમાં સિયાચિન ગ્લેશિયર પર કબજો કરવા માટે સશસ્ત્ર ગળોએ અભિયાન શરૂ કર્યું હતું. આ ઓપરેશન મેઘદૂત નામ આપવામાં આવ્યું.

આ સૈન્ય અભિયાન અનોખું હતું કારણ કે દુનિયાના સૌથી ઉંચા યુદ્ધ ક્ષેત્રમાં પ્રથમ વાર હુમલો શરૂ થયો હતો. સૈન્યની કાર્યવાહીના પરિણામસ્વરૂપ ભારતીય સૈનિકો આખા સિયાચિન ગ્લેશિયર પર નિયંત્રણ મેળવી રહ્યા હતા.

ઉત્તર પશ્ચિમ ભારતમાં કારાકોરમ પર્વતમાળામા સ્થિત છે. સિયાચિન ગ્લેશિયર ૭૬.૪ કિલોમીટર લાંબો છે અને જેમાં લગભગ ૧૦ હજાર વર્ગ કિલોમીટર વેરાન મેદાન સામેલ છે. સિયાચીનની એક તરફ પાકિસ્તાનની સરહદ છે તો બીજી તરફ ચીનની સરહદ અક્સાઇ ચીનનો વિસ્તાર છે. એવામાં જો પાકિસ્તાન સૈન્ય સિયાચિન પર કબજો કરી લે તો પાકિસ્તાન અને ચીનની સરહદ એક થઇ જાય છે.

ચીન અને પાકિસ્તાનની જોડી ભારત માટે ઘાતક સાબિત થઇ શકે છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે આટલી ઊંચાઇ પરથી બંન્ને દેશોની ગતિવિધિઓ પર નજર રાખવી સરળ છે. ■

## મસ્તરામની મસ્તી (સાતમા પાનાનું ચાલુ)

ખબર પડી જાય કે કદાચ ભાભી પણ પોતાનો મત પોતાને નહીં આપે. અડધી કલાકમાં આ બધું જ મતદાન પૂરું થઈ ગયું.

બીજી અડધી કલાકમાં તો ચાંપ દાબી અને પરિણામ આવ્યું ત્યાં તો બધાની આંખો ચાર થઈ ગઈ... ભાભી જંગી બહુમતીથી વિજેતા થયાં હતાં અને ચુનિયાના સમર્થનમાં ચાર-પાંચ મત જ પડ્યા હતા બધા એકબીજાની સામે અવિશ્વાસની નજરથી જોતા હતા કે તમે તો કહેતા હતા કે ચુનિયાને સમર્થન આપીશું, પરંતુ તમારા મનમાં કશુંક જુદું જ હતું.

વિજેતા ભાભીએ અતિ નમ્ર થઈ તમામ પરિવારજનો ખૂબ આભાર માન્યો. હું તો ઈલેક્શન કમિશનરની જેમ મૂંગો થઈને આ બધું જોતો રહ્યો. મને પણ અમુક વસ્તુ ન સમજાઈ, પરંતુ હવે ચૂંટણી પ્રક્રિયા પૂરી થઈ ગઈ હતી એટલે કોને ફરિયાદ કરવી?

જે થયું તે અહીં બધું નજર સામે જ થયું. કદાચ ઇવીએમનું સારું રિઝલ્ટ આવ્યું પરિવાર છૂટો પડવાનો હતો એની જગ્યાએ એક તો રહ્યો... ■

## સ્થાપત્યનું વાઈ-ફાઈ (નવમા પાનાનું ચાલુ)

સંસ્કારના ઘડતર માટે બીજ વાવ્યા હતા. આ આવાસ ભારતના ઘણા નામી વ્યક્તિઓની મુલાકાતનું સાક્ષી છે, જેમણે ભારતનું ભાગ્ય લખવા ગાંધીજી સાથે ચર્ચા કરી હતી. રાષ્ટ્રીય સ્મારક તરીકે ઘોષિત આ સ્થળેથી ગાંધીજીએ અસ્પૃશ્યતા સામે લડત ચલાવી હતી. અહીંથી જ ઐતિહાસિક દાંડી કૂચની શરૂઆત થઈ હતી. સન ૧૮૧૮ થી સન ૧૯૩૦ના ગાળામાં તેવો અહીં રહ્યા તે પહેલા ત્રણ વર્ષ માટે પાલડીના કોચરબ આશ્રમમાં તેઓ રહ્યા હતા.

હૃદય-કુંજ એટલે હૃદયને રહેવાનું આવાસ. ઘણી રીતે આ નામ સાર્થક છે. એક રીતે જોતા ગાંધીજી પોતે ભારતનો ધબકાર હતા, સમગ્ર ભારતના સ્પંદનો જાણે તેમનામાં ઝીલાતા હતા. આવા માનવીનું રહેઠાણ એટલે હૃદય કુંજ. સત્યના પ્રયોગો થયા હતા અને આઝાદીની અહિંસક ચળવળનું આ કેન્દ્ર હતું. એક સમયે સમગ્ર ભારતના કેન્દ્ર સમાન આ આવાસ ભારતના હૃદય સમાન હતું.

સ્થાપત્ય એ ઘણી રીતે સમાજમાં પ્રવર્તતા પ્રવાહોનું પ્રતિબિંબ છે. વિશાળ પરિપ્રેક્ષ્યમાં તે સામાજિક માળખાનું, આર્થિક ક્ષમતાનું, તક્નીકી જ્ઞાનનું, કળા પ્રત્યેની સંવેદનશીલતાનું, સાંસ્કૃતિક મૂલ્યોનું, સમાજ વ્યવસ્થાનું અને રાજકીય વિચારધારાનું પ્રતિબિંબ છે. જેમ વ્યાપક સ્થાપત્ય સમાજનું પ્રતિબિંબ છે તેમ વ્યક્તિગત સ્થાપત્ય અર્થાત આવાસ એ વ્યક્તિનું પ્રતિબિંબ છે. આ સંદર્ભમાં હૃદય-કુંજ સૌથી ઈમાનદાર તથા સૌથી સફળ ઉદાહરણ છે. આ મકાન જાણે દર્પણ બનીને ગાંધીજીનું પ્રતિબિંબ આપણને બતાવે છે, ગાંધીજીની ઓળખ આપે છે, ગાંધીજીના મૂલ્યો સમજાવે છે. સ્થાપત્યની આ એક અદ્ભુત અને વિરલ ઘટના છે. ■

## ઝાકળની પ્યાલી (નવમા પાનાનું ચાલુ)

*મુઝ સે રૌશન ઇન દિનોં દૈરો-હરમ કા નામ હૈ,*
*પાએ-બુત પર હૈ જબીં, લબ પર ખુદા કા નામ હૈ.*

આજકાલ તો મારા થકી જ મંદિર અને મસ્જિદનું નામ દુનિયામાં સર્વત્ર રોશન થયું છે. (કારણ કે) મારું માથું પ્રેયસીના ચરણમાં છે અને (મારા) હોઠ પર (કેવળ) ખુદાનું નામ છે.

*રંગ હૈ જિન મેં મગર બૂએ-વફા કુછ ભી નહીં*
*ઐસે ફૂલો સે ન ઘર અપના સજાના હરગિઝ.*

જેમાં રંગ છે પણ વફાદારીની ખુશ્બુ નથી એવા ફૂલોથી તું તારા ઘરને ક્યારેય શણગારતો નહીં. (કેમ કે આ પ્રકારની સજાવટનો કોઇ અર્થ રહેતો નથી.)

*રંજો-રાહત કા સબબ દુનિયા મેં કુછ પાયા નહીં,*
*હશ્ર મે હમ સાફ કેહ દેંગે ખુદા કે સામને.*

આ સંસારમાંથી અમને સુખ અને દુ:ખ માટેનું એક પણ કારણ મળ્યું નથી. કયામતના દિવસે અમે આ વાત ખુદાને ચોખ્ખા શબ્દોમાં જણાવી દઇશું. ■

## ટૂંકી વાર્તા (નવમા પાનાનું ચાલુ)

થઈ આવ્યું કે અંજલિએ એકવાર કહ્યું હતું કે એ નથી ઈચ્છતી એ એની સામે આવે છે ને એ જેને ઈચ્છે છે- પસંદ કરે છે એ એનાથી દૂર રહે છે, પણ હવે અંજલિ ન કહે ત્યાં સુધી એ એને કંઈ પૂછશે નહિ. વાજતું-ગાજતું બધું માંડવે આવે એની એ રાહ જોઈ રહી હતી ત્યાં જ..

ત્યાં જ એક સાંજે સિદ્ધેશભાઈ અને અલકાબહેનને ગંભીર અકસ્માત નડ્યો. અલકાબહેનનું સ્થળ પર જ મૃત્યુ થયું અને સિદ્ધેશભાઈ ગંભીર રીતે ઘવાયા ને કોમામાં જતા રહ્યા. ડૉક્ટર કારેલિયાની લોટસ હૉસ્પિટલના આઈ.સી.યુ. રૂમમાં એમને દાખલ કર્યા. અંજલિની ઉંમર જાણે રાતોરાત વધી ગઈ. વર્ષોથી પાઈ પાઈ કરી બચાવેલી મૂડી થોડા સમયમાં જ ખર્ચાઈ ગઈ પણ સિદ્ધેશભાઈ કોમામાંથી બહાર ન આવ્યાં. માંદગી લંબાતી રહી. સગાંવહાલાં પાસેથી શક્ય એટલી મદદ શરૂઆતમાં જ લેવાઈ ગઈ. અલકાબહેનનાં ઘરેણાં પણ વેચાઈ ગયાં. બીમારીના ભડભડ બળતા અગ્નિની જ્વાળાઓમાં પૈસા હોમાતા રહ્યા.

અંજલિ કાચની દીવાલની આરપાર પલંગમાં સૂતેલા સિદ્ધેશભાઈને જોઈ રહી. એમના નાક અને મોં પર ખોરાક અને ઓક્સિજન આપવા નળીઓ ભરાવેલી છે. પેશાબ માટે કેથેટર લગાડ્યું છે. એણે ચહેરો ફેરવી લીધો. ત્રીજા માળેથી બારી બહાર રસ્તા પર ધમધમી રહેલું જીવન દેખાઈ રહ્યું હતું પણ એને કશુંય સ્પર્શતું ન હતું.

રૂમનું બારણું ઊઘડ્યું. આશાને જોઈ અંજલિના ચહેરા પર ઉપેક્ષાનો ભાવ આવી ગયો તો પણ કહ્યું: આવો..

સિદ્ધેશભાઈને કેમ છે? આશાએ પૂછ્યું.

હજી એમ જ છે..

થોડીવાર કોઈ કશું બોલ્યું નહિ.

હજી ભાર્ગવ પરણ્યો નથી. ચલાવું વાત? આશા અંજલિના ચહેરા સામે જોઈ રહી.

અંજલિ સમસમી ગઈ. આ સમય છે આવી વાત કરવાનો?

પણ ગરજવાનને અક્કલ નથી હોતી. અંજલિના મનની સ્થિતિની ચિંતા કર્યા વગર એણે પોતાની વાત ચાલુ રાખી: એ લોકો તને કંકુ અને ચોખા સાથે કન્યાને સ્વીકારવા તૈયાર છે..

હું પરણી જાઉં પછી મારા પપ્પાનું શું? શ્વેતાનું શું?

પછી તારી જવાબદારી તારી એકની થોડી રહેશે? તારી જવાબદારી ભાર્ગવની સાથે વહેંચાઈ નહિ જાય? ને તને ખબર નથી પણ ભાર્ગવનું કુટુંબ કરોડોપતિ છે. લગ્ન પછી તારે કોઈ ચિંતા નહિ રહે..ભાર્ગવ તન-મન-ધનથી તારી સાથે રહેશે...

અંજલિએ ફરી મૌન ઓઢી લીધું. જતાં જતાં આશાએ કહ્યું: મને તારી ચિંતા થાય છે એટલે કહું છું. શાંતિથી વિચાર કરી જોજે.

આશા ગઈ.

રાત્રે સિદ્ધેશભાઈની તબિયત અત્યંત નાજુક બની ગઈ ડૉક્ટર કારેલિયા આવ્યા. આશંકાથી ફફડી ઊઠેલી અંજલિએ પૂછ્યું: ડૉક્ટર, મારા પપ્પાને કેમ લાગે છે? એમને સારું થઈ જશે ને?

સારું થઈ શકે તેમ છે... ડૉક્ટર કારેલિયા ક્ષણ વાર અટક્યા ને બોલ્યા, પણ એ માટે તાત્કાલિક ઓપરેશન કરવું પડશે.

કેટલો ખર્ચ થશે?

અંદાજે બે લાખ. તમે ઝટ પૈસા જમા કરાવી દો.

અંજલિ ઢગલો થઈ બેસી ગઈ. બે લાખ રૂપિયા એ ક્યાંથી લાવશે? એને થયું એ રડી પડશે. પણ રૂદનને એણે ખાળી રાખ્યું. જે કરવાનું છે તે હવે એણે જ કરવાનું છે. રડવાથી કંઈ નહિ વળે. એણે માને ગુમાવી દીધી છે ને હવે પૈસા ન હોવાના કારણે પિતાને ગુમાવવા પડે એવું ન થવું જોઈએ. એણે આશાને ફોન જોડ્યો: મેં નિર્ણય કરી લીધો છે. હું ભાર્ગવને પરણીશ પણ..

સિદ્ધેશભાઈનું ઓપરેશન થઈ ગયું, પણ વ્યર્થ. ડૉક્ટર કારેલિયાએ ઓપરેશન થિયેટરની બહાર આવી ગંભીર ચહેરે જણાવ્યું: આઈ એમ સોરી. હી ઈઝ નો મોર. આઈ ટ્રાઈડ માય લેવલ બેસ્ટ બટ..

અંજલિ અવાચક થઈ ગઈ. આશા સાથે એને વાત થઈ અને સિદ્ધેશભાઈનું મૃત્યુ થયું એ બે વચ્ચે થોડા જ કલાકોનો ફેર પડી ગયો. જે હોય તે, એણે એના પપ્પાને બચાવી લેવા માટે પૂરો પ્રયત્ન કર્યો હતો. આશાને ખુશી હતી કે સુમનબહેન અને ભાર્ગવની ઈચ્છા એ પૂરી કરી શકી હતી.

ડૉક્ટર કારેલિયા અને ભગવાનભાઈને સારાં સંબંધ હતાં. સિદ્ધેશભાઈને હૉસ્પિટલમાં દાખલ કર્યા તે દિવસથી છેલ્લી ક્ષણ સુધી ડૉક્ટર કારેલિયાને ભગવાનભાઈ સાથે સંપર્ક જળવાઈ રહ્યો હતો.

દર્દીનું મૃત્યુ થયું છે એની જાણ થઈ પછી ડૉક્ટર કારેલિયાએ ભગવાનભાઈને ફોન કર્યો હતો: પેશન્ટ હેઝ પાસ્ડ અવે..

જાહેર ન કરતા. ઓપરેશન કરવું પડશે એમ કહો. બે લાખ રૂપિયા થશે એમ પણ જણાવજો..

પણ એવું ખોટું હું શી રીતે કરી શકું?

ખોટું ક્યાં કરવાનું છે? પેશન્ટ તો મૃત્યુ પામ્યો જ છે. પેશન્ટના સગા માટે પેશન્ટ થોડા કલાક મોડો મૃત્યુ પામે તો શું ફરક પડી જવાનો છે? ને એમ કરવા માટે હું તમને ઓપરેશન-ફીના નામે બે લાખ રૂપિયા તમને મળે તેમ કરવાનો છું...

પણ કદાચ કોઈ...

ડર રાખશો નહિ. આ વાત મારી અને તમારી વચ્ચે જ રહેશે...

ડૉક્ટર કારેલિયામાં હિંમત આવી ગઈ. ભગવાનભાઈનો સાથ છે ને એમને રાજી કરવાની તક પણ છે. ને એમણે ક્યાં કોઈ ગરીબ પાસેથી પૈસા લેવાના છે? લક્ષ્મી સામે ચાલીને આવી છે તો આદર્શની પૂંછડી થઈ શા માટે મોઢું ધોવા જવું જોઈએ? એમણે અંજલિને સિદ્ધેશભાઈનું ઓપરેશન કરવા માટે બે લાખ જમા કરાવવાનું કહ્યું. થોડી જ વારમાં એમને એના તરફથી બે લાખ રૂપિયા મળી ગયા.

રૂપિયા ટેબલના ડ્રોઅરમાં મૂકતા ડૉક્ટરે મનને મનાવ્યું કે એમણે કશું એવું ખોટું નથી કર્યું કે કોઈને નુકસાન જાય. પેશન્ટને જીવાડવા એમણે કોશિશ નથી કરી એવું પણ ક્યાં છે? પોતે દોષિત હોવાના ભાવ પર થીંગડું મારવામાં એમને સફળતા મળી. નિરાંતે કોફી પીને એ ઓપરેશન થિયેટરમાં ગયા.

લગ્ન પછી અંજલિ ‘સુખી’ હતી અને ‘સલામત’ પણ. શ્વેતાને હોસ્ટેલમાં રહી ભણાવવાની સગવડ થઈ ગઈ હતી. એક વાર સુહાના અંજલિને મળવા આવી. અંજલિ એની પાસે ઠલવાઈ ગઈ. એની આંખમાંથી આંસુ વહી આવ્યા. સુહાનાએ એને સાંત્વન આપ્યું: આપણે માણસ છીએ, અંજલિ. આપણે શું કરી શકીએ એમ છીએ? ભગવાનની મરજી સામે બધા લાચાર છે.

સુહાના સાચું કહે છે, અંજલિએ આંસુ લુછતા વિચાર્યું: ભગવાનની મરજી પાસે કોઈનું ક્યાં કંઈ ચાલતું હોય છે? ■

ટૂંકી વાર્તા

# ભગવાનની મરજી

feedback@bombaysamachar.com
બકુલ દવે



લગ્ન સમારંભમાં સુમનબહેનની દૃષ્ટિ અંજલિ પર પડી ને એ સ્થિર થઈ ગયાં: કોણ છે આ હીરાકણી જેવી છોકરી? પહેલી નજરે જોતા જ એમની દૃષ્ટિ ચુંબકની જેમ અંજલિ પર ચોંટી ગઈ. છોકરી નખશિખ સુંદર છે. નથી એ થોડીકેય સ્થૂળ કે નથી વધુ પાતળી. નથી ઊંચી કે નથી નીચી. સંઘેડાઉતાર દેહયષ્ટિ ને ચહેરો પણ એને અનુરૂપ એવો આકર્ષક. મોટીમોટી બોલકી આંખો એને લાખોમાં એક બનાવી દે છે. એવું લાગે કે એ જીભથી ઓછું બોલે છે ને આંખોથી વધુ. સુદર દેખાવા માટે એ બ્યુટીપાર્લરમાં ગઈ નથી તો પણ લગ્ન નિમિત્તે બ્યુટીપાર્લરમાં જઈ આવ્યા છે એ સૌ કરતાં એ ઊલટું વધુ સુંદર અને મોહક જણાઈ રહી છે. લાભ સાડી અને બ્લાઉઝમાં એનું રૂપ સોળે કળાએ ખીલી ઊઠ્યું છે.

સુમનબહેનને ભાર્ગવનું સ્મરણ થયું. ભાર્ગવ એટલે સુમનબહેનનો એકનો એક દીકરો. એ કોઈના સપનાનો રાજકુમાર બની શકે એવું કંઈ એનામાં નથી તો પણ એ પોતાની સપનાની રાજકુમારીને શોધી રહ્યો છે. એની અપેક્ષાઓ પણ ઘણી છે એટલે એનો છોકરીઓ જોવાનો સિલસિલો અટકતો નથી. અંદાજે ત્રીસેક યુવતીઓને એ રિજેક્ટ કરી ચૂક્યો છે. સુમનબહેન અને એમના પતિ ભગવાનભાઈ ચિંતિત છે: છેવટે ભાર્ગવને કેવી છોકરી જોઈએ છે? આમ ને આમ એને બત્રીસ તો થયા, પણ આજે લગ્નમાં આ છોકરીને જોયા પછી ભાર્ગવ એને ના નહિ પાડી શકે એવી હૈયાધારણ સુમનબહેનને પ્રાપ્ત થઈ.

પણ આ છોકરી ભાર્ગવને ના પાડે તો? આશંકાનો પરપોટો સુમનબહેનના મનના તળિયેથી છેક ઉપર આવી ગયો પણ બીજી જ ક્ષણે એ ટટ્ટાર થઈ ગયાં. ભાર્ગવ ભલે બત્રીસ વર્ષનો છે, થોડો સ્થૂળ છે અને શ્યામ પણ. પણ તેથી શું? ભગવાનભાઈનું નામ આખાય પંથકમાં ટોચના ઉદ્યોગપતિ તરીકે જાણીતું છે. એમના છેડા અનેક રાજકારણીઓને અડે છે. ખોબલે ખોબલે ઉડાડે તોય ખૂટે નહિ એટલી અઢળક સંપત્તિ એ ધરાવે છે. કોઈપણ છોકરી ભાર્ગવને ના પાડતા સાત વાર વિચાર કરે.

લગ્નમાં ભાર્ગવ હાજર જ હતો. સુમનબહેને એને અંજલિને નજર તળેથી કાઢી નાખવા કહ્યું. ભાર્ગવે અંજલિને દૂરથી જોઈ અને જોતાંવેંત જ એ એના મનમાં વસી ગઈ. બસ, આ જ. આ છોકરીને જ એ પોતાની જીવનસાથી તરીકે શોધી રહ્યો હતો. આ જ તો છે એના સપનાની રાજકુમારી. તપાસ કરી તો જાણવા મળ્યું કે છોકરી પોતાની જ્ઞાતિની જ છે. નામ અંજલિ છે. એના પિતા સિદ્ધેશભાઈ સરકારી કર્મચારી છે. માતાનું નામ અલકાબહેન છે. સંતાનમાં બે દીકરીઓ જ છે. અંજલિ અને એનાથી પાંચ વર્ષ નાની શ્વેતા.

સુમનબહેનના ઘરમાં વર્ષોથી રસોઈ કરતી આશા દૂરના સંબંધે અલકાબહેનની બહેન થતી હતી. સુમનબહેને આશા દ્વારા પૂછાવ્યું: અમને અંજલિ ગમે છે. તમારી શું ઈચ્છા છે?

અંજલિએ ભાર્ગવને જોયો હતો. એ ચોંકી ગઈ, પણ એ કંઈ કહે તે પહેલાં અલકાબહેને ઉત્તર આપી દીધો: ભાર્ગવ? ભગવાનભાઈનો દીકરો? ના, બિલકુલ નહિ.

શું વાંધો છે? આવું પાંચમાં પૂછાતું ઘર છે અને પૈસેટકે સુખી છે..આશાએ કહ્યું.

પૈસા જ ન જોવાય, આશા. તેં તો ભાર્ગવને જોયો છે ને? એ ક્યાં ને મારી અંજલિ ક્યાં? ઉંમરનો પણ ખાસો તફાવત છે બંને વચ્ચે.

આશા નિરાશ થઈ ગઈ. એની પર સુમનબહેનનું ઋણ હતું. એ ફેડવાની એને તક મળી હતી. એણે ભાર્ગવને પણ ખાતરીપૂર્વક કહ્યું હતું કે એ અલકાબહેન અને અંજલિ પાસેથી હા પડાવીને જ આવશે. પણ એણે ખાલી હાથે પાછા ફરવું પડ્યું.

અંજલિએ નિરાંતનો શ્વાસ લીધો, પણ વાત હજી પૂરી થઈ ન હતી. ભગવાનભાઈ અને સુમનબહેને ભાર્ગવને હથેળીમાં ઉછેર્યો હતો. એને નારાજ અને દુ:ખી જોઈ ભગવાનભાઈએ નક્કી કર્યું કે હવે આ બાબતમાં એમણે સ્વયં કંઈક કરવું પડશે.

ભાર્ગવ અંજલિના મોહમાં વ્યાકુળ બની ગયો હતો. એક વાર અંજલિ ઘઉં દળાવવા જતી હતી ત્યારે ફ્લોરમિલથી થોડે દૂર ભાર્ગવે એને આંતરી: ઊભી રહે..

અંજલિ સ્થિર થઈ ગઈ. ભાર્ગવનો શું ઈરાદો છે? ભાર્ગવે કહ્યું: મારી હાર્યે લગન કરવાની તું ના કેમ પાડે છે? મારી જોડે પૈણીશ તો તને રાણીની માફક રાખીશ. આમ ઘઉંના ડબ્બા લઈ દળાવવા નહિ જવું પડે.

ભાર્ગવથી કેવી રીતે છૂટવું તે વિચારતી હતી ત્યાં અંજલિએ સુહાનાને જોઈ. સુહાના અને એની દૃષ્ટિ એક થઈ. સુહાના રોડ ક્રોસ કરી આ તરફ આવી રહી છે એ જોઈ ભાર્ગવે જતાંજતાં કહ્યું: ફરી વિચાર કરી જોજે.

અંજલિને અણગમો થઈ આવ્યો. આશ્ચર્ય પણ થયું. એકવાર ઘસીને ના પડી દીધી છે પછી કોઈની પાછળ પડી જવાનો કંઈ અર્થ ખરો? એણે સુહાના સામે જોયું: આ કેવું?

કેવું એટલે?! સુહાનાને સમજાયું નહિ.

સુહાના, હું નથી ઈચ્છતી-મને અણગમો છે એ મારી સામે આવે ને હું ઈચ્છું છું-મને ગમે છે એ મારાથી દૂર રહે છે એવું શા માટે? પોતાની જાતને કહેતી હોય તેમ અંજલિ બોલી ગઈ.

અચ્છા, મને તું એ કહે કે તું શું ઈચ્છે છે ને શું નથી ઈચ્છતી.

અંજલિ અસમંજસમાં પડી. હૈયામાં વત્સલનું નામ આવી ગયું પણ કોને ખબર કે, એ બોલવા માટે હોઠ ખૂલ્યા નહિ. એ માત્ર એટલું જ બોલી શકી: એ તને પછી કહીશ...

પણ પછી કહેવાનો સમય જ ન આવ્યો. એકાએક સંજોગોએ પડખું બદલ્યું ને કોઈએ ક્યારેય ન ધાર્યું હોય એવું બની ગયું.

* * *

અંજલિના લગ્ન થઈ ગયાં.

ભાર્ગવ અને અંજલિના લગ્નનું રિસેપ્શન હૉટેલ પેરેડાઈઝના વિશાળ હોલમાં યોજાયું. શુભેચ્છાઓની ધોધમાર વર્ષા થઈ. લાઈટોની ઝાકમઝાળ અને ફૂલોની મહેક વચ્ચે નવપરિણીત પતિપત્ની સગાંવહાલાંથી ઘેરાયેલાં રહ્યાં. કોઈ ભેટ આપતું હતું તો કોઈ પૈસા ભરેલું કવર. અંજલિને જોઈ સૌનું મન ઠરતું પણ એની બાજુમાં ઊભેલા ભાર્ગવ પર નજર જતી ત્યારે આંચકો લાગતો: આવી હીરાકણી જેવી છોકરી કાગડાની કોટે શી રીતે બંધાઈ ગઈ?

સુહાના તો ડઘાઈ જ ગઈ. એ સ્વીકારી શકતી ન હતી. વધુ આશ્ચર્ય તો એને એ વાતનું થતું હું કે એ અંજલિની સાવ નિકટ હતી તો પણ એણે એને જરા જેટલો અણસાર આવવા દીધો નહિ. કે પછી એ અંજલિની એટલી નિકટ હતી જ નહિ?

સૌ જાતજાતના અનુમાન કરી રહ્યાં હતાં. જેટલાં મોં એટલી વાતો. ખરેખર શું બન્યું હશે એ કોયડો હતો ને એનો ઉત્તર અંજલિ સિવાય અન્ય કોઈ પાસે ન હતો.

જે હોય તે. એટ લાસ્ટ, અંજલિએ ભાર્ગવ પર કળશ ઢોળ્યો હતો. જો કે સાવ એવું પણ ક્યાં હતું કે અંજલિને વત્સલ યાદ આવતો જ ન હતો? ભૂલી જવા પ્રયત્ન કરતી એમ ઊલટું, એ એને વધુ યાદ આવતો. એણે સ્મૃતિનાં કમાડ ચપોચપ બંધ કરી દીધાં હતાં, જેથી સ્મરણો એને સતાવે નહિ, પણ સ્મરણો તો હવા જેવાં હોય છે સહેજ તિરાડ રહી ગઈ હોય તોય અંદર પ્રવેશી જાય. વત્સલ પોતાના જીવનમાં આવ્યો અને જતો રહ્યો તે ઘટના અંજલિ માટે ગાડીમાં બેઠા હોઈએ ત્યારે પાછળ સરકી જતાં રળિયામણા દૃશ્ય જેવી બની રહી હતી. દૃશ્યરૂપ બની ગયેલો વત્સલ એના જીવનથી દૂર જતો-ઝાંખો થતો જઈ દેખાતો બંધ થઈ જવાનો હતો. ન ઈચ્છતી હોવા છતાય અંજલિથી પોતાની ઊલટતપાસ થઈ જતી: એ દેખાતો બંધ થઈ જવાનો હતો કે એણે પોતાને એને વિસારે પડતા જઈ એનાથી ચહેરો ફેરવી લેવાનો હતો?

* * *

અંજલિને વત્સલનો પરિચય સુહાના દ્વારા થયો હતો. કૉલેજમાં અંતિમ વર્ષમાં સુહાના અંજલિની ક્લાસમેટ હતી અને અંતરંગ મિત્ર પણ. અંગ્રેજી બંનેનો મુખ્ય વિષય હતો અને બંને એક જ બેંચ પર બેસતાં. નોટ્સની આપ-લે કરતાં.

અંગ્રેજી ગ્રામરમાં બંનેને તકલીફ પડતી હતી. અંજલિએ કહ્યું: ગ્રામર વગર અંગ્રેજી ન આવડે. સુહાનાને વત્સલ યાદ આવ્યો. એ સુહાનાને દૂરના સંબંધે પિત્રાઈ હતો. એ અંગ્રેજીના કોચિંગ ક્લાસ ચલાવતો હતો-સ્ટર્લિંગ ક્લાસિસ.

ગ્રામર શીખવવા માટે સુહાનાએ વત્સલને કહ્યું. વત્સલ પાસે સમય ન હતો તો પણ અઠવાડિયામાં ત્રણ વાર એક કલાક ભણાવવા માટે એણે તૈયારી દર્શાવી. મંગળ-શુક્ર અને શનિ. અંજલિ અને સુહાના ક્લાસિસમાં જવા લાગ્યાં. નાનકડા ક્લાસરૂમમાં દસેક છોકરીઓ બેસતી.

વત્સલ રસપૂર્વક ભણાવતો. એ એવી રીતે સમજાવતો કે અઘરી જણાતી બાબત પણ સરળ બની જતી. એક કલાક ક્યાં પસાર થઈ જતો એની ખબર ન રહેતી. અંજલિ ભાગ્યે જ વત્સલ સામે સ્થિર નજરે જોતી, પણ ઘેર ગયા પછી એ વત્સલને મનની આંખોથી જોયા કરતી. એનો અવાજ સાંભળ્યા કરતી અને નોટબુક ઉઘાડી એના હસ્તાક્ષરને જોયા કરતી. સિદ્ધેશભાઈ પાસે હસ્તાક્ષર પરથી વ્યક્તિત્વ જાણવાનું પુસ્તક હતું. તે પુસ્તક ઉઘાડી હસ્તાક્ષરના મરોડ પરથી વત્સલના વ્યક્તિત્વ વિષે જાણવા એ પ્રયત્ન કરતી. એને એવું લાગ્યા કરતું કે એની છાતીમાં પીંછા જેવું કશુંક સળવળ્યા કરે છે. ક્યારેક એ ગલગલિયાં કરે છે તો ક્યારેક શૂળ જેમ ભોંકાય છે. ક્યારેક એ હર્ષ આપે છે તો ક્યારેક પીડા. શું હશે એ? આ વાત સુહાનાને કહેવા એ મન બનાવતી પણ અટકી જતી, પણ એના મનને વાંચી ગઈ હોય તેમ સુહાનાએ એને એકવાર પૂછ્યું: તું મારાથી કંઈ છુપાવે છે અંજલિ?

ના રે, છુપાવવા જેવું કંઈ મારી પાસે હોય તો ને? અંજલિના કાનમાં રહેલાં મોટાં મોટાં ઈયરિંગ્સ સ્પંદી ઊઠ્યાં. ચહેરા પર આવેલી લટને દૂર ખસેડતા એ દૂર જોવા લાગી, કશું શોધતી હોય તેમ. સુહાનાને લાગ્યું કે અંજલિની આંખો તરલ બની ગઈ છે કે શું? એને સ્મરણ

(જુઓ પાનું ૬) ▶▶

સ્થાપત્યનું વાઈ-ફાઈ

# હૃદય-કુંજ: અમદાવાદ

feedback@bombaysamachar.com
હેમંત વાળા







જેમ ઇલોરાનું કૈલાસ મંદિર કારીગર-સમૂહની અપાર ધીરજ તથા તેમના કામ પ્રત્યેના અપાર પ્રેમનું પ્રતીક છે તેમ અમદાવાદના સાબરમતી આશ્રમમાં આવેલ ગાંધીજીનું નિવાસસ્થાન હૃદય-કુંજ, સ્થાપત્યમાં વ્યક્તિના વ્યક્તિત્વનું આલેખન કરતું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

મકાન સાથે જીવનની વિવિધ બાબતો સંકળાયેલી હોય છે. જે તે પ્રકારની ઉપયોગીતા માટે તો તે જરૂરી છે જ પણ સાથે સાથે એક વ્યક્તિત્વ કે વિચારધારાને પણ પ્રતિબિંબિત કરે છે. જેમ શહેરના ઘણા વિસ્તારો લેન્ડમાર્ક મકાનથી ઓળખાતા હોય છે તેમ મકાન થકી વ્યક્તિ કે વ્યક્તિ-સમૂહની ઓળખ પણ બંધાઈ શકે. જેમ વસ્ત્ર થકી વ્યક્તિની પસંદ-નાપસંદ, તેમ જ વ્યક્તિનો અભિગમ વ્યક્ત થાય તેમ વ્યક્તિના આવાસ થકી પણ વ્યક્તિની ઓળખ બંધાય.

જો વસ્ત્ર એ વ્યક્તિનું પ્રથમ આવરણ છે તો આવાસ એ વ્યક્તિનું વિસ્તૃત આવરણ છે. જે કામ વસ્ત્ર નાના પાયે કરે તે અને તેવું કામ આવાસ મોટા પાયે કરે. વસ્ત્ર અને આવાસ બંને સગવડતા, રક્ષણ તથા ઓળખ માટે હોય છે. વસ્ત્ર થકી વ્યક્તિના જીવનના ઘણા પાસાં ઉજાગર થાય તેવું તેના આવાસ થકી પણ થાય. ગાંધીજી કેવા હશે, તેમની સમજ કઈ હશે, જીવનમાં કયા મૂલ્યો સાથે તે જીવ્યા હશે, તેમની દૃષ્ટિએ જીવનમાં અગત્યનું શું હશે અને કેવા પ્રકારનો અગ્રતાક્રમ તેમના જીવનમાં હાવી રહ્યો હશે; આ બધી બાબતો તેમના પહેરવેશ પરથી અને તેમના આવાસ થકી ઉજાગર થઈ શકે.

ગાંધીજીનું અમદાવાદનું આવાસ, હૃદય-કુંજ તેમના વ્યક્તિત્વનું સચોટ પ્રતિબિંબ છે. જીવનમાં સાદગી, ન્યૂનતમ જરૂરિયાતો સાથે રહેવાનો આગ્રહ, દરેક ક્ષણે સભાનતા પૂર્વકની સરળતા, દંભી આડંબરનો સદંતર અભાવ, જીવનમાં પૂરતી પારદર્શિતા, જે પ્રાપ્ય છે તેનો પૂર્ણ ઉપયોગ કરવાનો અભિગમ, કુદરતી બાબતોને જેમની તેમ સ્વીકારી લેવાની તૈયારી, જીવનમાં બધાનો સમાવેશ કરી લેવાની ભાવના, બિનજરૂરી બાબતો પ્રત્યે પૂર્ણ ઉદાસીનતા, સ્થાનિક બાબતોને આપવામાં આવતું જરૂરી મહત્ત્વ, ભારતીય અને ભારતીયતા માટે અપાર પ્રેમ - ગાંધીજીના જીવનમાં આ બધી મહત્ત્વની બાબતો તેમના પહેરવેશમાં પણ વ્યક્ત થતી રહી છે અને આવાસમાં પણ.

સામાજિક તથા રાજકીય મિલાપ માટે આગળનો નદીને સન્મુખ વિશાળ વરંડો જાણે તેમના જીવનની પારદર્શિતા દર્શાવે છે. આબોહવાને અનુરૂપ આ વરંડામાં થોડી જરૂરી ગોપનીયતા માટે બારીઓ તથા લાકડાની જાળી થકી અર્ધ-પારદર્શી ઓરડો બનાવ્યો છે. આ વરંડાની તથા ઓરડાની ઊંચાઈ અને પ્રમાણમાપ તે અંગતને બદલે 'જાહેર' હોવાની પ્રતીતિ કરાવે છે. તેની પાછળના બે બારણાં તથા ત્રણ બારીવાળી પ્રમાણમાં બંધ કહી શકાય તેવી દિવાલ જાણે વરંડાવાળા ભાગને પાછળના ઘરના વિસ્તારથી અલગ પાડે છે. આ પાછળના ઘરના ભાગનું પ્રમાણમાપ નાનું તથા ઘરેલુ લાગે તેવું છે જેથી તે ભાગમાં વ્યક્તિ વધુ સહજતાથી તાદાત્મ્યતા સ્થાપી શકે. આ અંદરના ભાગમાં વચ્ચે ખુલ્લો ચોક આવે છે જેની બંને તરફ શયન-કક્ષ, રસોઈ, ભોજન સ્થાન જેવા મૂળભૂત ઓરડા બનાવાયા છે. વચ્ચેનો ચોક પાછળના વિસ્તારમાં ખુલે છે જેનાથી પાછળથી પણ મકાનનાં ઘરેલુ ભાગમાં સીધો પ્રવેશ કરી શકાય.

નળિયાનાં ઢળતા છાપરાવાળું આ મકાન સ્થાનિક સામગ્રી તથા બાંધકામની પ્રાપ્ય તકનીક પ્રમાણે બનાવ્યું છે. હૃદય-કુંજની સ્થાપત્યની પરિભાષા સંપૂર્ણ ભારતીય છે. અહીં માળખાકીય રચના લાકડામાંથી તથા દીવાલો ઈંટમાંથી બનાવાઈ છે. આ લાકડાની બાંધણી તથા દીવાલોની રચના સંપૂર્ણ રીતે સ્થાનિક શૈલીની હોવાથી અહીં આપણે પરંપરાગત આવાસમાં હોઈએ તેવી પ્રતીતિ સહજ થાય છે.

પ્રમાણમાં નાનું છતાં મોકળાશની અનુભૂતિ કરાવતું, અંગત છતાં પણ સામાજિક પરિસ્થિતિ પ્રમાણે મુક્તતા દર્શાવતું, પરંપરાગત કહી શકાય તેવું છતાં પણ રાષ્ટ્ર-નેતાની જરૂરિયાત પ્રમાણેનું આગવું, નીચા ઘાટનું છતાં ઉચ્ચ વિચારોને વ્યક્ત કરતું - આ અને આવી બાબતોથી હૃદય-કુંજ સ્થાપત્યની એક વિશેષ રચના બની રહે છે. આ બધા સાથે અગત્યની વાત એ પણ છે કે અહીં જાણે બધા જ પોતાપણું અનુભવી શકે. ગાંધીજી જેમ પોતાના જીવનમાં આવનાર વ્યક્તિનો સમાવેશ કરી લેતા તેમ હૃદય-કુંજ પણ જાણે બધા જ ને સહજતાથી સ્વીકારી લે છે.

અહીંથી ગાંધીજીએ સ્વતંત્રતાની ચળવળના સત્યાગ્રહને માર્ગદર્શન આપેલું. અહીં તેમણે નવ-ભારતના

(જુઓ પાનું ૬) ▶▶

ઝાકળની પ્યાલી

# રંગ હૈ જિન મેં મગર બૂએ-વફા કુછ ભી નહીં, ઐસે ફૂલોં સે ન ઘર અપના સજાના હરગિઝ

feedback@bombaysamachar.com
ડૉ. એસ. એસ. રાહી

ઇ. સ. ૧૮૫૭ના વિદ્રોહ-બળવાની જીતેલી બાજી હારી જતા સમગ્ર હિન્દુસ્તાનની પ્રજા સંતપ્ત અને ભયભીત બની ગઇ હતી. પારદીઓની વટાળ પ્રવૃત્તિ તેમ જ અંગ્રેજી સભ્યતા અને અંગ્રેજી શિક્ષણના પ્રચારને લીધે ભારતવાસીઓને એવો ભય સતાવવા લાગ્યો હતો કે આપણું રાજ્ય તો હાથથી ગયું પણ ક્યાંક પ્રાણથી અધિક પ્રિય એવા ધર્મ, સંસ્કૃતિ અને ભાષાથી પણ હાથ ધોવા ન પડે. આવી આશંકાથી ગભરાઇને હિન્દુ, મુસ્લિમ, જૈન, શીખ વગેરે વિવિધ સંપ્રદાયના લોકો તેની રક્ષા માટે આંદોલનમાં જોડાઇ ગયા હતા. જંગલના રાજા તરીકે ઓળખાતો સિંહ ભલે આળસુ કહેવાતો પણ જો તે જખ્મી થાય તો વધુ આક્રમક બની જતો હોય છે. એ જ રીતે ઘવાયેલા અને વિક્ષુબ્ધ ભારતીયો એક થઇ ગયા તથા વ્યાખ્યાનો, લેખો, કાવ્યો દ્વારા પ્યારા વતન માટે મરી ફીટવાનો પ્રચાર પ્રસાર કરવા લાગ્યા. આ ઘટનાથી હિન્દુ-મુસ્લિમ એકતાની જરૂરિયાત સૌને સમજાવા લાગી.

આવા પ્રતિકૂળ સંજોગોમાં શાયર અકબર ઇલાહાબાદીએ તેમની શાયરીમાં ધર્મ પર અમલ કરવાની સલાહ, અંગ્રેજી શિક્ષણ અને સભ્યતાનો વિરોધ અને હિન્દુ-મુસ્લિમ એકતા જેવા મુદ્દાઓનું આલેખન કર્યું છે. ડૉ. મોહમદ ઇકબાલ અને ચકબસ્ત જેવા શાયરોએ ભારતના પર્વતો, નદીઓ, સમુદ્રો, ઐતિહાસિક ઇમારતો, શહેરો, ગામડાઓ અને પ્રકૃતિનાં વર્ણનો કરીને ભારતના લોકોમાં પોતાના વતન પ્રત્યે પ્રેમ-અનુરાગ ઉત્પન્ન થાય તેવી શાયરી, ગઝલો અને નઝમોનું સર્જન કર્યું. બંગભંગ આંદોલન, હોમરૂલલીગ જેવી ચળવળને લીધે ભારતવાસીઓમાં દેશ-ભક્તિનો નવો પવન ફૂંકાયો, તેમાં શાયર ચકબસ્તનાં કાવ્યોનો ઘણો મોટો ફાળો હતો. ચકબસ્તની નઝમોમાં ઇન્કિલાબ માટેના જોશની સાથે હિંમત પ્રગટ થતી જોવા મળે છે. તેમની શાયરીમાં શબ્દની પસંદગી અને શૈલીની સુંદરતા છે. તો તેમાં અધિક માત્રામાં કરુણા પણ છે. ચકબસ્તની શાયરી માનવમાત્રના મનને બદલે તેના હૃદયને વધુ પ્રભાવિત કરે છે તેવો મત ડૉ. સર તેજબહાદુર સપ્રુએ યોગ્ય રીતે વ્યક્ત કર્યો છે.



આ શાયરનું અસલ નામ પંડિત વ્રજનારાયણ ચકબસ્ત હતું. તેમનો જન્મ ઉત્તર પ્રદેશના ફૈઝાબાદમાં ઇ. સ. ૧૮૮૨માં કાશ્મીરી પરિવારમાં થયો હતો. તેમણે લખનોની કૈનિંગ કૉલેજમાં બી.એ, એલ.એલ.બી. કર્યું હતું અને ઇ. સ. ૧૯૦૮માં વકીલાતનો આરંભ કર્યો હતો. કવિતા લખવાનો શોખ તેમનામાં બાળપણથી વિકસ્યો હતો. તેઓ લાંબું જીવન જીવ્યા હોત તો ઉર્દૂ સાહિત્યને તેઓ પોતાની પ્રતિભાથી વિશેષ સમૃદ્ધ કરી શકયા હોત, પરંતુ માત્ર ૪૪ વર્ષની ઉંમરમાં તેમના પર પક્ષઘાતનો જીવલેણ હુમલો થયો અને ૧૨ જાન્યુઆરી, ૧૯૨૬ના રોજ તેઓ અવસાન પામ્યા. તેમની અચાનક વિદાયથી ચોતરફ એવો શોક છવાઇ ગયો કે તે દિવસે લખનૌની કોર્ટ-કચેરીઓ બંધ રહી, અનેક શોક-સભાઓનું આયોજન થયું, વ્યાખ્યાનો અપાયાં અને જાણીતા શાયરોએ તેમને અંજલિ આપવા નૌહાનું પઠન કર્યું.

જાણીતા ઉર્દૂ શાયર 'આતિશ'થી પ્રભાવિત શાયર ચકબસ્તને રાષ્ટ્રીય શાયરનો દરજજો પ્રાપ્ત થયો છે. તેમની શાયરીમાં મીર તકી મીરની કરુણા અને ગાલિબના ચિંતનનો અજબનો સમન્વય સધાયેલો અનુભવી શકાય છે. ચકબસ્તની શાયરી તત્કાલીન રાજનૈતિક પરિવર્તન અને આઝાદીના સંગ્રામની ઊંડી છાપથી તરબતર છે. રાષ્ટ્રીય ભાવનાનું પ્રાધાન્ય તેમની શાયરીની આગવી લાક્ષણિકતા છે. તેમની શાયરીની ભાષામાં લખનૌની મીઠી, શુદ્ધ અને વિવેકપૂર્ણ ભાષાનો ટહુકો સાંભળવના મળે છે. તેઓ શાયર હોવા ઉપરાંત ઉચ્ચ કોટિના લેખક અને વિવેચક પણ હતા. તેમના અવસાન પછી પ્રકાશિત થયેલાં તેમના એક માત્ર પુસ્તક 'સુબહે-વતન'માં તેમના કાવ્યો-લેખો ગ્રંથસ્થ કરાયા છે.

'ખાકે-હિન્દ', 'વતન કા રાગ', 'પયામે વફા', 'ફરિયાદે, 'કૌમ,' 'ફૂલમાલા', 'કૌમી મુસધસ' તેમ 'મઝહબે શાયર' જેવી તેમની યાદગાર નઝમો તેમાંના ઊંચા કાવ્ય તત્ત્વને લીધે વિશેષ નોંધપાત્ર ઠરી છે. તેમની શાયરીનું વિશ્વ રાષ્ટ્રપ્રેમ, ક્રાન્તિ, શહાદત, પરિવર્તન, સંવાદિતા, જીવન-મૃત્યુ, મંદિર-મસ્જિદ, ફૂલ-કંટક, દાદ-ફરિયાદ, વફાદારી અને બેવફાઇ, પ્રિયતમા અને ઇશ્વર જેવા કઇ કેટલાય વિષયોને વિશાળ પટ ર આવરી લે છે. તેમના કેટલાંક પસંદગીના શે'રનો હવે આસ્વાદ કરીએ.

*નયા બિસ્મિલ હૂં મૈં વાકિફ નહીં, રસ્મે-શહાદત સે,*
*બતા દે તૂ હી ઐ ઝાલિમ! તડપને કી અદા ક્યા હૈ?*

હું તો નવો સવો જખ્મી છું. શહાદતના રંગઢંગની મને કશી જ ખબર નથી. ઓ જાલિમ (પ્રેયસી? કે પછી જલ્લાદ?) તડપવાની અદા કેવી હોય છે એ તું જ મને બતાવી દે ને!

*જો ચૂપ રહે તો હવા કૌમ કી બિગડતી હૈ,*
*જો સર ઉઠાયેં તો કોડો કી માર પડતી હૈ.*

જો ચૂપચાપ રહીએ તો રાષ્ટ્રની હવા બગડે છે અને જો (જુલ્મો સિતમ સામે) માથું ઊંચું કરીએ છીએ તો ચાબખા ફટકારવામાં આવે છે.

*જુનૂને -હુબ્બે -વતન કા મઝા શબાબ મેં હૈ,*
*લહુ મેં ફિર યે રવાની રહે, રહે ના રહે.*
*ચમકતા હૈ શહીદોં કા લહૂ કુદરત કે પરદે મેં,*
*શફક કા હુસ્ન ક્યા હૈ, ફૂલ કી રંગી કલા ક્યા હૈ?*

કુદરતના પરદા પર શહીદોનું રક્ત ચમકી રહ્યું છે. સૂર્યાસ્તની લાલિમાનું સૌંદર્ય અને ફૂલોનો રંગીન પોશાક તેની તુલનામાં આવી શકે ખરો?

*ઉભરને હી નહીં દેતી યહાં બેમાયગી દિલ કી,*
*નહીં તો કૌન કતરા હૈ જો દરિયા હો નહીં સકતા.*

*હૃદયની દરિદ્રતા જ અહીં ઊભરવા બહાર નીકળવા નથી દેતી.*
*બાકી તો એવું ક્યું ટીપું છે જે નદીનું સ્વરૂપ ન લઇ શકે?*

*કમાલે-બુઝદિલી હૈ પસ્ત હોના અપની આંખો મેં,*
*અગર થોડી સી હિમ્મત હો તો ફિર ક્યા હો નહીં સકતા.*

પોતાની આંખોથી પોતાને જ નીચે જોવામાં તો કમાલની ભીરુતા છે દિલમાં થોડીકે ય હિંમત હોય તો દુનિયામાં શું થઇ શકતું નથી?

*જબાં કે ઝોર પર હંગામાં-આરાઇ સે ક્યા હાંસિલ?*
*વતન મેં એક દિલ હોતા, મગર દર્દ-આશ્ના હોતા*

માત્ર જીભના જોરે (કેવળ શબ્દો રટવાથી) કોઇ ક્રાન્તિ થઇ શકે નહીં. વતનમાં ભલે કોઇ એક જ દિલ ધરાવતી વ્યક્તિ હોય પણ એ વ્યક્તિ દિલના દર્દને જાણવાવાળી હોય તો? (મજા પડી જાય).

*દરે-ઝિંદા પે લિખ્ખા હૈ કિસી દીવાને ને-*
*'વોહી આઝાદ હૈ જિસને ઇસે આબાદ કિયાં'.*

કારાવાસના દરવાજે કોઇ દીવાનાએ લખ્યું છે: ''જેણે આ વસવાટ કર્યો છે એ જ સાચા અર્થમાં આઝાદ છે.''

*અગર દર્દે-મોહબ્બત સે ન ઇન્સાં આશ્ના હોતા,*
*ન મરને કા સિતમ હોતા, ન જીને કા મઝા હોતા.*

જો પ્રેમની વેદનાથી માણસ માહિતગાર ન હોત તો ન તો મરી જવાનો સિતમ થાત, ન તો તેને જીવવાનો આનંદ મળત.

*અગર જિયે ભી તો કપડા નહીં બદન કે લિયે,*
*મરે તો લાશ પડી રહ ગઇ કફન કે લિયે.*

અગર જીવ્યા હોત તો શરીર માટે પૂરતાં વસ્ત્રો પણ ક્યાં હતાં? વળી મૃત્યુ પામ્યા પછી તો લાશ પણ કફન વગરની પડી રહી છે. જિંદગી અને મોત-બન્નેની સચ્ચાઇને શાયરે કેવી આગવી રજૂઆતથી ઉઘાડી કરી દીધી છે.

*અબ કી તો શામે-ગમ કી સિયાહી કુછ ઔર હૈ,*
*મંઝૂર હૈ તુઝે મેરે પરવર દિગાર ક્યા?*

આ વખતની દુ:ખની સાંજની કાલિમા કંઇક નિરાળી લાગે છે ઓ ખુદા? છેવટે તું શામાં રાજી છે એ તો મને બતાવી દે.

*આ જ સે શૌકે-વશ કા યહ જૌહર હોગા,*
*ફર્શ કાંટો કા હમેં ફૂલોં કા બિસ્તર હોગા*

વફાદારીના આનંદની આજથી એ પરખ હશે કે અમને તો કાંટાથી પથરાયેલી જમીન પણ ફૂલોની પથારી લાગશે.

*ઉસે યે ફિક્ર હૈ હરદમ નયા તર્ઝે-વફા ક્યા હૈ,*
*હમેં યે શૌક હૈ? દેખે સિતમ કી ઇન્તિહા ક્યા હૈ?*

વફાદારીની નવી રીત કેવી છે તેની અમને ચિંતા છે. જ્યારે અમને તો અત્યાચારોની ચરમસીમા ક્યાં છે તે જાણવાનો ઉમંગ છે.

*આશ્ના હો કાન ક્યા, ઇન્સાન કી ફરિયાદ સે?*
*શેખ કો ફુરસત નહીં મિલતી ખુદા કી યાદ સે.*

માણસની ફરિયાદોથી તેના કાન ક્યાંથી કેવી રીતે પરિચિત-સંબંધિત થાય? પેલા શેખને તો ખુદાની યાદ (બંદગી)માંથી જ સમય ક્યાં મળે છે?

*દેખતા હૈ હુસ્ન કે જલ્વે તો બૂતખાને મેં આ,*
*તેરે કા' બે મેં તો બસ વાઇઝ! ખુદા કા નામ હૈ.*

તારે જો સૌંદર્યના દર્શન કરવા હોય તો પ્રિયતમાના ઘરે આવ ઓ ધર્મોપદેશક! તારા કાબામાં તો માત્ર ખુદાનું જ નામ છે.

(જુઓ પાનું ૬) ▶▶

# મુંબઈને ચિંતામાં મૂકી દેનાર પંજાબના આશુતોષે પરાજય પહેલાં કયું સપનું પૂરું કર્યું?

## બૅટિંગમાં જબરદસ્ત સુધારા બદલ ભૂતપૂર્વ ભારતીય બૅટરને આપ્યો જશ

મુલ્લાનપુરઃ ગુરુવારે મુંબઈ ઇન્ડિયન્સના મુખ્ય બોલર અને યૉર્કર સ્પેશિયાલિસ્ટ જસપ્રીત બુમરાહે પચીસ બૉલમાં ૪૧ રન બનાવનાર પંજાબ કિંગ્સના શશાંક સિંહને તેરમી ઓવરમાં આઉટ કર્યો ત્યાર પછી પંજાબની બાજી આશુતોષ શર્માએ સંભાળી લીધી હતી અને ૧૮મી ઓવરમાં તેની વિકેટ પડ્યા બાદ હરપ્રીત બ્રારે પંજાબને જિતાડવાની જવાબદારી ઉપાડી હતી, પરંતુ કૅપ્ટન હાર્દિક પંડ્યાએ તેને ૧૯મી ઓવરમાં પૅવિલિયન ભેગો કરીને બાજી મુંબઈની તરફેણમાં લાવી દીધી હતી. રહી-રહીને કૅગિસો રબાડાએ છગ્ગો મારીને મુંબઈની ટીમ માટે સ્થિતિ તંગ બનાવી દીધી હતી અને મુંબઈ તરફી લોકોના જીવ અધ્ધર કરી નાખ્યા હતા.



છેવટે મુંબઈએ પાંચ બૉલ બાકી રહ્યા હતા ત્યારે નવ રનના માર્જિનથી વિજય મેળવ્યો અને બે પૉઇન્ટ મેળવ્યા, પરંતુ પંજાબના પચીસ વર્ષીય આશુતોષ શર્મા કરોડો લોકોના દિલ જીતીને પૅવિલિયનમાં પાછો ગયો હતો. તેણે ૨૮ બૉલમાં સાત સિક્સર અને એક ફોરની મદદથી ૬૧ રન બનાવ્યા હતા. તેની આ ઇનિંગ્સને લીધે પંજાબની ટીમ ગંભીર ધબડકા બાદ સંભવિત વિજયની સ્થિતિમાં આવી ગઈ હતી. જોકે છેવટે જીત મુંબઈની થઈ હતી.

૨૧ રનમાં ત્રણ વિકેટ લેનાર જસપ્રીત બુમરાહને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. આશુતોષે મૅચ પછી કહ્યું, 'બુમરાહના એકાદ બૉલમાં સ્વીપ શૉટ મારવાનું મારું સપનું હતું જે મેં આ મૅચમાં સાકાર કર્યું. એવા શૉટ માટે મેં ઘણી પ્રૅક્ટિસ કરી હતી અને મને આનંદ છે કે એ શૉટ હું વિશ્વના હાલના બેસ્ટ બોલરના બૉલમાં મારી શક્યો.'

પંજાબની ૧૩મી ઓવર બુમરાહે કરી હતી જેના યૉર્કરના પ્રયત્નમાં ફેંકેલા ફુલ-ટૉસમાં આશુતોષે ફ્રન્ટ ફૂટ પર આવ્યા બાદ થોડા નીચા નમીને બૉલને બૅકવર્ડ સ્ક્વેર લેગ પરથી ગ્રાઉન્ડની બહાર મોકલી દીધો હતો. એ સિક્સર જોયા પછી સોશિયલ મીડિયા પર (એક્સ પર) એક યુઝરે લખ્યું, 'ભાઈ, આટલાં વર્ષ તું હતો ક્યાં?'

આશુતોષ શર્માએ ગુરુવારે મૅચ પછી પત્રકારોને એવું પણ કહ્યું હતું કે 'મને ખાતરી હતી કે હું પંજાબને વિજય અપાવી શકીશ. જોકે છેલ્લે અમે હારી ગયા.'

મુંબઈના પેસ બોલર આકાશ મઢવાલની ૧૬મી ઓવર ખૂબ ખર્ચાળ હતી અને એને અંતે પંજાબની ટીમ ૨૪ બૉલમાં જીતવા જરૂરી ૨૮ રનના આંકડા સાથે વિજયી મોડમાં આવી ગયું હતું. વાઇડ અને લેગ બાયના સિલસિલા વચ્ચે આશુતોષે એ ઓવરમાં બે સિક્સર અને હરપ્રીત બ્રારે એક સિક્સર ફટકારી હતી.

આશુતોષે આ સીઝનમાં પોતાની બૅટિંગમાં થયેલા સુધારા બદલ ભૂતપૂર્વ ભારતીય બૅટર અને પંજાબની ટીમના ક્રિકેટ ડેવલપમેન્ટ વિભાગના ચીફ સંજય બાંગડને જશ આપ્યો હતો. આશુતોષે પત્રકારોને કહ્યું, 'સંજય સરે મને કહેલું હતું કે હું માત્ર સ્લૉગર નથી. સ્લૉગ ઓવર્સમાં સારું રમી શકવા ઉપરાંત હું બીજા સારા શૉટ પણ મારી શકું એમ છું. તેમનું માનવું અન્યો માટે કદાચ નજીવી બાબત ગણી શકાય, પણ મારા માટે એ મોટી વાત છે. હું પોતાને હાર્ડ-હિટર નથી માનતો, પણ પ્રોપર ક્રિકેટિંગ શૉટ મારવામાં માનું છું.'

આશુતોષે બૅટિંગ સુધારવામાં સપોર્ટ આપનાર ટીમના સાથી ખેલાડીઓ તેમ જ ખાસ કરીને કૅપ્ટન શિખર ધવનને અને હેડ-કોચ ટ્રેવર બેલીસનો પણ આભાર માન્યો હતો.

આશુતોષ પંજાબની ટીમ વતી રમે છે, પણ તે મધ્ય પ્રદેશનો છે અને ડોમેસ્ટિક ક્રિકેટમાં મધ્ય પ્રદેશ વતી રમે છે. તેણે કહ્યું, 'એમપીમાં મને મારા કોચ અમય ખુરસીયાએ એક વાર કહ્યું હતું કે તું ક્રીઝ પર જેટલો સમય વધુ ટકીશ એટલો તારી ટીમને ફાયદો થશે અને વિજય મેળવવાની સ્થિતિમાં આવી શકશે.' ■

# મુંબઈને છગ્ગાનો ચમકારો બતાવનાર રબાડા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૩૨ સિક્સર ફટકારી ચૂક્યો છે

મુલ્લાનપુરઃ મોહાલી નજીક મુલ્લાનપુરમાં ગુરુવારે મુંબઈ ઇન્ડિયન્સના ખેલાડીઓ અને એ ટીમના જીવ અધ્ધર કરી દેનાર પંજાબ કિંગ્સના બૅટર્સમાં શશાંક સિંહ, આશુતોષ શર્મા તેમ જ હરપ્રીત બ્રારનો સમાવેશ તો હતો જ, અગિયારમા નંબરે રમવા આવેલા ફાસ્ટ બોલર કૅગિસો રબાડાએ પણ પરચો બતાવવામાં કંઈ બાકી નહોતું રાખ્યું.

ત્રણ સિક્સર, બે ફોરની મદદથી ૪૧ રન બનાવનાર શશાંક સિંહને બુમરાહે શૉર્ટ મિડવિકેટ પરથી દોડી આવેલા તિલક વર્માના હાથમાં કૅચઆઉટ કરાવ્યો ત્યાર બાદ પંજાબને જિતાડવાનું બીડું તેના સાથી બૅટર આશુતોષ શર્માએ ઉપાડ્યું હતું. તે સાત સિક્સર, બે ફોરની મદદથી ૬૧ રનના પોતાના સ્કોર પર કૉએટ્ઝીના બૉલમાં બાઉન્ડરી લાઇન પરથી દોડી આવેલા મોહમ્મદ નબીના હાથમાં કૅચઆઉટ કરાવ્યો એ પછી હરપ્રીત બ્રારે પંજાબને વિજય અપાવવાનો પડકાર ઝીલી લીધો હતો.

૧૯મી ઓવરમાં હાર્દિકે ડીપ બૅકવર્ડ સ્ક્વેર લેગ પર નબીને બ્રારનો કૅચ અપાવ્યો હતો એ સાથે પંજાબના પડકાર લગભગ પૂર્ણવિરામ મૂકાઈ ગયું હતું.

જોકે બ્રારની વિકેટ વખતે પંજાબનો સ્કોર નવ વિકેટે ૧૭૪ રન હતો, આઠ બૉલ બાકી હતા અને છેલ્લી વિકેટ બચાવીને પંજાબે ૧૯ રન બનાવવાના હતા. રબાડા અને હર્ષલ પટેલ ક્રીઝમાં હતા. મુંબઈએ ફક્ત એક વિકેટ લેવાની હતી, પરંતુ રબાડા-હર્ષલે પણ મામલો થોડો રોમાંચક બનાવી દીધો હતો.

ખાસ વાત એ છે કે હાર્દિકે બ્રારને આઉટ કર્યો એ પછીના જ બૉલમાં રબાડાએ સિક્સર ફટકારીને બધાને વિચારતા કરી દીધા હતા. ત્યાર બાદ સિંગલમાં બે રન મળ્યા બાદ આકાશ મઢવાલની ૨૦મી ઓવરની શરૂઆતના વાઇડ પછી પહેલા બૉલમાં રબાડાને નબી/કિશને રનઆઉટ કરી દીધો એટલે દિલધડક જીત મુંબઈની તરફેણમાં આવી ગઈ હતી, પણ રબાડા થોડુંઘણું હિટિંગ કરી શકે છે એની ઘણાને ખબર નહીં હોય.



રબાડાએ ૬૨ ટેસ્ટમાં ૧૬ સિક્સર, ૧૦૧ વન-ડેમાં ૧૧ સિક્સર અને ૫૬ ટી-૨૦માં પાંચ છગ્ગા ફટકાર્યા છે

૨૮ વર્ષનો રબાડા માત્ર રાઇટ-આર્મ ફાસ્ટ બોલર છે અને ઑલરાઉન્ડર નથી. એટલે કે બૅટિંગમાં તેના પર સાઉથ આફ્રિકાની કે બીજી કોઈ લીગ ટીમ મદાર નથી રાખતી હોતી, પણ નવાઈની વાત એ છે કે રબાડા ઇન્ટરનૅશનલ ક્રિકેટમાં કુલ ૩૨ સિક્સર ફટકારી ચૂક્યો છે. ૬૨ ટેસ્ટમાં તેણે ૧૬ સિક્સર, ૧૦૧ વન-ડેમાં ૧૧ સિક્સર અને ૫૬ ટી-૨૦માં પાંચ છગ્ગા ફટકાર્યા છે. એ તો ઠીક, પણ આઇપીએલ સહિતની લીગ ટૂર્નામેન્ટોમાં રબાડાના નામે ૧૪ સિક્સર છે. ■

# ધોનીની અસલ મૂડમાં ફટકાબાજી, જાડેજા-મોઈને પણ દેખાડી કમાલ

લખનઊઃ ચેન્નઈ સુપર કિંગ્સે અહીં લખનઊ સુપર કિંગ્સ સામેની મૅચમાં ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૭૬ રન બનાવ્યા હતા. એક તબક્કે ચેન્નઈનો સ્કોર પાંચ વિકેટે ફક્ત ૯૦ રન હતો, પણ કેટલીક આક્રમક ઇનિંગ્સને લીધે ટીમનો સ્કોર પોણાબસો સુધી પહોંચી શક્યો હતો.




ચેન્નઈએ બૅટિંગ મળ્યા બાદ શરૂઆત ખરાબ કરી, પણ ઇનિંગ્સનો અંત રોમાંચક હતો. ટીમના ચોથા રને રાચિન રવીન્દ્ર (૦) અને ૩૩મા રને કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડ(૧૭ રન) આઉટ થયા હતા. આઠથી બાર ઓવર દરમ્યાન વધુ ધબડકો થયો હતો, પરંતુ પહેલા રવીન્દ્ર જાડેજા (૫૭ અણનમ, ૪૦ બૉલ, એક સિક્સર, પાંચ ફોર)એ અને પછી મોઇન અલી (૩૦ રન, ૨૦ બૉલ, ત્રણ સિક્સર)એ નાના-મોટા ધમાકા સાથે લખનઊની ટીમને વળતો જવાબ આપ્યો હતો.

છેલ્લી બે ઓવરમાં તો કમાલ જ થઈ ગઈ. એમએસ ધોની (૨૮ અણનમ, નવ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર) અસલ મિજાજમાં રમ્યો હતો. ૨૦૨૩માં ચેન્નઈને પાંચમું ટાઇટલ અપાવ્યા બાદ બીજા જ અઠવાડિયે ઘૂંટણમાં સર્જરી કરાવનાર ૪૨ વર્ષનો ધોની આ મૅચમાં સાધારણ યુવા ખેલાડીની જેમ રન લેવા દોડ્યો હતો અને જાડેજા સાથે તેણે ૩૫ રનની અતૂટ ભાગીદારી કરી હતી.

ચેન્નઈએ છેલ્લી ચાર ઓવરમાં ૬૨ રન બનાવ્યા હતા. ૨૦મી ઓવર યશ ઠાકુરને અપાઈ હતી જેમાં ધોનીની એક સિક્સર અને બે ફોર સહિત કુલ ૧૯ રન બન્યા હતા.

રવીન્દ્ર જાડેજાએ ત્રણ વર્ષે હાફ સેન્ચુરી ફટકારી હતી.

એ પહેલાં, ઓપનર અજિંક્ય રહાણે (૩૬ રન, ૨૪ બૉલ, એક સિક્સર, પાંચ ફોર) સાધારણ ઇનિંગ્સ રમ્યો હતો.

લખનઊ વતી કૃણાલ પંડ્યાએ બે તેમ જ યશ ઠાકુર, મોહસીન ખાન, રવિ બિશ્નોઈ અને માર્કસ સ્ટોઇનિસે એક-એક વિકેટ લીધી હતી.

# હાર્દિક પંડ્યાએ બે પૉઇન્ટ મેળવ્યા, પણ જીત મેળવ્યા પછી બાર લાખ રૂપિયા ગુમાવ્યા

મુલ્લાનપુરઃ હાર્દિક પંડ્યાએ ગુરુવારની મૅચમાં પંજાબ કિંગ્સના હરપ્રીત બ્રાર (૨૧ રન, ૨૦ બૉલ, એક સિક્સર, બે ફોર)ની મહત્ત્વની વિકેટ લીધી, સાથી ફાસ્ટ બોલર કૉએટ્ઝીને કડક સૂચના આપીને આશુતોષ શર્મા (૬૧ રન, ૨૮ બૉલ, સાત સિક્સર, બે ફોર)ની મોસ્ટ-પ્રાઇઝ્ડ વિકેટ લીધી, આક્રમક કૅપ્ટન્સીમાં મુંબઈ ઇન્ડિયન્સને અગત્યનો વિજય અપાવ્યો અને છેલ્લે બે પૉઇન્ટ મેળવ્યા. આ બધુ તો મળ્યું, પરંતુ ખુદ હાર્દિકે ૧૨ લાખ રૂપિયા ગુમાવવા પડ્યા.

પંજાબના મિડલ-ઑર્ડરના અને પૂછડિયા બૅટર્સે જીવ અધ્ધર કરી દેતી બૅટિંગમાં મુંબઈને આસાનીથી ન જીતવા દીધું અને છેલ્લે નવ રનથી મુંબઈએ વિજય મેળવ્યો ત્યાર બાદ મૅચ-રેફરીએ જે ગણતરી કરી એ મુજબ મુંબઈની ટીમે નિર્ધારિત સમયની અંદર ઓવર પૂરી નહોતી કરી એટલે કૅપ્ટન હોવા બદલ હાર્દિકને સ્લો ઓવર-રેટ બદલ ૧૨ લાખ રૂપિયાનો દંડ કરાયો છે.

બીસીસીઆઇની અખબારી યાદીમાં જણાવાયા મુજબ આ સીઝનમાં મુંબઈનો સ્લો ઓવર-રેટનો આ પહેલો જ અફેન્સ હતો એટલે કૅપ્ટનને ફક્ત ૧૨ લાખ રૂપિયાનો દંડ કરાયો છે.

આ સીઝનમાં હાર્દિકની પહેલાં કોલકાતાના કૅપ્ટન શ્રેયસ ઐયરને રાજસ્થાન સામેની મૅચ બાદ ૧૨ લાખ રૂપિયાનો દંડ કરાયો હતો.

દિલ્હીની ટીમે ચેન્નઈ સામેની મૅચમાં નિર્ધારિત સમયમાં ઓવર પૂરતી ન કરી શકવા બદલ કૅપ્ટન રિષભ પંતને ૧૨ લાખ રૂપિયાનો દંડ કરાયો હતો. ત્યાર બાદ દિલ્હીએ કોલકાતા સામે એક તો ૧૦૬ રનથી કારમો પરાજય સહન કરવો પડ્યો એમાં વળી દિલ્હીની ટીમનો સ્લો ઓવર-રેટનો બીજો અફેન્સ હતો એટલે એના કૅપ્ટન પંતને ૨૪ લાખ રૂપિયાનો દંડ કરાયો હતો. એ ઉપરાંત, બીજો અફેન્સ હોવા બદલ દિલ્હીના બાકીના ખેલાડીઓને (છ લાખ રૂપિયા અથવા મૅચ ફીના પચીસ ટકા, બેમાંથી જે ઓછા હોય એ) પણ દંડ થયો હતો.

હાર્દિક, શ્રેયસ, પંત ઉપરાંત રાજસ્થાનના કૅપ્ટન સંજુ સૅમસને અને ગુજરાતના સુકાની શુભમન ગિલે પણ પ્રથમ અફેન્સ બદલ ૧૨ લાખ રૂપિયા ભરવા પડ્યા હતા. ■





જસપ્રિત બુમરાહે ગુરુવારે ત્રણ વિકેટ લીધી હતી

# શું વાત છે! બેન્ગલૂરુમાં આરસીબીએ પાણીની અછત દૂર કરી આપી, જાણો કેવી રીતે

બેન્ગલૂરુઃ રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ (આરસીબી)ની ટીમ આઇપીએલના ૧૬ વર્ષના ઇતિહાસમાં ક્યારેય ટાઇટલ નથી જીતી શકી અને આ વખતે સાતમાંથી છ મૅચ હારી ચૂકી હોવાથી (સદંતર ફ્લૉપ જઈ રહી હોવાથી) ફરી એકવાર ટ્રોફીથી વંચિત રહેવાની 'તૈયારી' કરી રહી હોય એવું લાગી રહ્યું છે. જોકે આ જ ટીમના ફ્રૅન્ચાઇઝીએ એક કામ બહુ સારું કર્યું છે. આ ફ્રૅન્ચાઇઝીને કારણે બેન્ગલૂરુમાં છેલ્લા બે મહિનાથી પાણીની જે ગંભીર કટોકટી હતી એ હળવી કરી આપી છે.

પીટીઆઇના અહેવાલ મુજબ ઇન્ડિયા કેર્સ ફાઉન્ડેશનના રિપોર્ટ અનુસાર આરસીબીએ 'ગો ગ્રીન' અભિયાન હેઠળ ઇટ્ટગલપુરા લેક તથા સાડેનાહલ્લી લેક ખાતેનું પુનઃનિર્માણ કાર્ય પૂરું કર્યું છે અને કન્નુર લેક પ્રૉજેક્ટ ખાતે સુવિધાઓનો વધારો કર્યો છે. આ ત્રણેય સરોવર ખાતેના કાર્યો પૂર્ણ થતાં બેન્ગલૂરુમાં પાણીની સમસ્યા થોડી દૂર થઈ છે.

અગાઉ આમાંના કેટલાક સરોવરવાળા પ્રદેશો સુધી કાવેરી નદીનું પાણી નહોતું પહોંચતું અને સત્તાવાળાઓએ માત્ર ઉપલબ્ધ રહેતા વરસાદના પાણી પર જ નિર્ભર રહેવું પડતું હતું. આરસીબી દ્વારા ઇટ્ટગલપુરા લેક તથા સાડેનાહલ્લી લેક ખાતે ૧.૨૦ લાખ ટન વધારાની માટી દૂર કરાઈ છે. એ માટીનો ઉપયોગ સરોવરોની આસપાસ બન્ડ્સ અને રસ્તા બનાવવા માટે વાપરવામાં આવી છે. બાવન જેટલા ખેડૂતોએ આ વધારાની માટી પોતાના ખેતરમાં વાપરવા તૈયાર થયા છે.

આરસીબી દ્વારા આ બધા કાર્યો કરવામાં આવતાં ત્રણેય લેકમાં પાણીનો સંગ્રહ કરવાની ક્ષમતા ૧૭ એકર સુધી વધી છે.

કન્નુર લેકની આસપાસ ત્રણ પાર્ક ઊભા કરવામાં આવ્યા છે. એમાં એથ્નો-મેડિસિનલ પ્લાન્ટ પાર્ક, બટરફ્લાય પાર્ક, બામ્બૂ પાર્કનો સમાવેશ છે. ■

# ચલો દિલ્હીઃ પાટનગરમાં પહેલી વાર જંગ

## રાજધાનીમાં આજે કૅપિટલ્સની પહેલી જ મૅચઃ હૈદરાબાદના બૅટર્સ ફરી પાવર બતાવશે?

નવી દિલ્હીઃ રેકૉર્ડ-બ્રેકિંગ સનરાઇઝર્સ હૈદરાબાદ શનિવારે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) પાટનગર દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં યજમાન ટીમ દિલ્હી કૅપિટલ્સને પડકારશે.

દિલ્હીની ટીમ માટે અત્યાર સુધી વિશાખાપટનમ હોમ-ટાઉન હતું, પણ હવે દિલ્હીમાં પહેલો જંગ થવાનો છે જ્યાં દિલ્હીનો કૅપ્ટન રિષભ પંત ભાવુક હાલતમાં રમશે.

૨૦૨૨માં કાર-અકસ્માત થયા બાદ રિષભ પંત દોઢ વર્ષ સુધી ન રમ્યો અને સર્જરી પછીની સારવાર બાદ આ જ સ્ટેડિયમમાં કાખઘોડી સાથે આવ્યો હતો. ત્યાર બાદ પંત પહેલી વખત દિલ્હીના આ સ્ટેડિયમમાં રમવા આવ્યો છે.

એક તરફ પંત આ હોમ-ટાઉનમાં પરચો બતાવવા ઉત્સુક હશે ત્યાં બીજી બાજુ પૅટ કમિન્સના સુકાનવાળી હૈદરાબાદની ટીમના બૅટર્સ પોતાની તાકાત હૈદરાબાદ અને બેન્ગલૂરુ પછી દિલ્હીમાં પણ બતાવવા આતુર હશે. હૈદરાબાદ અને બેન્ગલૂરુના જ નામ લેવા પાછળનું કારણ એ છે કે ૨૭મી માર્ચે હૈદરાબાદમાં સનરાઇઝર્સે મુંબઈ સામે ત્રણ વિકેટે વિક્રમજનક ૨૭૭ રન બનાવ્યા હતા અને પછી મુંબઈએ ૨૪૬/૫ના સ્કોર સાથે પરાજય સ્વીકાર્યો હતો. ૧૫મી એપ્રિલે બેન્ગલૂરુમાં આરસીબી સામે ત્રણ વિકેટે ૨૮૭ રનનો નવો આઇપીએલ-વિક્રમ રચ્યો હતો અને પછી આરસીબીએ ૨૬૨/૭ના સ્કોર બદલ હાર સ્વીકારવી પડી હતી.

હવે દિલ્હીનો વારો છે કે શું? એક જ સીઝનમાં બે વાર ટીમ-સ્કોરનો વિક્રમ તોડનાર રેકૉર્ડ-બ્રેકિંગ હૈદરાબાદની ટીમ દિલ્હીમાં દિલ્હી કૅપિટલ્સની બાજી બગાડવાની પેરવીમાં તો હશે જ. જોકે લેફ્ટ-આર્મ રિસ્ટ-સ્પિનર કુલદીપ યાદવ ટ્રેવિસ હેડ, અભિષેક શર્મા, હિન્રિચ ક્લાસેન અને એઇડન માર્કરમમાંથી કોઈની બાજી બગાડી નાખે તો નવાઈ નહીં. ■

### સંભવિત પ્લેઇંગ-ઈલેવન


**દિલ્હી કૅપિટલ્સઃ** રિષભ પંત (કૅપ્ટન, વિકેટકીપર), પૃથ્વી શૉ, ડેવિડ વૉર્નર, જેક ફ્રેઝર-મૅકગર્ક/શાઇ હોપ, અભિષેક પોરેલ, ટ્રિસ્ટેન સ્ટબ્સ, અક્ષર પટેલ, સુમીત કુમાર, કુલદીપ યાદવ, ઇશાંત શર્મા અને મુકેશ કુમાર. ૧૨મો પ્લેયરઃ ખલીલ અહમદ.

**સનરાઇઝર્સ હૈદરાબાદઃ** પૅટ કમિન્સ (કૅપ્ટન), હિન્રિચ ક્લાસેન, ટ્રેવિસ હેડ, અભિષેક શર્મા, એઇડન માર્કરમ, અબ્દુલ સામદ, નીતિશ કુમાર રેડ્ડી, શાહબાઝ અહમદ, ભુવનેશ્વર, જયદેવ ઉનડકટ અને ટી. નટરાજન. ૧૨મો પ્લેયરઃ મયંક માર્કન્ડે

# કાર્તિકે પૂછેલા સવાલના જવાબમાં કોહલીએ ફટ દઈને કહ્યું, 'તારી વાઇફ': જાણો શું છે આખો કિસ્સો

બેન્ગલૂરુઃ રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ હમણાં ભલે પૉઇન્ટ્સ-ટેબલમાં છેક તળિયે (૧૦મા નંબરે) હોય, પણ ચાહકોને મેદાન બહારનું મનોરંજન પૂરું પાડવામાં આ ટીમ કોઈ મોકો નથી છોડતી. બની શકે કે ચાહકોને નિરાશામાંથી થોડા હળવા કરવાનો તેમનો આશય હશે.





જુઓને, આ ટીમના કેટલાક ખેલાડીઓના વાઇરલ થયેલા વીડિયોમાં કેટલા બધા હસી રહ્યા છે. ખુદ તો હસી રહ્યા છે, ફૅન્સને પણ હસાવવાની તેમણે કોઈ કસર નથી છોડી.

બન્યું એવું કે વિકેટકીપર-બૅટર દિનેશ કાર્તિક કે જે પોતે હવે કૉમેન્ટેટર પણ છે તેણે મોજ ખાતર પોતાને પ્રેઝન્ટર બનાવીને વિરાટ કોહલી, ફાફ ડુ પ્લેસી, મોહમ્મદ સિરાજ અને રજત પાટીદારને સામે બેસાડીને તેમનો ઇન્ટરવ્યૂ લેવાનો શરૂ કરી દીધો.

સૌથી પહેલાં કાર્તિકે ચારેયને પૂછ્યું, 'તમે ચારેય મને વારાફરતી કહો કે ક્રિકેટર સિવાયના મારા ફેવરિટ સ્પોર્ટસપર્સન વિશે જાણો છો? કોણ હશે એ?'

કોહલી તરત જ બોલ્યો, 'તારી પત્ની'.

કાર્તિક તરત જ કોહલીના જવાબ સાથે સહમત થયો, પણ તેણે (કાર્તિકે) મજાકમાં એવું પણ કહ્યું, 'તેં તરત સરસ જવાબ આપી દીધો, પણ મારા મગજમાં કોઈક બીજું જ નામ હતું. ખરેખર, તેં તો મને આશ્ચર્યમાં જ મૂકી દીધો.'



દિનેશ કાર્તિકની પત્ની દીપિકા પલ્લીકલ દેશની ટોચની સ્ક્વૉશ ખેલાડી છે. કાર્તિક અને દીપિકાએ ૨૦૧૫માં ચેન્નઈમાં તેલુગુ-નાયડુ હિન્દુ વિધિ મુજબ લગ્ન કર્યાં હતાં. દીપિકા ૨૦૨૨માં ગ્લાસગૉમાં વર્લ્ડ ડબલ્સ ચૅમ્પિયન બની હતી, ૨૦૧૪ની કૉમનવેલ્થ ગેમ્સમાં ડબલ્સનો ગોલ્ડ મેડલ જીતી હતી તેમ જ ૨૦૨૨ની એશિયન ગેમ્સમાં મિક્સ્ડ-ડબલ્સનો સુવર્ણચંદ્રક પણ જીતી હતી. કાર્તિક-દીપિકાને ટ્વિન્સ પુત્રો છે. તેઓ ત્રણ વર્ષના છે. ૨૦૨૧માં તેમને જન્મ આપ્યા પછી પણ દીપિકા સ્ક્વૉશમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું નામ રોશન કરી રહી છે. ■

# ભારે અફડાતફડીઃ સેન્સેક્સ ૬૦૦ પોઈન્ટ ગબડ્યા બાદ ૯૦૦ પોઈન્ટ ઊછળ્યો અને અંતે ૬૦૦ પોઈન્ટના સુધારે સ્થિર થયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં ઇરાની વોરના અહેવાલે ભારે અફડાતફડી મચી ગઇ હતી. સેન્સેક્સ ૬૦૦ પોઇન્ટ ગબડ્યા બાદ ૯૦૦ પોઇન્ટ ઊછળ્યો અને અંતે ૬૦૦ પોઇન્ટના સુધારે સ્થિર થયો હતો. ઈરાન અને ઇઝરાયલના યુદ્ધની ભીતિ કોરાણે મૂકીને શેરબજાર તમામ ઘટાડો પચાવી પોઝિટિવ ઝોનમાં આગળ વધવામાં સફળ રહ્યું છે. સત્રને અંતે સેન્સેક્સ ૫૯૯.૩૪ પોઇન્ટ અથવા તો ૦.૮૩ ટકાના સુધારા સાથે ૭૩,૦૮૮.૩૩ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૧૫૧.૧૫ પોઇન્ટ અથવા તો ૦.૬૯ ટકાના સુધારા સાથે ૨૨,૧૪૭ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

ઇઝરાયલે ઈરાન પર મિસાઈલ હુમલા શરૂ કર્યા હોવાના અહેવાલ વિશ્વભરના શેરબજારોમાં વેચવાલી તીવ્ર બની ગઈ હતી. ઇઝરાયલે ઈરાનના અનેક શહેરો પર મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા હોવા ઉપરાંત ન્યુક્લિયર પ્લાન્ટ પર પણ મિસાઈલ ઝીંકી હોવાના અહેવાલને કારણે સેન્ટિમેન્ટ ડહોળાઈ ગયું હતું.

આને પરિણામે સેન્સેકસ ખુલતા સત્રમાં જ ૬૦૦ પોઇન્ટના ગાબડાં સાથે ૭૨,૦૦૦ ની નીચે ઘૂસી ગયો હતો, જ્યારે નિફ્ટી ૨૧,૭૭૭.૬૫ સુધી નીચે સરક્યો હતો. સેન્સેકસ નીચા મથાળે ખૂલ્યા બાદ ૬૭૨.૫૩ પોઇન્ટ અથવા તો ૦.૯૨ ટકાના કડાકા સાથે ૭૨,૦૦૦ની સપાટી તોડતો ૭૧,૮૧૬.૧૬ પોઇન્ટની નીચી સપાટીને અથડાયો હતો, સવારના સત્રમાં જ રોકાણકારોની સંપતિમાં લગભગ ત્રણેક લાખ કરોડ રૂપિયાનું ધોવાણ થયું હતું. તમામ ક્ષેત્રીય ઇન્ડેક્સ રેડ ઝોનમાં હતા. રિયલ્ટી અને પીએસયુ બેન્ક ઇન્ડેક્સ સૌથી વધુ ફટકો પડ્યો હતો.

બજાજ ફિનસર્વ, મહિન્દ્રા, એચડીએફસી બેન્ક, જેએસડબલ્યુ સ્ટીલ, મારુતિ, વિપ્રો, ભારતી એરટેલ, બજાજા ફિનસર્વ, આઇસીઆઇસીઆઇ બેન્ક અને આઇટીસી ટોપ ગેઇનર્સમાં સામેલ હતો. જ્યારે નેસ્લે ઇન્ડિયા, એચસીલ ટેકનોલોજી, લાર્સન એન્ડ ટૂબ્રો, ટીસીએસ, ટાટા મોટર્સ અને ઇન્ફોસિસ ટોપ લુઝર્સ શેરોની યાદીમાં હતા.

નેસ્લે તેની અમુક નિકાસ પ્રોડક્ટમાં વધુ ખાંડનો ઉપયોગ કરે છે એવા આરોપ બાદ તેના શેરમાં ઘટાડો આગળ વધ્યો હતો. ચરક ફાર્માસ્યુટિકલ ગ્રુપના ડિવિઝન વેદીસ્ત્રીના માધ્યમે ચરક ગ્રુપે સ્વાસ્થ્ય સુરક્ષા અને સ્વાસ્થ્ય સંવર્ધન ક્ષેત્રે લોકોની સુખાકારીના હેતુ સાથે નેદીસ્ત્રી હોલિસ્ટિક હેલ્થ અવેરનેસ સિરિઝનું આયોજન કર્યું હતું જેમાં વિવિધ ક્ષેત્રના નિષ્ણાત ડોકટર અને સર્જન એક છત નીચે વેલનેસ એવેરનેસ માટે સહભાગી થયા




હતા. ઇન્ફોસિસનું રેવેન્યુ ગાઇડન્સ બજારની અપેક્ષાથી નબળું રહ્યું હોવાથી તેના શેરમાં એકાદ ટકાનો ઘટાડો હતો. ઇન્ફોસિસે ચોથા ક્વાર્ટરમાં ૩૦ ટકાના વધારા સાથે રૂ. ૭૯૬૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. કોન્સોલિડેટેડ રેવન્યૂ રૂ. ૩૭,૪૪૧ કરોડ સામે ૧.૩ ટકાના વધારા સાથે રૂ. ૩૭,૯૨૩ કરોડ નોંધાઇ હતી. બોર્ડે શેરદીઠ રૂ. ૮ના વધારાના ડિવિડંડ ઉપરાંત શેરદીઠ રૂ. ૨૦નું અંતિમ ડિવિડંડ જાહેર કર્યું છે. જિંદાલ ગ્લોબલ લૉ સ્કૂલને સતત પાંચમા વર્ષે ભારતની નંબર વન લૉ સ્કૂલની રેન્ક મળી છે અને વૈશ્વિક સ્તરે ૭૨મી રેન્ક મળતા તે ભારતની એકમાત્ર એવી કાયદાકીય ક્ષેત્રની સ્કૂલ બની છે, જેણે વિશ્વમાં ટોપ ૧૦૦માં સ્થાન મેળવ્યું છે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ પાછલા સત્રમાં કરેલી રૂ. ૪૨૬૦.૩૩ કરોડની વેચવાલી સાથે પાછલા ચાર સત્રમાં કુલ રૂ. ૨૦,૦૦૦ કરોડની વેચવાલી નોંધાવી છે. કરન્સી માર્કેટમાં ડોલર સામે રૂપિયો નવા રેકોર્ડ નીચા સ્તરે સરકી રહ્યો છે. ઈરાન-ઈઝરાયેલ સંઘર્ષને કારણે ક્રૂડ ઓઇલના ભાવમાં બેરલ દીઠ ત્રણ ડોલરનો ઉછાળો જોવા મળ્યો હતો, જ્યારે બિટકોઈન ૬૦,૦૦૦ની નીચે પટકાયું હતું.

સેન્સેક્સ અને નિફ્ટીએ સાપ્તાહિક ધોરણે દોઢ ટકાનો ઘટાડો નોંધાયો હતો. નિફ્ટીમાં આ સત્રમાં બજાજ ફાઇનાન્સ, એમએન્ડએમ, એચડીએફસી બેંક, મારૂતિ સુઝુકી અને જેએસડબલ્યુ સ્ટીલ ટોચના ગેનર્સમાં હતા, જ્યારે બજાજ ઓટો, એચસીએલ ટેક્નોલોજીસ, ડિવિસ લેબ્સ, ટીસીએસ અને નેસ્લે ઇન્ડિયાને નુકસાન થયું હતું.

ક્ષેત્રીય મોરચે, બેંક અને મેટલ સૂચકાંકો એક-એક ટકા અને એફએમસીજી ઇન્ડેક્સ ૦.૫ ટકા ઉપર હતા. હેલ્થકેર, આઈટી, પાવર અને રિયલ્ટી ૦.૩-૦.૬ ટકા ઘટ્યા છે. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ ૦.૪ ટકા ગબડ્યો હતો અને સ્મોલકેપ ઈન્ડેક્સ લગભગ સ્થિર રહ્યો હતો. વ્યક્તિગત શેરોમાં, એલએન્ડટી ફાઇનાન્સ હોલ્ડિંગ્સ, નાલ્કો અને અતુલમાં વોલ્યુમમાં ૧૦૦ ટકાથી વધુનો વધારો જોવા મળ્યો હતો.

આરબીએલ બેંક, એસ્કોટ્ર્સ અને એચડીએફસી બેંકમાં લોંગ બિલ્ડઅપ જોવા મળ્યો હતો, જ્યારે ટાટા કોમ્યુનિકેશન્સ, લ્યુપિન અને આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીમાં શોર્ટ બિલ્ડઅપ જોવા મળ્યું હતું. એવન્યુ સુપરમાટ્ર્સ, ભારતી એરટેલ, એલિકોન એન્જિનિયરિંગ, ફોર્સ મોટર્સ, ઇન્ડસ ટાવર્સ, જેએસડબ્લ્યુ એનર્જી, જસ્ટ ડાયલ અને કેએસબી પમ્પ્સ સહિત ૧૫૦ થી વધુ શેરો બીએસઈ પર તેમની બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા.

## ડૉલર સામે રૂપિયામાં પાંચ પૈસાનો સુધારો

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે આરંભિક નરમાઈનું વલણ ખંખેરીને મજબૂત બાઉન્સબૅક જોવા મળ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત વિશ્વ બજારમાં પણ ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સત્ર દરમિયાન છ પૈસાનો ઘટાડો જોવા મળ્યા બાદ અંતે છ પૈસાના સુધારા સાથે ૮૩.૪૭ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે બજારમાં રિઝર્વ બૅન્કનાં સંભવિત હસ્તક્ષેપને કારણે પણ રૂપિયામાં ધોવાણ અટક્યું હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૩.૫૨ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૩.૫૮ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૮૩.૪૬થી ૮૩.૫૮ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે પાંચ પૈસાના સુધારા સાથે ૮૩.૪૭ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો નવ પૈસાના ઘટાડા સાથે ૮૩.૫૨ની ઐતિહાસિક નીચી સપાટીએ બંધ રહ્યો હતો.

વધુમાં ઈરાન પર કોઈ હુમલો થયો નથી અને તેની એરિ ડિફેન્સ સિસ્ટમમાં વિસ્ફોટ થયો હોવાના અહેવાલો વહેતા થવાને કારણે તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી રૂપિયામાં સુધારો જોવા મળ્યો હોવાનું બીએનપી પારિબાસનાં વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલમાં મધ્યપૂર્વ દેશોમાં પ્રવર્તી રહેલા તણાવને ધ્યાનમાં લેતા રૂપિયો દબાણ હેઠળ રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૮ ટકા ઘટીને ૧૦૬.૦૬ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૩૧ ટકા ઘટીને બૅરલદીઠ ૮૬.૮૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૫૯૯.૩૪ પૉઈન્ટનો અને ૧૫૧.૧૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયામાં સુધારો જોવા મળ્યો હતો.

જોકે, ગઈકાલે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૨૬૦.૩૩ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## સોનામાં ₹ ૭૩નો ઘસરકો, ચાંદી ₹ ૪૭૪ ઘટી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય સ્તરે ઈઝરાયલે ઈરાન પર વળતો હુમલો કર્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ સાથે લંડન ખાતે આજે સત્રના આરંભે રોકાણકારોની સોનામાં સલામતી માટેની માગમાં વધારો થતાં હાજર ભાવમાં ૦.૪ ટકાનો સુધારો આગળ ધપ્યો હતો, પરંતુ ત્યાર બાદ ઈરાન પર કોઈ હુમલો થયો નથી અને તેની એર ડિફેન્સ સિસ્ટમમાં વિસ્ફોટ થયો હોવાના અહેવાલો વહેતા થતાં આરંભિક સુધારો ધોવાઈ ગયો હતો અને ભાવ સાધારણ ૦.૧ ટકાના સુધારા સાથે ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે ખાસ કરીને ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ રહેતાં સોનાની આયાત પડતરો ઘટવાથી ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૩નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૪૭૪નો ઘટાડો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ખાસ કરીને .૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલોથી વિપરીત સ્ટોકિસ્ટોની ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલી ઉપરાંત ઊંચી સપાટીએથી ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ પણ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ.




૪૭૪ ઘટીને રૂ. ૮૨,૮૫૩ના મથાળે રહ્યા હતા. જ્યારે સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ છતાં ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ રહેતાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૩ના ઘસરકાર સાથે ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૩,૧૧૦ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૩,૪૦૪ના મથાળે રહ્યા હતા. જોકે, તાજેતરમાં સોનામાં ફૂંકાયેલા એકતરફી તેજીના પવનને કારણે રોકાણકારો, સ્ટોકિસ્ટો અને જ્વેલરી ઉત્પાદકો નવી ખરીદીથી દૂર રહ્યા હતા. તેમ જ રિટેલ સ્તરની માગ પણ અત્યંત પાંખી રહે છે. તેમ છતાં છેલ્લાં કેટલાક સમયથી જૂના સોનામાં રિસાઈકલિંગ અને નફારૂપી વેચવાલીનું પણ દબાણ જોવા મળી રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે ઈઝરાયલના ઈરાન પર હુમલાના અહેવાલો અને ત્યાર બાદ ઈરાનની ડિફેન્સ યંત્રણામાં વિસ્ફોટ થયો હોવાના અહેવાલે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં જોવા મળેલો સુધારો ધોવાઈ ગયો હતો અને આ અહેવાલ લખાઈ રહ્યો છે ત્યારે હાજર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા વધીને અનુક્રમે ઔંસદીઠ ૨૩૮૦.૬૮ ડૉલર અને ૨૩૯૬.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૨૮.૨૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે આજે ઈઝરાયલે ઈરાન પર હુમલો કર્યો હોવાના અહેવાલો સાથે સોનામાં તેજી આગળ ધપી હતી, બજાર વર્તુળો હજુ વધુ અહેવાલોની રાહ જોઈ રહ્યા હોવાનું કેપિટલ ડૉટ કૉમનાં વિશ્લેષક ક્યાલે રોડ્ડાએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલ સોનામાં ફેડરલની પૉલિસીનાં અણસારો પર નહીં, પરંતુ રાજકીય-ભૌગોલિક તણાવ અંગેનાં અહેવાલો પર વેપાર થઈ રહ્યા છે.

વધુમાં ટેસ્ટીલિવનાં ગ્લોબલ માઈક્રો વિભાગનાં હેડ સ્પિવેકે જણાવ્યું હતું કે તાજેતરમાં મધ્યપૂર્વનાં દેશોમાં વધેલા તણાવને કારણે સોનામાં સલામતી માટેની માગ વધવાની સાથે ચીન તેની સોનાની અનામતમાં વધારો કરી રહ્યું હોવાથી તેજીને ટેકો મળી રહ્યો છે.

## નાણાકીય વર્ષ ૨૦૨૪માં તેલખોળની નિકાસ ૪૮.૮૬ લાખ ટનની વિક્રમ સપાટીએ

નવી દિલ્હીઃ પશુ આહારમાં વપરાતા વિવિધ તેલખોળમાં ખાસ કરીને સોયાખોળની નિકાસમાં વધારો થવાથી ગત નાણાકીય વર્ષમાં ખોળની કુલ નિકાસ વધીને ૪૮.૮૬ લાખ ટનની વિક્રમ સપાટીએ રહી હતી, જ્યારે મૂલ્યની દૃષ્ટિએ નિકાસ પણ રૂ. ૧૫,૩૬૮ કરોડની સર્વોચ્ચ સપાટીએ રહી હોવાનું સ્થાનિક તેલ ઉદ્યોગના અગ્રણી સંગઠન સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશને તાજેતરમાં સંકલિત કરેલી આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

એસોસિયેશનના જણાવ્યાનુસાર આ પૂર્વે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં રૂ. ૧૧,૫૦૦ કરોડના મૂલ્યનાં ૪૩.૮૧ લાખ તેલખોળનાં વિક્રમ શિપમેન્ટ થયા હતા. આમ ગત નાણાકીય વર્ષ પૂર્વે વર્ષ ૨૦૧૩-૧૪માં પ્રમાણ અને મૂલ્યની દૃષ્ટિએ તેલખોળની વિક્રમ સ્તરે રહી હતી. દરમિયાન ગત નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં વિવિધ તેલખોળની નિકાસ આગલા નાણાકીય વર્ષનાં ૪૩.૮૬ લાખ ટન સામે ૧૩ ટકા વધીને ૪૮.૮૬ લાખ ટનની સપાટીએ રહી હતી. એસોસિયેશનનાં જણાવ્યાનુસાર ગત સાલ ખાસ કરીને વૈશ્વિક સ્તરે ભારતીય સોયાખોળના ભાવ સ્પર્ધાત્મક રહેતાં નિકાસ આગલા વર્ષનાં ૧૦.૨૨ લાખ ટન સામે ઉછળીને ૨૧.૩૩ લાખ ટનના સ્તરે રહી હોવાથી કુલ નિકાસમાં ઉછાળો આવ્યો હતો, જોકે હાલમાં ભારતીય સોયાખોળના ભાવ આર્જેન્ટિનાના ભાવની તુલનામાં ઊંચા હોવાથી આગામી મહિનાઓમાં નિકાસમાં ઘટાડો થવાની શક્યતા એસોસિયેશને વ્યક્ત કરી છે.

વધુમાં એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત નાણાકીય વર્ષમાં રાયડાખોળની નિકાસ આગલા વર્ષનાં ૨૨.૯૭ લાખ ટન સામે સાધારણ ઘટાડા સાથે ૨૨.૧૩ લાખ ટનના સ્તરે રહી હતી. એકંદરે ભારતીય સોયાખોળના ભાવ સ્પર્ધાત્મક રહ્યા હોવાને કારણે રાયડાખોળની નિકાસ અમુક અંશે મંદ પડી હતી. આ ઉપરાંત ગત નાણાકીય વર્ષમાં જુલાઈ, ૨૦૨૩થી રાઈસબ્રાન ખોળની નિકાસ પ્રતિબંધિત કરવામાં આવી હોવાથી નિકાસ આગલા વર્ષના ૫.૯૫ લાખ ટન સામે તિવ્ર ઘટાડા સાથે ૧.૫૨ લાખ ટનની સપાટીએ રહી હતી.

નોંધનીય બાબત એ છે કે આ પ્રતિબંધ આ વર્ષના જુલાઈ મહિના સુધી લંબાવવામાં આવ્યો છે. આથી પૂર્વ ભારતનાં રાઈસબ્રાન પ્રોસેસરોમાં એકમો બંધ પડવાની ભીતિ ઝળૂંબી રહી હોવાનું એસોસિયેશને યાદીમાં જણાવતાં ઉમેર્યું હતું કે આ પ્રતિબંધને કારણે માત્ર ચોખાનું મિલિંગ કરતાં એકમોને જ નહીં, પરંતુ રાઈસબ્રાન તેલનાં કુલ ઉત્પાદન સામે પણ જોખમ ઊભું થયું છે.

ગત નાણાકીય વર્ષમાં ભારતીય તેલખોળના મુખ્ય આયાતકારોમાં ૮.૯૨ લાખ ટનની આયાત સાથે બાંગ્લાદેશ મોખરે રહ્યું હતું. તેની કુલ આયાતમાં ૪.૩૪ લાખ ટન રાયડાખોળ, ૪.૩૧ લાખ ટન સોયાબીનખોળ અને ૨૮,૦૦૦ ટન રાઈસબ્રાન ખોળનો સમાવેશ થાય છે. ત્યાર બાદ ૮.૩૨ લાખ ટનની આયાત સાથે દક્ષિણ કોરિયા બીજા ક્રમાંકે રહ્યું હતું. તેની કુલ આયાતમાં ૫.૪૭ લાખ ટન રાયડાખોળ, ૨.૨૬ લાખ ટન એરંડાખોળ અને ૫૭,૮૯૯ ટન સોયાબીન ખોળનો સમાવેશ થતો હતો. ત્યાર બાદ ૬.૩૩ લાખ ટન તેલખોળની આયાત સાથે થાઈલેન્ડ ત્રીજા ક્રમાંકે રહ્યું હતું. જોકે સોયાબીનખોળની સૌથી વધુ આયાત કરનાર દેશ ઈરાન રહ્યો હતો અને ગત સાલ ૮.૬૪ લાખ ટનની આયાત કરી હોવાનું એસોસિયેશને યાદીમાં ઉમેર્યું હતું.

## મિડિયમ ગ્રેડની ખાંડમાં ₹ ૧૦ની નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તથા દેશાવરોની પ્રબળ માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦ના સુધારા સાથે રૂ. ૩૫૭૦થી ૩૬૧૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ખપપૂરતી માગ રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૫નો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. આમ ખપપૂરતી માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૮૦થી ૩૭૫૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૯૬થી ૩૮૫૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તેમ જ સ્થાનિક ડીલરોની માગ મર્યાદિત રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૫નો ઘટાડો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૧૫થી ૩૬૫૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૧૫થી ૩૭૫૫માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

## વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે વિવિધ ધાતુઓમાં ઉછાળા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં તાજેતરમાં કોપર સહિતની ધાતુઓમાં તેજીનું વલણ જળવાઈ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ આજે એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં જોવા મળેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૮૮ સુધીના ઉછાળા જોવા મળ્યા હતા. આજે એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૮૦ના મથાળે ટકેલા રહ્યા હતા. જોકે, તેને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં તેજીનો કરંટ જળવાઈ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ટીન, નિકલ અને કોપર આર્મિચરના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૮ વધીને રૂ. ૩૨૧૩, રૂ. ૨૮ વધીને રૂ. ૧૬૦૮ અને રૂ. ૧૪ વધીને રૂ. ૮૧૬ના મથાળે રહ્યા હતા. આ સિવાય આજે કોપર કેબલ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૩ વધીને અનુક્રમે રૂ. ૮૩૮ અને રૂ. ૮૨૮, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૭૬૦, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને અનુક્રમે રૂ. ૫૩૫ અને રૂ. ૮૭૬, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૫૬૦, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૨૪૬, લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૧૯૩ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૫૨ના મથાળે રહ્યા હતા.

## માર્ચ ત્રિમાસિકગાળામાં નોકિયા ઈન્ડિયાનું વેચાણ ૬૯ ટકા ઘટ્યું

નવી દિલ્હીઃ ફિનિશ્ડ ટેલિકોમ ગિઅર મેકર નોકિયાનું ભારત ખાતે ગત માર્ચના અંતે પૂરા થયેલા ત્રિમાસિકગાળામાં ખાસ કરીને ચોખ્ખું વેચાણ ગત સાલના સમાનગાળાના ૮૫.૩ કરોડ યુરો સામે ૬૯ ટકા ઘટીને ૨૬.૫ કરોડ યુરો અંદાજે રૂ. ૨૩૬૦ કરોડની સપાટીએ રહ્યું હોવાનું કંપનીએ જણાવ્યું હતું. ગત માર્ચ અંતના ત્રિમાસિકગાળામાં મુખ્યત્વે એપીએસી વેચાણમાં તિવ્ર ઘટાડો જોવા મળ્યો છે. ખાસ કરીને એશિયા પેસિફકમાં મોબાઈલ નેટવર્ક અને નેટવર્ક માળખાને કારણે ભારતના ચોખ્ખા વેચાણમાં ઘટાડો થયો છે, જે એક વર્ષ અગાઉના ત્રિમાસિકગાળામાં નોંધપાત્ર જમાવટ પછી આ ક્ષેત્રમાં ફાઈવ-જી રોકાણોના સામાન્યકરણને પ્રતિબિંબિત કરતું હોવાનું નોકિયાએ યાદીમાં જણાવ્યું હતું.

ભારત અને ઉત્તર અમેરિકામાં ખર્ચનું સ્તર નીચું રહેતાં વૈશ્વિક સ્તરે નોકિયાનાં મોબાઈલ નેટવર્કનાં વેચાણમાં ૩૭ ટકા જેટલો ઘટાડો નોંધાયો હોવાનું યાદીમાં જણાવતાં ઉમેર્યું હતું કે ભારતમાં ઓછા ખર્ચની ગતિ ધીમી રહેવાથી વર્ષ ૨૦૨૩નાં પહેલા છમાસિકગાળામાં વેચાણ ઓછું રહ્યું હતું અને આ સ્થિતિ વર્ષભર જળવાઈ રહેવાની શક્યતા નોકિયાના પ્રમુખ અને સીઈઓ પેક્કાએ જણાવ્યું હતું.

## વિશ્વ બજાર પાછળ આયાતી તેલમાં જળવાતી પીછેહઠ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૮૮ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૫૬ રિંગિટ ઘટી આવ્યાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આયાતી તેલના ભાવમાં પીછેહઠ જળવાઈ રહી હતી. વધુમાં ભાવઘટાડાના માહોલમાં હાજર તેમ જ ડાયરેક્ટ ડિલિવરી શરતે વેપાર નિરસ રહેતાં ભાવ વધુ દબાણ હેઠળ આવ્યા હતા, જેમાં ૧૦ કિલોદીઠ ક્રૂડ પામતેલમાં રૂ. ૨૫, સન રિફાઈન્ડ અને સન ક્રૂડમાં રૂ. ૧૦, આરબીડી પામોલિનમાં રૂ. સાત અને સોયા ડિગમમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર ગઈકાલે મોડી સાંજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે અલાનાના અંદાજે ૪૦૦થી ૫૦૦ ટન આરબીડી પામોલિનના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૪૨માં થયા હોવાથી આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે કોઈ વેપાર નહોતા. જોકે આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના જેએનપીટીથી ડિલિવરી શરતે રૂ. ૯૫૦, મેંગ્લોરથી ડિલિવરી શરતે રૂ. ૯૩૫ અને કંડલાથી રૂ. ૯૪૫ ક્વૉટ થઈ રહ્યા હતા. આ સિવાય લિબર્ટીના સન રિફાઈન્ડના રૂ. ૯૭૦ અને રૂચીના સોયા રિફાઈન્ડના રૂ. ૯૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૯૬૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. જોકે, આજે માત્ર સેલરિસેલમાં આરબીડી પામોલિનના છૂટાછવાયા વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૩૫થી ૯૩૮ આસપાસના મથાળે થયા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૯૩૫, ક્રૂડ પામતેલના રૂ. ૮૯૫, સોયા રિફાઈન્ડના રૂ. ૯૪૫, સોયા ડિગમના રૂ. ૯૦૦, સન રિફાઈન્ડના રૂ. ૯૩૫, સન ક્રૂડના રૂ. ૮૬૫, સિંગતેલના રૂ. ૧૫૧૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૯૮૫ અને સરસવના રૂ. ૧૦૩૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડ અને સિંગતેલના વેપાર અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૯૩૦થી ૯૩૫માં અને રૂ. ૧૪૭૫માં તથા તેલિયા ટીનના ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૬૦માં થયાના અહેવાલ હતા.

# રૂપાલાનું કાર્ય દુશાસન જેવું: ધાનાણીની સભામાં દૂધાતના આકરાં વેણ

## ક્ષત્રિય સમાજની મહિલાઓને ધાનાણીનો ટેકો






તસવીરો: પ્રવિણ સેદાણી રાજકોટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:ગુજરાતમાં ૭મી મેના રોજ યોજાનારી ૨૬ બેઠકની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાનો શુક્રવારે છેલ્લા દિવસે રાજકોટ બેઠક પરથી કૉંગ્રેસના નેતા પરેશ ધાનાણીની ઉમેદવારી ટાણે યોજાયેલી જાહેર સભામાં રૂપાલાના વિવાદાસ્પદ નિવેદનથી રોષે ભરાયેલા ક્ષત્રિય સમાજની મહિલાઓએ ધાનાણીને ટેકો જાહેર કરીને વિજયી ભવના આશીર્વાદ આપ્યાં હતા. બીજી બાજુ આ સભામાં હાજર રહેલા કૉંગ્રેસના નેતા પ્રતાપ દુધાતે જણાવ્યું હતું કે, વાણીવિલાસ કરનારા પર રૂપાલાનું કાર્ય દુશાસન જેવું છે. રૂપાલા અંગે કરેલા આ નિવેદન અંગે ભાજપે પણ આકરી પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, કૉંગ્રેસ પરાજય ભાળી બેફામ બોલે છે.

રાજકોટ લોકસભા બેઠકથી કૉંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ શુક્રવારે ઉમેદવારી પત્ર ભરતા પહેલા બહુમાળી ભવન ચોક પાસે રેસકોર્સના મેદાનમાં જાહેરસભા યોજી હતી. પરેશ ધાનાણી સભાસ્થળે પહોંચતા ક્ષત્રિયાણીઓએ તિલક અને પાઘડી પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ જાહેરસભામાં શક્તિસિંહ ગોહિલ, પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત અને નયનાબા જાડેજા સહિત કૉંગ્રેસના અનેક દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા.

આ દરમિયાન પ્રતાપ દુધાતે પરશોત્તમ રૂપાલાની સરખામણી દુશાસન સાથે કરતા કહ્યું હતું કે, વાણીવિલાસ કરનારા પર રૂપાલાનું કાર્ય દુશાસન જેવું છે. રૂપાલાએ ગુજરાતની અસ્મિતાનું અપમાન કર્યું. અપમાન છતા રૂપાલાએ ટિકિટ પરત ન ખેંચી. ભાજપના અહંકારને જનતા જવાબ આપશે.

દરમિયાન કૉંગ્રેસ નેતા પ્રતાપ દૂધાતના નિવેદન અંગે રાજકોટ ભાજપના નેતા રાજુ ધ્રુવે કહ્યું હતુ કે, કૉંગ્રેસ વિવેક ભૂલી જાય છે તો રૂપાલાને ગાળો આપવી હોય તો આપો પણ પરષોતમ રૂપાલા વધુ મજબૂત થશે,તો કૉંગ્રેસ પરાજય ભાળી બેફામ બોલે છે.

અત્રે ઉલ્લેખનિય છે કે, અગાઉ પરેશ ધાનાણીએ વિધાનસભા ચૂંટણીમાં ભાજપના ત્રણ દિગ્ગજ નેતાને હરાવ્યા હતા. અમરેલી વિધાનસભા બેઠક પર પરષોત્તમ રૂપાલા (૨૦૦૨), દિલીપ સંઘાણી (૨૦૧૨) અને બાવકુ ઉંધાડ (૨૦૧૭)ને પણ ધાનાણીએ હરાવ્યા હતા. ત્યારે હવે વર્ષ ૨૦૦૨માં રૂપાલાને હરાવનારાં ધાનાણી રાજકોટ લોકસભા બેઠક પરથી ફરીથી આમને સામને ચૂંટણી લડી રહ્યાં છે. ■

# રાજકોટમાં ભાજપના કાર્યાલય પર હુમલાનો પ્રયાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં રૂપાલાના વિવાદની આગ હજી શમી નથી. રાજ્યમાં વિવિધ શહેરોમાં હજી પણ રૂપાલાનો વિરોધ થઈ રહ્યો છે. રાજકોટ વિધાનસભાના કાર્યાલય પર તોડફોડ કરવા માટે કેટલાક શખસો આવી પહોંચ્યા હતા. યુવકોએ કાર્યાલય પર પથ્થર ફેંકવાનો અને તોડફોડ કરવાનો પ્રયાસ કર્યો હતો.

રાજકોટ વિધાનસભા ૭૧ના કાર્યાલય પર મોટો હુમલો થતા રહી ગયો હતો. કેટલાક અસામાજિક તત્વો દ્વારા કાર્યાલયને તોડફોડ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કાર્યલય ઉપરના બિલ્ડિંગ પરથી પથ્થરો ફેંકવાનો પ્રયાસ કરાયો હતો.

કાર્યાલય પર કારમાં આવેલ કેટલાક શખસો તોડફોડ કરવા પહોંચી ગયા હતા. જોકે યુવકો તોડફોડ કરે તે પહેલાં પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને યુવકોનો હુમલાનો પ્રયાસ અસફળ બનાવ્યો હતો. પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. બીજી તરફ, તાપી જિલ્લામાં ક્ષત્રિય સમાજનો વિરોધ યથાવત્ છે. પુરુષોત્તમ રૂપાલાનું પૂતળું બનાવી ગામના સીમાડે પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું. વાલોડ તાલુકાના શાહપોર ગામના મહિલા અને પુરુષો દ્વારા વિરોધ કરાયો હતો. રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરવાની માંગ સાથે વિરોધ કરવામાં આવ્યો હતો. રૂપાલાના પૂતળાનું દહન કરી ભાજપની પ્રવેશબંધી બેનરો લગાવાયા હતા, તેમજ પરષોત્તમ રૂપાલાના વિરોધમાં સૂત્રોચ્ચાર કરી વિરોધ કરવામાં આવ્યો હતો. ■

# વિશાળકાય ઑસ્ટ્રેલિયન ઈમુ પક્ષી ભુજના રસ્તા પર જોવા મળ્યું !

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: માત્ર ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડમાં જ જોવા મળતું અને એક ડગલામાં ૯થી ૧૦ ફૂટનું અંતર કાપીને ચાલતું શાહમૃગ પછીનું દુનિયાનું સૌથી મોટું ઇમુ નામનું યાયાવર પક્ષી આગવી વન્યજીવ સંપદા ધરાવતા ભાતીગળ પ્રદેશ કચ્છના મુખ્ય મથક ભુજના મોટા પીર તરફ જતા રસ્તા પર દોડતું જોવા મળતાં સૌ કોઈ અચંબામાં મુકાઈ ગયા છે.

શાહમૃગ જેવા દેખાતાં ઇમુ પક્ષીને પાંખો હોય છે, પરંતુ તે ઊડી શકતું નથી પરંતુ એક પગલામાં ૧૦ ફૂટના અંતર સાથે પૂર ઝડપે દોડી શકે છે, તેના શરીર પર ભૂરા, રાખોડી અને કાળા રંગ જોવા મળે છે, સર્વભક્ષી ઇમુ પક્ષીનો જીવનકાળ ૧૨થી ૨૦ વર્ષ સુધીનો માનવામાં આવે છે, જો કે, જંગલમાં માત્ર ૫થી ૧૦ વર્ષ જ જીવી શકે છે. ૩૦થી ૪૦ કિલો વજન ધરાવતા ઇમુના પગ લાંબા અને ગરદન ઊંચી હોય છે. લાત મારીને નાના કદના પ્રાણીઓના શિકાર કરતા ઇમુના મુખ્ય શિકારી ડીંગો, ગરુડ અને બાજ છે.

ભુજમાં જોવા મળેલું અને રાહદારીઓના કેમેરામાં કેપ્ચર થયેલું અંદાજિત છ ફૂટ લાંબું અને મૂળ ઓસ્ટ્રેલિયાનું વતની ઇમુ પક્ષી પાલતુ હોવાની આશંકા નાયબ વન અધિકારી યુવરાજસિંહ ઝાલાએ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ઇંડાં આપતાં આ પક્ષીનો મરઘી જેમ ઉછેર કરવો શક્ય છે અને આ પક્ષી વન વિભાગના કાર્યક્ષેત્રમાં આવતું નથી. કોઈએ ઓસ્ટ્રેલિયાથી ઈંડું લાવીને તેને ભુજમાં પોતાના ઘરે ઉછેર્યું હોય અને ઘરમાંથી તક જોઈને નાસી છૂટ્યું હોય તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. ગુજરાતના પાડોશી રાજ્ય રાજસ્થાનના એક ફાર્મમાં ‘ઈમુ’ આવ્યા હોવાના દાખલા નોંધાયેલા છે પણ રણપ્રદેશ કચ્છમાં આ પક્ષીને ક્યારે પણ જોયું ન હોવાનું જાણીતા પર્યાવરણ વિદ જુગલકિશોર તિવારીએ કહ્યું હતું, તેવી જ રીતે પક્ષીવિદ નવીનભાઈ બાપટે પણ ભુજમાં દેખાયેલા ઇમુ પક્ષીને પાલતુ ગણાવીને સુખદ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું અને ભુજમાં તે જ્યાં જોવા મળ્યું એ વિસ્તારમાં તેની વ્યાપક શોધખોળ કરવામાં આવે અન્યથા તે કદાચ જીવિત નહિ બચે તેવો ભય વ્યક્ત કર્યો હતો. ■

# માધવપુરનો મેળો ભારતની વિવિધ ભાષા, વેશભૂષા, ભોજન અને ભૂગોળનો સમન્વય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પોરબંદરના માધવપુર ગામએ રામનવમીને દિવસે શરૂ થયેલો માધવપુરનો મેળો હવે એકદમ ખાસ બન્યો છે. ગુજરાત જ નહીં પરંતુ ત્રિપુરા, નાગાલેંડ, મિઝોરમ,સિક્કિમ, આસામથી આવેલા મહેમાનો આ મેળાને એકદમ ખાસ અને રસપ્રદ બનાવે છે. આ મેળામાં ભાષા, વેશભૂષા, ભજન, ભૂગોળ અને ભોજનનો સમન્વય થાય છે. તેને આપણે સંસ્કૃતિ ગણીએ છીએ. આ તમામ બાબતોનો સમન્વય માધવપુરના મેળામાં હાલ જોવા મળી રહ્યો છે.

પોરબંદરના માધવપુર ગામ પર આવેલો વિશ્વ વિખ્યાત મેળો જે વિવિધ સંસ્કૃતિનું વર્ણન કરે છે, જેમાં વેશભૂષા, નૃત્ય, સંગીત, આહાર વગેરે જોવા મળે છે. મેળામાં ત્રિપુરા, નાગાલેંડ, મિઝોરમ, સિક્કિમ, આસામથી આવેલા કલાકારોએ ત્યાંની હસ્તકળા વેશભૂષા અને સંગીતબદ્ધ નૃત્ય પ્રદર્શિત કર્યું હતું. મહત્ત્વનું છે કે, મેળામાં આવેલા વિવિધ સ્ટોલ પર વિવિધ રાજયોની કલાકૃતિનું પ્રદર્શન કરી રહ્યા છે જેમાં હસ્તકળા હાટમાં વાંસમાથી બનેલા વાસણો, શોપીસ, મૂર્તિ, કપડાં, પર્સ, આભૂષણો, અથાણાં એવી એકદમ નેચરલ વસ્તુઓનું વહેચાણ થાય છે. જેમની કિંમત ૪૦૦ રૂપિયાથી લઇ અને ૬૦૦૦ રૂપિયા જેવી જોવા મળી રહી છે.

માધવપુરમાં ગુજરાત રાજ્યના વિવિધ પંથકમાથી આવેલા લોકો પોતાની કળાનું પ્રદર્શન કરી રહ્યા છે, જેમાં ગુજરાતનાં ગરબા બધા લોકોનું ધ્યાન ખેચે છે. ચણિયાચોળી, ડ્રેસ મટિરિયલ, હાથની બનાવટ વાળા આભૂષણો, ઘરના સુશોભન માટેની વસ્તુઓ જેમકે તોરણ, ટોડલિયા, ચાકડા, ટેબલના રૂમાલ, ઉનના રૂમાલ, બેગ અને કચ્છી શાલ, ધાબળા, ચણિયાચોળી, સાળી વગેરે જેવી કળા અહીં જોવા મળે છે. આ ઉપરાંત મેળામાં જીવંતમાં સામે જ ગમતી વસ્તુઓ જેવી કે ગુજરાતમાં શાલ, સાળી, ડ્રેસ મટિરિયલ કેવી રીતે બનાવવામાં આવે છે. એ પણ અહીં દર્શાવવામાં આવે છે, જેથી લોકોને પણ ભરતકામ, કચ્છીકામ, ઉનની વણાટનું કામ જોવા-જાણવા અને શિખવા મળે છે. ■

# ચોટીલા વિદેશી દારૂ કેસના મહારાષ્ટ્રના આરોપીની જામીન અરજી નામંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરેન્દ્રનગર જિલ્લા પોલીસે દારૂ-બિયર સહિત રૂ. ૧૭.૨૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો, ડ્રાઈવર, દારૂ મોકલનાર, મંગાવનાર, ટ્રક માલિક સહિત પાંચ સામે ફરિયાદ નોંધાઈ હતી

ચોટીલા હાઈવે પરથી દારૂ ભરેલ ટ્રક નીકળનાર હોવાની બાતમી મળતા પોલીસે વોચ રાખી હતી. જેમાં રાજકોટ તરફ જતા ટ્રકને રોકી તપાસ કરતા તેમાં સોયાબીજના તેલની આડમાં દારૂ લઈ જવાતો હતો. પોલીસે દારૂ, બિયર અને ટ્રક સહિતના મુદ્દામાલ સાથે એકની ધરપકડ કરી પાંચ વિરુદ્ધ ફરિયાદ નોંધી હતી. આ કેસમાં બાદમાં દારૂ ભરી આપનાર શખસ પકડાયો હતો. આ શખ્સે જેલવાસ દરમિયાન જામીન પર મુકત થવા કરેલી અરજી કોર્ટે નામંજૂર કરી હતી.

આ કેસની વિગત મુજબ ચોટીલા પોલીસે સફેદ મહોરાવાળા ટ્રકમાં વિદેશી દારૂ અમદાવાદથી રાજકોટ તરફ જતો હોવાની વિગત મળી હતી. આથી પોલીસે વોચ રાખી હતી. બાતમીવાળો ટ્રક આવતા તેને રોકી તપાસ કરાઈ હતી, જેમાં ટ્રક ચાલકની પૂછપરછ કરતા ટ્રકમાં સોયાબીનનું તેલ હોવાનું જણાવી બીલટી પણ દર્શાવાઈ હતી. જ્યારે પોલીસે તપાસ કરતા ટ્રકમાંથી દારૂની ૧૬૮૦ બોટલ અને બિયરના ૫૮૮૦ ટીન મળવ્યા હતા. પોલીસે ટ્રક ડ્રાઈવર મહારાષ્ટ્રના ૪૨ વર્ષીય હનુમંત દત્તુ શીંદેની રૂ. ૬,૩૦,૦૦૦નો દારૂ, રૂ. ૫,૮૮,૦૦૦ના બિયરના ટીન અને ટ્રક સહિત રૂ. ૧૭.૨૩ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી હતી. જ્યારે દારૂ મોકલનાર, ટ્રક ચાલક અને દારૂ મંગાવનાર સહિત પાંચ સામે ચોટીલા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ કેસમાં પોલીસે દારૂ ભરી આપનાર મુંબઈના રાહુલ શીવાજી અગતરાવની ધરપકડ કરી હતી. જેલવાસ ભોગવતા આરોપીએ સુરેન્દ્રનગર કોર્ટમાં જામીન પર મુકત થવા અરજી કરી હતી. આ અરજીની સુનાવણી થતા સરકારી વકીલે દલીલો કરતા જણાવ્યું હતું કે, આરોપીએ ગુજરાત જેવા પ્રતીબંધિત વિસ્તારમાં દારૂ ઘુસાડવાનું કામ કર્યુ છે. આરોપી બીજા રાજયનો છે. જો તેને જામીન અપાય તો તે ફરાર થઈ જશે. આ ઉપરાંત આ કેસના અન્ય આરોપીઓ પણ પકડવાના બાકી છે. આથી સુરેન્દ્રનગર ત્રીજા એડીશનલ સેશન્સ જજે અરજદાર આરોપી રાહુલ શીવાજી અગતરાવની જામીન પર મુકત થવાની અરજી નામંજૂર કરી હતી. ■

# અમરેલીના એમ્બ્યુલન્સ ચાલકોને કમિશન ચૂકવાતું હોવાનું કૌભાંડ ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટની અનેક હૉસ્પિટલો દ્વારા અમરેલીથી રીફર કરાયેલા દર્દીઓને પોતાની હૉસ્પિટલ લાવવા માટે રૂ. ૫૦૦થી રૂ. ૧૧ હજાર સુધીનુ કમિશન ચૂકવાતું હોવાનું કૌભાંડ ઝડપાયું હતું. હૉસ્પિટલોની આંતરિક હરિફાઇમાં આ ઘટના બહાર આવતા સિવિલ સત્તાવાળાઓએ આ મુદ્દે તપાસ શરૂ કરી હતી.

રાજકોટની એક હૉસ્પિટલના પીઆરઓએ કમિશનખોરીના આ ધંધાનો પર્દાફાશ કર્યો હતો. અગાઉ અમરેલી સિવિલમાંથી એમ્બ્યુલન્સના ડ્રાઇવરો દર્દીઓને તેની હૉસ્પિટલમાં લઇ જતા હતા. અને પોતે ગુગલ પેથી એમ્બ્યુલન્સના ડ્રાઇવરોને કમિશન ચુકવતો હતો, પરંતુ હાલમા ડ્રાઇવરોને અન્ય હૉસ્પિટલ વધુ કમિશન આપતી હોવાથી દર્દીઓને ત્યાં લઇ જવાય છે. પોતાની હૉસ્પિટલમા આવતા દર્દીઓની સંખ્યા ઘટતા તેણે અગાઉ ડ્રાઇવરોને ગુગલ પેથી ચુકવાયેલી રકમો અંગેના સ્ક્રીનશોટ વાયરલ કર્યા હતા. જોકે અન્ય હૉસ્પિટલનો ભાંડો ફોડવા જતા ખુદ તેણે પોતાની હૉસ્પિટલનો પણ ભાંડો ફોડી નાખ્યો હતો.

સિવિલ હૉસ્પિટલ પાસે સાત એમ્બ્યુલન્સ છે અને અહીથી મહદઅંશે દરેક દર્દીને રાજકોટ સિવિલમા રીફર કરાય છે. જેના માટે ટ્રસ્ટ ભાડુ પણ વસુલે છે, પરંતુ રસ્તામા આ ડ્રાઇવરો પોતાને મળનારા કમિશનની લાલચમા કઇ કઇ હૉસ્પિટલમાં ન જવુ જોઇએ અને કયાં જવુ જોઇએ તેની સમજાવટ કરી નિશ્ચિત હૉસ્પિટલમાં જવા જ મનાવી લે છે. અને તે હૉસ્પિટલમાં દર્દી પહોંચે તે સાથે જ ડ્રાઇવરના ખાતામા ઊભા ઊભા કમિશન ચુકવી દેવાય છે. પોતાની નાની રકમની લાલચમાં આ ડ્રાઇવરો ગરીબ દર્દીઓને પણ લુંટારુ હૉસ્પિટલમાં ધકેલી લાખોમા ઉતારી દે છે.

આવી નિશ્ચિત હૉસ્પિટલ દ્વારા માત્ર અમરેલી નહી પરંતુ સૌરાષ્ટ્રના અન્ય વિસ્તારમાથી આવતી એમ્બ્યુલન્સના ચાલકોને આ જ રીતે રકમ ચુકવાઇ છે. આ મામલો સિવિલ હૉસ્પિટલ સહિતના મેડિકલ કૉલેજના સંચાલકો સુધી પહોંચતા તમામ ડ્રાઇવરોને એકસાથે બોલાવી આ મુદ્દે તપાસ શરૂ કરવામાં આવી હતી. સિવિલના એમ્બ્યુલન્સ ચાલકો પ્રસૂતા મહિલાની સાથે એક જ વ્યક્તિને બેસવા દે છે. બીજી વ્યક્તિ બેસે તો વધારાના રૂ. ૨૦૦ વસૂલી ખિસ્સામાં મૂકી દે છે. જ્યારે અન્ય કિસ્સામા બે કે તેથી વધુ વ્યકિત હોય તો તેનુ ગેરકાયદે ભાડુ વસુલે છે. ■

# વેરાવળમાં લગ્ન પ્રસંગના જમણવારમાં ૨૫૦ને ફૂડ પોઈઝનિંગ આરોગ્ય કેન્દ્રમાં બેડ ખૂટી પડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળ તાલુકામાં આવેલા માથાસુરિયા ગામે લગ્ન પ્રસંગ હોવાથી તાલાલાના લાડુડી ગામેથી જાન આવી હતી. લગ્ન પ્રસંગના જમણવાર બાદ અચાનક માંડવિયા અને જાનૈયાઓની ઝાડા-ઊલટીની વ્યાપક ફરિયાદ ઊઠી હતી. જેથી ૨૫૦થી વધુ લોકોને તાત્કાલિક સારવાર માટે હૉસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.

સૂત્રોના જણાવ્યા મુજબ વેરાવળમાં માથાસુરિયા ગામે દીકરીનો લગ્ન પ્રસંગ હતો અને તાલાલા તાલુકાના લાડુડી ગામેથી જાન આવી હતી. લગ્ન પ્રસંગના જમણવાર બાદ માંડવિયા અને જાનૈયાઓને અચાનક ઝાડા-ઊલટી થવા લાગી હતી. જેથી ફૂડ પોઇઝનિંગના અસરગ્રસ્ત વ્યક્તિઓને કોડીદ્રા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પંડવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમ જ તાલાલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર અપાવવામાં આવી હતી. એકસાથે ફૂડ પોઈઝનિંગના દર્દીઓ આવી પડતા હૉસ્પિટલમાં બેડ પણ ખૂટી પડ્યા હતા અને તાલાલા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં બાંકડા ઉપર અને જમીન ઉપર લોકોને સારવાર આપવાની ફરજ પડી હતી. તમામની તબિયત તંદુરસ્ત હોવાનું આરોગ્ય વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતુ. પ્રાથમિક અનુમાન મુજબ જમણવારમાં છાસમાં કોઈ ઝેરી અસર હોવાના કારણે તમામ લોકોને અસર પહોંચી હોવાનું પ્રાથમિક તપાસમાં જણાવ્યું હતું. ફૂડ વિભાગ દ્વારા લગ્ન પ્રસંગના જમણવારમાં રાખેલા શીખંડ અને છાસના સેમ્પલ લઈ લેબ પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યાં હતા. ■

# ગેરકાયદેસર હથિયાર ધારણ કરી સોશિયલ મીડિયામાં ફોટો અપલોડ કરનાર શખસ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પોલીસ ઈન્સ્પેકટર એચ.જે. ભટ્ટના માર્ગદર્શન હેઠળ સોશિયલ મીડિયામાં હથિયાર સાથે ફોટો અપલોડ કરનાર શખસની તપાસ કરી પકડીને ફોટો અપલોડ કરનાર શખસનું નામ ઠામ પુછતા તેણે પોતાનું નામ રાકેશભાઈ ઉર્ફે રાહુલભાઈ નવઘણભાઈ ઝીંઝુવાડીયા (ચુ.કોળી) ઉં.વ.૩૧, ધંધો કલરકામ/મજૂરી રહે. હનુમાન પરા, ટી.બી. હૉસ્પિટલની પાછળ સુરેન્દ્રનગર મુળ રહે. તરમણીયા તા. લખતર જિ. સુરેન્દ્રનગરવાળા હોવાનું જણાવ્યું હતું. પોતે ફોટામાં ધારણ કરેલું હથિયાર પોતાના સબંધી શંકરભાઈ રૂપાભાઈ ઉદેશા જાતે ચુ.કોળી (ઉં.વ.૭૦) ધંધો ખેતીકામ રહે. સુજાનગઢ, તા.મુળી, જી. સુરેન્દ્રનગરવાળાનું પરવાનાવાળુ હથિયાર હોવાનું જણાવ્યું હતું.

જેથી રાકેશભાઈ ઉર્ફે રાહુલભાઈ હથિયારનો પરવાનો ધરાવતા ન હોવા છતાં તેમજ પરવાનાધારક શંકરભાઈ પોતાનું પરવાનાવાળુ હથિયાર આ રાકેશભાઈ ઉર્ફે રાહુલભાઈને કબજામાં આપેલું અને રાકેશભાઈ ઉર્ફે રાહુલભાઈએ ઈન્સ્ટાગ્રામ ઉપર હથિયાર સાથે ફોટો અપલોડ કર્યો હતો.

જેથી રાકેશભાઈ ઉર્ફે રાહુલભાઈ ઉર્ફે નવઘણભાઈ ઝીંઝુવાડીયા ચુ.કોળી ઉ.૩૧ ધંધો કલરકામ મજુરી રહે. હનુમાનપરા ટીબી હૉસ્પિટલની પાછળ સુરેન્દ્રનગર મુળ રહે. તરમણીયા તા. લખતર જિ. સુરેન્દ્રનગર શંકરભાઈ રુપાભાઈ ઉદેશા જાતે ચુ.કોળી (ઉં.વ.૭૦) ધંધો ખેતીકામ રહે. સુજાનગઢ તા.મુળી જી. સુરેન્દ્રનગરવાળા સામે મુળી પોલીસ સ્ટેન ખાતે ગુનો નોંધ્યો છે. ■

# સૌરાષ્ટ્ર યુનિ.માં બીસીએ સેમ-૪નું પેપર લીક થયાનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: લોકસભાની ચૂંટણી વચ્ચે ગુજરાતમાં ફરી એકવાર પેપર ફૂટવાની ઘટના બની હોવાનો આક્ષેપ વિદ્યાર્થી નેતા યુવરાજસિંહે લગાવ્યો છે. વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં બીસીએ સેમ-૪નું પેપર લીક થયો હોવાનો આક્ષેપ કર્યો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા અલગ-અલગ કૉલેજોમાં આજે આ પેપર લેવામાં આવ્યું હતું. યુવરાજસિંહનો આરોપ છે કે પરીક્ષાનું પેપર ૧ કલાક અગાઉથી સોશિયલ મીડિયામાં વાયરલ થયું હતું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં બીસીએના સેમિસ્ટર-૪માં ૧૯ તારીખે સવારે ૧૦.૩૦ વાગ્યે પેપર હતું, ઓપરેટિંગ સિસ્ટમ કોન્સેપ્ટ્સ વિથ યુનક્સ/લિનક્સ જે લીક થયું હતું. યુવરાજસિંહ જાડેજાએ પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યું હતું કે,૯.૩૦ વાગ્યે જ પેપર સોશિયલ મીડિયામાં વાયરલ થયું હતું. ૧૮ તારીખે જે પરીક્ષા હતી વેબ સર્ચિંગ ટેકનોલોજી એન્ડ ઓપ્ટીમાઈઝ, ૧૬ તારીખે જે પરીક્ષા હતી પ્રોગ્રામિંગ વિથ સીપ્લસ આ ટાઈમ ટેબલ પ્રમાણે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા અલગ-અલગ કૉલેજોમાં પરીક્ષા લેવાનાર હતી. તેના પણ પેપર લીક થયા હતા. આ સાથે યુવરાજસિંહે પેપર લીક થયાના પુરાવા પણ રજૂ કર્યા હતા.

યુવરાજસિંહ જાડેજાએ વધુમાં ઉમેર્યું કે, વોટ્સએપમાં લખાણવાળા જે પ્રશ્નો ફરતા થયા છે, તેને અમે પેપરની સાથે મેચ કર્યા છે. લખાણમાં જે સ્પેલિંગ ભૂલો હતી તે જ પ્રિન્ટ થયેલા પેપરમાં પણ છે. હું એમ નથી કહેતો કે આજનું પેપર લીક થયું. ગત રોજનું જે પેપર હતું તે પણ ૯.૩૨ મિનિટે સોશિયલ મીડિયાના વિદ્યાર્થીઓના ગ્રૂપમાં શેર કરાયું હતું. અમે આજે વિદ્યાર્થી સંગઠનોને મળ્યા હતા, તેમના દ્વારા જ આ માહિતી આપવામાં આવી છે. વિદ્યાર્થીઓની આ માહિતીને અમે સંપૂર્ણ રીતે ક્રોસ વેરિફાઈ કરી છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના રજિસ્ટ્રાર રમેશ પરમારે જણાવ્યું હતું કે અમારી સિસ્ટમ ફૂલ પ્રૂફ છે, પ્રોફેસરનું આઇડી અને બાયોમેટ્રિક કરી પેપર ખોલવામાં આવે છે, ૯૦ મિનિટ પહેલા પેપર ખોલવાની મંજૂરી આપવામાં આવે છે, કોણે અને ક્યારે પેપર ખોલ્યું એ અમારા રેકોર્ડ આવે છે, માહિતી આવશે તે મુજબ આ અંગે તપાસ કરવામાં આવશે, ૩૫૦૦૦ છાત્રોની સંખ્યાનો દાવો ખોટો છે, મીડિયા દ્વારા જાણવા મળ્યું કે હાથથી લખેલું પેપર છે, હકીકત સામે આવ્યા બાદ ફોજદારી કાર્યવાહી કરીશું, આ ઘટનામાં અનુમાન ન લગાવી શકીયે. ■

# જૂનાગઢમાં મનપાએ જર્જરિત બિલ્ડિંગોને નોટિસો ફટકારી

અમદાવાદ: જૂનાગઢ મનપા વિસ્તારમાં આવેલી જર્જરિત મિલ્કતોને ઉતારી લેવા અથવા તેને રીપેરીંગ કરવા જૂનાગઢ મનપા દ્વારા તાકીદ કરવામાં આવી રહી છે અને નોટિસો પાઠવવામાં આવી રહી છે, જેમાં ૧૦ દિવસનો સમયગાળો અપાયો છે. જો ૧૦ દિવસમાં જર્જરિત બિલ્ડિંગો, મકાનો દૂર કરવામાં નહીં આવે તો મનપા આવી મિલકતોને દૂર કરશે અને તેનો ખર્ચ જે તે મિલ્કતધારકો પાસેથી વસૂલ કરવામાં આવશે. જૂનાગઢ મનપા વિસ્તારમાં અસંખ્ય જર્જરિત ઇમારતો આવેલી છે. નોટિસમાં જણાવ્યા મુજબ આવી ભયજનક, જોખમી જર્જરિત બાંધકામો કે બાંધકામના ભાગોને જીપીએમસી એકટની જોગવાઇ મુજબ દૂર કરવાના રહેશે. તેને રીપેરિંગ કરવાના રહેશે જે કામગીરી ૧૦ દિવસમાં કરવાની રહેશે. જો તેમ કરવામાં નહીં આવે તો આવી જોખમી મિલ્કતો-બાંધકામો મનપા દ્વારા દુર કરાશે અને તેનો થતો તમામ ખર્ચ જે તે મિલ્કતધારકો જમીન, મકાન માલીક પાસેથી વસૂલવામાં આવશે. ■

# ઉનાળુ વેકેશનમાં રાજકોટ-બરૌની અને રાજકોટ-મહબૂબનગર સ્પે. ટ્રેનો દોડશે

અમદાવાદ: મુસાફરોની સુવિધા માટે, પશ્ચિમ રેલવેએ રાજકોટ-બરૌની (બિહાર રાજ્ય) અને રાજકોટ-મહબૂબનગર (તેલંગણા રાજ્ય) વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. આ સ્પેશિયલ ટ્રેનોની વિગતો આ મુજબ છે. ટ્રેન નંબર ૦૯૫૬૯/૦૯૫૭૦ રાજકોટ-બરૌની સ્પેશિયલ (સાપ્તાહિક) (૨૦ ટ્રિપ્સ) ટ્રેન નંબર ૦૯૫૬૯ રાજકોટ-બરૌની સ્પેશિયલ રાજકોટથી ૨૬ એપ્રિલ ૨૦૨૪થી ૨૮ જૂન ૨૦૨૪ સુધી દર શુક્રવારે રાજકોટથી ૧૨.૫૦ કલાકે ઉપડશે અને રવિવારે ૩.૩૦ કલાકે બરૌની પહોંચશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૯૫૭૦ બરૌની-રાજકોટ સ્પેશિયલ ૨૮ એપ્રિલ ૨૦૨૪થી ૩૦ જૂન ૨૦૨૪ દરમિયાન દર રવિવારે બરૌનીથી ૧૩.૪૫ કલાકે ઉપડશે અને મંગળવારે ૦૫.૫૦ કલાકે રાજકોટ પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં વાંકાનેર, સુરેન્દ્રનગર, અમદાવાદ, નડિયાદ, આણંદ, છાયાપુરી, રતલામ, શામગઢ, ભવાની મંડી, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના, ફતેહપુર સીકરી, આગ્રાનો કિલ્લો, ટુંડલા, ગોવિંદપુરી, પ્રયાગરાજ, પંડિત દીન દયાલ ઉપાધ્યાય, બક્સર, અરાહ, દાનાપુર, પાટલીપુત્ર અને હાજીપુર સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ જનરલ કોચ હશે. ટ્રેન નંબર ૦૯૫૭૫/૦૯૫૭૬ રાજકોટ-મહબૂબનગર સ્પેશિયલ (સાપ્તાહિક) (૨૦ ટ્રિપ્સ) ટ્રેન નંબર ૦૯૫૭૫ રાજકોટ-મહબૂબનગર સ્પેશિયલ ૨૨ એપ્રિલ ૨૦૨૪થી ૨૪ જૂન ૨૦૨૪ દરમિયાન દર સોમવારે ૧૩.૪૫ કલાકે રાજકોટથી ઉપડશે અને બીજા દિવસે ૧૯.૩૫ કલાકે મહેબુબનગર પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૯૫૭૬ મહબૂબનગર-રાજકોટ સ્પેશિયલ ૨૩ એપ્રિલ ૨૦૨૪થી ૨૫ જૂન ૨૦૨૪ દરમિયાન દર મંગળવારે મહબૂબનગરથી ૨૧.૩૫ કલાકે ઉપડશે અને ગુરુવારે ૦૫.૦૦ કલાકે રાજકોટ પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં વાંકાનેર, સુરેન્દ્રનગર, અમદાવાદ, નડિયાદ, આણંદ, વડોદરા, સુરત, નંદુરબાર, જલગાંવ, ભુસાવલ, અકોલા, વાશીમ, હિંગોલી, બસમત, પૂર્ણા, નાંદેડ, મુદખેડ, ધર્માબાદ, બસર, નિઝામાબાદ, કામરેડ્ડી, મેડચલ, કાચીગુડા, શાદનગર અને જડચરલા સ્ટેશનો પર રોકાશે. ■